CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 09

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 116, Dt. 16-09-2026 (WEDNESDAY) Rs. 02/- Page : 29, RNI No. GUJGUJ/2023/84789

**કર્ણાટક ગૃહમંત્રી પ્રિયંક ખડગેનું નિવેદન**

# ભાજપ નેતાઓ 'ટેલિપ્રોમ્પ્ટર' વગર વંદે માતરમ ગાઈને બતાવે

## મોઢે આખુ વંદે માતરમ ગાઈને બતાવે તો હું રાજીનામું આપી દઈશ : પ્રિયંક ખડગે

**સિટી ન્યૂઝ@બેંગ્લુરુ**

કર્ણાટકના ગૃહમંત્રી અને કોંગ્રેસ નેતા પ્રિયંક ખડગેએ સરકારી કાર્યક્રમોમાં વંદે માતરમના પહેલા ૨ અંતરા ગાવાના નિર્ણયનો બચાવ કર્યો છે. તેમણે ભાજપના નેતાઓ બીવાય વિજયેન્દ્ર અને આર. અશોકને પડકાર ફેંક્યો કે તેઓ ટેલિપ્રોમ્પ્ટર કે કાગળ જોયા વિના વંદે માતરમના તમામ અંતરા ગાઈને બતાવે. ખડગેએ કહ્યું કે જો તેઓ આવું કરશે તો તેઓ રાજીનામું આપી દેશે.

જોકે, કર્ણાટક સરકારે સરકારી કાર્યક્રમોમાં વંદે માતરમના પહેલા ૨ અંતરા ગાવાનો આદેશ આપ્યો હતો. જ્યારે, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૯ જુલાઈએ નિર્દેશ આપ્યો હતો કે રાષ્ટ્રગાન જન-ગણ-મન સાથે વંદે માતરમના તમામ ૬ અંતરા ગાવામાં આવે.

કોંગ્રેસ વર્કિંગ કમિટીએ ૧૯ ઓગસ્ટે વંદે માતરમને લઈને ૧૯૩૭ના પોતાના પ્રસ્તાવનું પાલન કરવાનો નિર્ણય કર્યો. આ પ્રસ્તાવ હેઠળ પાર્ટીના કાર્યક્રમોમાં



રાષ્ટ્રગીતના ફક્ત ૨ પંક્તિઓ ગવાય છે. કમિટીએ જાહેરાત કરી હતી કે પાર્ટી પોતાના તમામ કાર્યક્રમોમાં વંદે માતરમના ૬ માંથી ફક્ત શરૂઆતની બે પંક્તિઓ ગાશે. આ નિર્ણય ૧૫ ઓગસ્ટે કોંગ્રેસ મુખ્યાલયમાં વંદે માતરમના ગાયનને લઈને થયેલા વિવાદ બાદ આવ્યો.

કોંગ્રેસનો આ નિર્ણય ભાજપના તે આરોપો પછી આવ્યો હતો, જેમાં ભાજપે કોંગ્રેસના નેતાઓ પર પાર્ટી કાર્યક્રમોમાં વંદે માતરમનું પૂરું સંસ્કરણ ન ગાઈને તેનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો હતો. ૨૪ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ બંધારણ સભાએ 'વંદે માતરમ'ને રાષ્ટ્રીય ગીત જાહેર કર્યું હતું. લાંબા સમય સુધી તેના અપમાન પર કોઈ અલગ કાયદો ન હતો, પરંતુ ૨૦૨૬ ના ચોમાસુ સત્રમાં કેન્દ્ર સરકારે 'રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમ' બનાવ્યો. આ કાયદા હેઠળ 'વંદે માતરમ'ના ગાયનને જાણી જોઈને રોકવું, તેમાં અવરોધ ઉભો કરવો અથવા તેનું સાર્વજનિક અપમાન કરવું એ દંડનીય અપરાધ માનવામાં આવ્યો છે. આવું કરવા પર ૩ વર્ષ સુધીની જેલ, દંડ અથવા બંનેની સજાની જોગવાઈ છે. આ વખતે ૧૫ ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસ સમારોહ દરમિયાન પહેલીવાર લાલ કિલ્લાની પ્રાચીર પરથી 'વંદે માતરમ'ના પૂરા ૬ છંદ ગાવામાં આવ્યા.

**સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકી**

# UPI ટેક્સ પરત લેવા રાહૂલ ગાંધીની માંગણી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નવી UPI ચાર્જ વ્યવસ્થા તાત્કાલિક પાછી ખેંચવાની માગ કરી છે. તેમણે આ વ્યવસ્થાને UPI ટેક્સ ગણાવી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. નવી વ્યવસ્થા હેઠળ ૨,૦૦૦થી વધુની કેટલીક વેપારી UPI લેવડદેવડ પર ૦.૪ ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ લાગશે. જોકે, સરકારના જણાવ્યા મુજબ આ ચાર્જ ગ્રાહકો પાસેથી સીધો લેવામાં આવશે નહીં. ૭૫,૦૦૦ કે તેથી વધુની




લેવડદેવડ માટે MDRની મહત્તમ મર્યાદા ૩૦૦ રાખવામાં આવી છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વીડિયો સંદેશ દ્વારા વડાપ્રધાન મોદીને UPI ટેક્સ પાછો ખેંચવાની અપીલ કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે સરકારની નવી UPI વ્યવસ્થાથી દેશના લોકો પર આર્થિક બોજ પડશે અને અમેરિકાને મોટી રકમનો લાભ મળશે.

**ભાજપના બે જૂથમાંથી એક જૂથ ખેલ કરી ગયાની ચર્ચા**

# રાજકોટ જિલ્લા સહકારી સંઘની ચૂંટણી છેલ્લી ઘડીએ રદ


**» તંત્રએ ચૂંટણીનો હૂકમ કર્યો હતો**

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

રાજકોટ જિલ્લા સહકારી સંઘની ચેરમેન, વાઇસ ચેરમેન તથા માનદ મંત્રીની ચૂંટણીને લઈને છેલ્લી ઘડીએ મોટો વળાંક આવ્યો છે. ચૂંટણી માટે અગાઉ ૧૭ સપ્ટેમ્બર, સવારે ૧૧:૩૦ વાગ્યાનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો, જે અંગે જિલ્લા રજિસ્ટ્રાર કચેરી તરફથી સભ્યોને જાણ કરવામાં આવી હતી.

જોકે, હવે ચૂંટણી રદ થતાં સહકારી રાજકારણમાં ચર્ચાનો માહોલ ગરમાયો છે. ચૂંટણી રદ થવા પાછળનું ચોક્કસ કારણ સત્તાવાર રીતે સામે આવવાનું બાકી છે.

બીજી તરફ, ભાજપના બે જૂથ વચ્ચે ચાલી રહેલી આંતરિક ખેંચતાણ વચ્ચે ચૂંટણી રદ થવાથી રાજકીય અટકળોને વેગ મળ્યો છે. ચર્ચા એવી પણ



મદદનીશ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી
જિલ્લો : રાજકોટ

E-mail:-po-raj@gujarat.gov.in

વિષય :- નિર્દિષ્ટ સહકારી મંડળીશ્રી રાજકોટ જિલ્લા સહકારી સંઘ રાજકોટનાં ચેરમેનશ્રી/વાઇસ ચેરમેનશ્રી તથા માનદ મંત્રીની ચૂંટણી અંગે

વંચાણ:-(૧)ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૪૫(ઝેડ)
(૨)શ્રી કલેક્ટર સાહેબ,રાજકોટનાં હુકમ

ચાલી રહી છે કે ભાજપના એક જૂથે અંતિમ ઘડીએ કોઈ રાજકીય દાવ ખેલ્યો હોઈ શકે. જોકે, આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

હવે ચૂંટણી ક્યારે યોજાશે અને નવા સમીકરણો શું સર્જાશે તેના પર સહકારી ક્ષેત્રની સાથે રાજકીય વર્તુળોની પણ નજર છે.



### રાજકોટ વોર્ડ નં. 5માં ઘણા સમયથી પૂરતું પાણી નહીં મળતું હોવાનો આરોપ

# પૂરતું પાણી નહીં આપવામાં આવે તો વેરો ભરવાનું બંધ કરીશું

# મહિલાઓએ રોષ ઠાલવ્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં ભર ચોમાસે મહાનગરપાલિકા દ્વારા પાણીકાપ ઝીંકવામાં આવતા નાગરિકો મુશ્કેલીમાં મુકાયા છે. ૩ મુખ્ય લાઈનનાં સમારકામ માટે ૧૬ થી ૨૧ તારીખ સુધી શહેરના તમામ ૧૮ વોર્ડમાં તબક્કાવાર પાણીકાપ જાહેર કરવામાં આવ્યો છે. જેના કારણે ૬ દિવસમાં કુલ ૧૪ લાખ લોકોને પીવાનું પાણી નહીં મળે. પાણીકાપનો આજે પ્રથમ દિવસ છે. જેમાં વોર્ડ નં-૫માં પાણી વિતરણ બંધ રહેતા મહિલાઓમાં ભારે રોષની લાગણી જોવા મળી હતી. આ વિસ્તારમાં ઘણા સમયથી પૂરતું પાણી નહીં મળતું હોવાનો આરોપ સ્થાનિક મહિલાઓ દ્વારા લગાવવામાં આવ્યો છે. તેમજ સમસ્યા દૂર નહીં થાય તો વેરો ભરવાનું બંધ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

લતાવાસીઓએ જણાવ્યું હતું કે, અમારા વિસ્તારમાં પાણી આવતું જ નથી. જો આવે તો પણ ૫ થી ૧૦ મિનિટ જ આવે છે અને તેમાં પ્રેશર હોતું નથી. હાલ ભરપૂર ચોમાસું ચાલે છે છતાં અમને પાણી મળતું નથી, તો ઉનાળામાં અમારી શું હાલત થશે? અમારા ઘરના સભ્યો મજૂરી કરીને સમયસર વેરો ભરે છે છતાં અમને પ્રાથમિક સુવિધા નથી મળતી. હવે જો આ સમસ્યાનો ઉકેલ નહીં આવે તો અમે વેરો ભરવાનું બંધ કરી દેશું. દરરોજ સવારે ૫:૩૦ વાગ્યે એક સરખા સમયે ઓછામાં ઓછી ૩૦ મિનિટ પૂરતા પ્રેશરથી અમને પાણી આપવામાં આવે તેવી અમારી માંગ છે.



**રાજકોટમાં પ્રથમ દિવસે પાણીકાપથી મહિલાઓમાં રોષ**

પાંચ વર્ષથી પાણીની સમસ્યા છે. રજૂઆત કરી છે પણ પાણી જ આવતું નથી ટાઈમે. પાણીનો ફોર્સ ધીમો આવે એટલે મોટર ચાલુ કરી ત્યારે પાણી આવે છે, એમનેમ તો પાણી આવતું જ નથી. પાણી વગર તો ઘરમાં મુશ્કેલી પડે છે, કપડાં ધોવામાં અને પીવામાં બધાય પાણીનો કંઈ બહુ ઉપયોગ આવતો નથી. એટલે પાણી ઓછું આવે છે એટલે પાણી તો જોઈએ. બોર છે ને હાવ ખરાબ થઈ ગયો છે એટલે સાવ સારું આવતું નથી, તો પાણી વિના કેમ આપણે પીવું? ના, જાણ કરવામાં આવી નથી આજે કાપ છે ઈ. એને જાણ કરવી પડે ને કાપ છે એમ! અમે ૫:૩૦ વાગે ઉઠીને જોયું કે પાણી આવ્યું છે કે નહીં. ઉલ્લેખનીય છે કે એક બાજુ ઓછા વરસાદના કારણે આજી, ન્યારી અને ભાદર ડેમના તળિયા દેખાઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ નર્મદાનું પાણી ઠાલવવાની વાતો વચ્ચે લોકોને પાણી માટે વલખાં મારવા પડી રહ્યા છે. સાથે જ એક્સપ્રેસ ફીડર લાઇન નાખવાની વાતો પણ જાણે માત્ર કાગળ પર રહી ગઈ હોય તેવો ઘાટ સર્જાયો છે.

## ગ્રાહકો ડાઈનિંગ એરિયામાં રસોડાની ગતિવિધિઓ જોઈ શકશે


# ભાવનગરમાં હોટલ-રેસ્ટોરન્ટના રસોડામાં CCTV ફરજિયાત; રાજકોટ ક્યારે જાગશે?

## કેમેરામાં 15 દિવસનું બેકઅપ રાખવું પડશે: કલેક્ટરનું જાહેરનામું

સિટી ન્યૂઝ@ભાવનગર

ભાવનગર જિલ્લામાં ખાદ્ય પદાર્થોની શુદ્ધતા, ગ્રાહકોના સ્વાસ્થ્ય અને સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ.મનીષ બંસલ દ્વારા એક મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જેમાં જિલ્લાની તમામ હોટલો, રેસ્ટોરન્ટો, કેફે, ક્લબ, કેન્ટીનો અને ક્લાઉડ કિચન જેવા ખાદ્ય સેવા આપતા એકમોના રસોડા (કિચન) તથા સ્ટોરેજ વિસ્તારમાં CCTV કેમેરા લગાવવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે, ખોરાકમાં થતી ભેળસેળ અટકાવવા, અનધિકૃત છેડછાડ રોકવા અને ગ્રાહકોમાં પારદર્શિતા અને વિશ્વાસ વધારવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.

આ નિયમ હેઠળ 'ઓપન કિચન'ના અભિગમને પ્રોત્સાહન આપીને કિચનનું લાઈવ સીસીટીવી ફીડ ડાઈનિંગ હોલમાં દર્શાવવા અને ૧૫ દિવસનું ફૂટેજ બેકઅપ રાખવા સહિતની કડક સૂચનાઓ આપવામાં આવી છે આગામી ૩૦ દિવસમાં આ સિસ્ટમ કાર્યરત કરવાની રહેશે, અને તેનો ભંગ કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.




સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર... Rajkot 04 | 20 AUGUST 2026, THURSDAY

ગુજરાતમાં ફૂડ પોઈઝનિંગથી મોત થતા હવે RMCએ બોધપાઠ લઈ પોલિસી બનાવે

**મેયર સાહેબ; રાજકોટની હોટલ-રેસ્ટોરન્ટના રસોડામાં સીસીટીવી ફરજિયાતનો આકરો નિર્ણય લો!**

■ રિસેપ્શન ઉપર 'લાઈવ કિચન' હશે તો ભેળસેળ અટકશે

■ ચેકિંગ નહીં હવે રસોડું લાઈવ કરો અને ભેળસેળિયાઓમાં ફફડાટ મચાવો

જે હોટલ સંચાલક રસોડામાં CCTV ના મૂકે તો લાઈસન્સ રદ્દ કરશો તો 365 દિવસ ફૂડ ચેકિંગમાંથી 'રાહત' મળશે

AI IMAGE

આ નિયમોનું પાલન કરાવો ?
- ખોરાકમાં મંજૂરી વિનાના કેમિકલ ફૂડ કલરનો ઉપયોગ ગૂનો છે
- સડેલા શાક, કીડાવાળું અનાજ કે વાસી ખોરાકની મનાઈ
- તળવાના તેલમાં TPC નું પ્રમાણ ૨૫% થી વધુ ન હોવું જોઈએ, એકનું એક તેલ વારંવાર ન વાપરવું
- રસોડામાં જીવાત રોકવા પેસ્ટ કન્ટ્રોલ રજિસ્ટર નિભાવવું
- રસોડાના કર્મચારીઓનું ૬ મહિને ચેકઅપ કરાવવું
- સ્ટાફે ફરજિયાત ગ્લોવ્ઝ, હેર નેટ અને સ્વચ્છ એપ્રોન પહેરવા
- રસોઈ અને પીવામાં વપરાતું પાણી ISI-૦૫૦૦ સ્ટાન્ડર્ડ મુજબ શુધ્ધ હોવું જોઈએ

સિટી ન્યૂઝ@રાજકોટ

સુરત અને વાપીમાં રેસ્ટોરાંમાં ભોજન કર્યા બાદ પરિવારના સભ્યોને ફૂડ પોઈઝનિંગની ઘટના સામે આવી છે. આ ઘટનાઓમાં સુરતમાં ૫ વર્ષની બાળકી અને વાપીમાં એક સગીરાનું મોત થયાના અહેવાલો બાદ રાજકોટ મહાપાલિકાએ પણ ખાદ્ય સુરક્ષાને લઈને વધુ સક્રિય બનવાની જરૂરિયાત ઉભી થઈ છે. રાજકોટમાં ભેળસેળ સામે મહાપાલિકા દ્વારા હાથ ધરાયેલી ઝુંબેશને લઈને નેહલ શુક્લની કામગીરીને આવકાર મળી રહ્યો છે. જોકે, માત્ર સમયાંતરે થતી ચેકિંગ કામગીરીને બદલે ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને હોટલ-રેસ્ટોરાંના રસોડાની સ્વચ્છતા પર સતત નજર રહે તે માટે નવી વ્યવસ્થા ઊભી કરવાની જરૂરિયાત વ્યક્ત થઈ રહી છે. આ માટે શહેરની હોટલો અને રેસ્ટોરાંના રસોડામાં લાગેલા સીસીટીવી કેમેરાના ઉપયોગથી પારદર્શક વ્યવસ્થા ઊભી કરવાનો વિચાર સામે આવ્યો છે. રાજકોટમાં આશરે ૩ હજાર જેટલી હોટલ અને ખાણીપીણીની જગ્યાઓ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ સ્થળોએ પહેલેથી સીસીટીવી કેમેરા લાગેલા હોય તો નિયમો અને ગોપનીયતાની યોગ્ય જાળવણી સાથે રસોડાની કામગીરીનું નિરીક્ષણ ગ્રાહકો સુધી પહોંચાડવાની વ્યવસ્થા અંગે મહાપાલિકા વિચાર કરી શકે છે.

ખાસ કરીને જે જગ્યાએ ગ્રાહકો ભોજન માટે બેસે છે ત્યાંથી રસોડામાં બનતી વાનગીઓની સ્વચ્છતા અને પ્રક્રિયા અંગે પારદર્શકતા રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો હોટલ સંચાલકો પર પણ જવાબદારી વધશે. જોકે, આવી વ્યવસ્થા લાગુ કરતા પહેલા ગ્રાહકો, કર્મચારીઓ અને હોટલ સંચાલકોની ગોપનીયતા, સીસીટીવીના ઉપયોગ તથા ડેટાના સંચાલન અંગે સ્પષ્ટ નિયમો બનાવવાની જરૂર રહેશે.

ભેળસેળ વિરોધી ઝુંબેશ માત્ર થોડા દિવસ કે પ્રસંગોપાત ચેકિંગ પૂરતી સીમિત ન રહે અને ૩૬૫ દિવસ ખાદ્ય સુરક્ષા માટે અસરકારક મોનિટરિંગ થાય તે જરૂરી છે. સુરત અને વાપીની ઘટનાઓમાંથી રાજકોટ મહાપાલિકાએ બોધપાઠ લઈ સમયસર કડક અને કાયમી પગલાં ભરવા જોઈએ તેવી માંગ ઉઠી રહી છે.

હવે સવાલ એ છે કે રાજકોટ મહાપાલિકા માત્ર દરોડા અને સેમ્પલિંગ સુધી સીમિત રહેશે કે પછી ટેક્નોલોજીના ઉપયોગથી હોટલ-રેસ્ટોરાંની કામગીરીમાં વધુ પારદર્શકતા લાવશે? ખાદ્ય સુરક્ષા સાથે સીધી રીતે જોડાયેલા આ મુદ્દે મહાપાલિકાએ આકરો અને અસરકારક નિર્ણય લેવાનો સમય આવી ગયો છે.

સુરત-વાપીની ઘટનાઓ બાદ રાજકોટ મહાપાલિકા સામે પડકાર

## આ સ્થળોના રસોડામાં CCTV ફરજિયાત

(૧) નીચે મુજબના સ્થળોના કિચન (રસોડા) અને ફૂડ સ્ટોરેજ ભાગમાં CCTV કેમેરાનું ઈન્સ્ટોલેશન ફરજિયાત કરવાનું રહેશે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (લાઈસન્સિંગ એન્ડ રજિસ્ટ્રેશન ઓફ ફૂડ બિઝનેસ) રેગ્યુલેશન, ૨૦૧૧ હેઠળ આવરી લેવામાં આવેલ ફૂડ સર્વિસીસ, જ્યાં કિચન અને ડાઈનિંગ એરિયા અલગ-અલગ હોય અને કિચન સરળતાથી જોઈ શકાય તેમ ન હોય તેવી તમામ જગ્યાઓ જેવી કે:
- તમામ નાની-મોટી હોટેલો, રેસ્ટોરન્ટ, રિસોર્ટ, ક્લબ અને કેન્ટીન.
- તમામ ડાઈનિંગ હોલ, કેફે, ફાસ્ટ ફૂડ આઉટલેટ્સ અને ક્લાઉડ કિચન.
- ખાનગી, સરકારી તથા વ્યાપારી ક્લબો.

(૨) દરેક જગ્યાએ કિચનની અંદર CCTV કેમેરા ગ્રાહક હિતને નુકસાન ન થાય તે રીતે નીચેના મુખ્ય વિસ્તારો કવર કરે તે મુજબ લગાવવાના રહેશે.રો-મટિરિયલ અને સ્ટોરેજ એરિયા: જ્યાં અનાજ, શાકભાજી કે માંસાહારી ખાદ્ય પદાર્થોનો સંગ્રહ થાય છે, જેથી ગ્રાહકોને વાસી કે દૂષિત ખોરાક પીરસતા અટકાવી શકાય.
મેઈન કુકિંગ પ્લેટફોર્મ: જ્યાં ખોરાક બનાવવામાં આવે છે, જેથી કર્મચારીઓની શુદ્ધતા અને હાઈજીન ગ્રાહકો તથા ઓથોરિટી જોઈ શકે.એન્ટ્રી, એક્ઝિટ અને વેસ્ટ ડિસ્પોઝલ: રસોડાના પ્રવેશદ્વાર તેમજ કચરાના નિકાલ અને વાસણ ધોવાના એરિયા પર CCTV કેમેરા લગાવવાના રહેશે, જેથી કોઈ બ્લાઈન્ડ સ્પોટ ન રહે અને રસોડામાં કોઈ અનધિકૃત વ્યક્તિ ગ્રાહકોના ખોરાક સાથે છેડછાડ ન કરી શકે.

(૩) CCTV કેમેરાનું ફૂટેજ ઉચ્ચ ગુણવત્તા (High Resolution) અને કલર રિઝોલ્યુશન ધરાવતું હોવું જોઈએ.

(૪) ગ્રાહક સુરક્ષા ફોરમ, ફૂડ સેફ્ટી ઓડિટ અને કાનૂની તપાસના હેતુસર તમામ કિચન એરિયાના તમામ CCTVનું બેકઅપ ૧૫ દિવસ સુધી સંગ્રહિત રાખવું ફરજિયાત રહેશે.

(૫) વહીવટી તંત્ર, ગ્રાહક સુરક્ષા અધિકારી, ફૂડ સેફ્ટી ઓફિસર્સ (FSO) અથવા પોલીસ સત્તાવાળાઓ દ્વારા ગ્રાહકની ફરિયાદ અન્વયે જ્યારે પણ તપાસ અર્થે માંગવામાં આવે ત્યારે આ ફૂટેજ તાત્કાલિક ઉપલબ્ધ કરાવવાના રહેશે.

(૬) ગ્રાહકોની ફરિયાદ દબાવવા માટે ફૂટેજમાં કોઈપણ પ્રકારની છેડછાડ, એડિટિંગ કે તેનો નાશ કરવો એ કાયદેસર શિક્ષાપાત્ર ગુનો ગણાશે.




## PM મોદીના જાહેર જીવન અને સુશાસનના 25 વર્ષ મુખ્યમંત્રીથી વડાપ્રધાનની સફળ સફરને બિરદાવવા 20 દિવસ સેવા સંકલ્પ અભિયાન

# ભાજપનો માસ્ટરસ્ટ્રોક; 'વડનગરથી વારાણસી' બાઈક યાત્રા; યુવા મતદારો પર ફોકસ!

### બાઈક યાત્રા દેશના 10 રાજ્યોના 193 જિલ્લાઓ અને 1159 ગામડાઓમાંથી પસાર થઈ ને 40,000 કિલોમીટરનું અંતર કાપશે

સિટી ન્યૂઝ@વડનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૭ સપ્ટેમ્બરે તેમના જીવનના ૭૬ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. આ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા તેમના જાહેર જીવન અને સુશાસનના ૨૫ વર્ષ (મુખ્યમંત્રીથી વડાપ્રધાન) ની સફળ સફરને બિરદાવવા માટે ૧૭ સપ્ટેમ્બરથી ૭ ઓક્ટોબર સુધી રાષ્ટ્રવ્યાપી સેવા સંકલ્પ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે 'વડનગરથી વારાણસી' અને 'વારાણસીથી વડનગર' એમ બે સમાંતર વિશાળ બાઇક યાત્રાઓ યોજાશે. રાષ્ટ્રીય પ્રભારી અને લોકસભા સાંસદ વી.ડી. શર્માના જણાવ્યા મુજબ, ૧૭ સપ્ટેમ્બરે સવારે ૯:૩૦ વાગ્યે વડનગર ખાતેથી ગૃહમંત્રી અમિત શાહ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલ યાત્રાને લીલી ઝંડી આપશે. જ્યારે કાશી (વારાણસી) ખાતેથી સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ નાયડુ અને ચિરાગ પાસવાન યાત્રાનો પ્રારંભ કરાવશે. આ બાઈક યાત્રા દેશના ૧૦ રાજ્યોના ૧૯૩ જિલ્લાઓ અને ૧,૧૫૯ ગામડાંઓમાંથી પસાર થઈને કુલ ૪૦,૦૦૦ કિલોમીટરથી વધુનું અંતર કાપશે. દેશભરમાંથી પસંદ કરાયેલા ૧,૦૦૦ જેટલા યુવાનો આ બાઈક યાત્રામાં જોડાયા છે. રાજકીય પંડિતોના મતે આ યાત્રા માત્ર એક સામાજિક કે સેવાકીય કાર્યક્રમ નથી, પરંતુ ભાજપનો એક મોટો રાજકીય માસ્ટરસ્ટ્રોક છે. વડનગર (જન્મસ્થળ) અને વારાણસી (કર્મસ્થળ) બંને શહેરો વચ્ચે બૌદ્ધ વિરાસત (સારનાથ અને વડનગર ખોદકામ) તેમજ કુરમી-પાટીદાર સામાજિક સમીકરણોનું મોટું સામ્ય છે.



### નરેન્દ્ર મોદીનું વડનગર (જન્મસ્થળ) વારાણસી (કર્મસ્થળ) બંન્ને શહેરો વચ્ચે બૌદ્ધ વિરાસત

### રાજ્યમાં સિઝનનો 87.74% વરસાદ; સૌરાષ્ટ્રમાં હજુ 35% વરસાદની ઘટ

# ચોમાસાનો રવિવારે છેલ્લો દિવસ હવે દુષ્કાળના દિવસો શરૂ?



> રાજ્યના 42 તાલુકામાં વરસાદની ઘટ; પોરબંદર, દ્વારકા અને જામનગર જિલ્લામાં દુષ્કાળ જેવી સ્થિતિ

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત રાજ્યમાં છેલ્લા ૩ દિવસથી મેઘમહેર થતાં સીઝનનો સરેરાશ વરસાદ ૨૭.૫૩ ઈંચથી વધીને ૩૦.૬૭ ઈંચે પહોંચી ગયો છે. ગુજરાતમાં હાલ વરસાદી માહોલ છે. જેને પગલે રાજ્યના ઘણા જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. વરસાદની ટકાવારીની દ્રષ્ટિએ ૯ ટકા જેટલો વરસાદ નોંધાતા ગુજરાતમાં વરસાદની ટકાવારી ૮૪.૩૮ ટકાએ પહોંચી છે.હાલ વરસાદી માહોલ હોવા છતાં રાજ્યના કુલ ૪૨ જેટલા તાલુકાઓમાં ૫૦ ટકાથી ૯૫ ટકા જેટલા વરસાદની ઘટ વર્તાઈ હોવાનું સામે આવ્યું છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદની ભારે અછત સર્જાતા ખેડૂતોની હાલત કફોડી બની છે. સૌરાષ્ટ્રના ત્રણેક જિલ્લામાં હાલની સ્થિતિએ વરસાદ ન થતાં દુષ્કાળ જેવી સ્થિતિ છે. દેવ ભૂમિ દ્વારકા જિલ્લામાં માત્ર ૧૦.૫૪ ટકા વરસાદ નોંધાયો છે.પોરબંદરમાં ૨૪.૭૬ ટકા અને જામનગરમાં ૩૯.૨૭ ટકા જેટલો વરસાદ વરસ્યો છે. વરસાદ ઓછો થતાં ત્રણ જિલ્લાના ખેડૂતોએ વાવેલ પાક નિષ્ફળ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે બીજી બાજુ કચ્છ અને ઉત્તર ગુજરાતના કુલ ૬૭ તાલુકાઓ પૈકીના ૫ તાલુકાઓમાં ૧૦૦ ટકા વરસાદ થયો છે. જે ચિંતાની વાત છે. મેગા સિટી અમદાવાદમાં ૯૨.૯૮ ટકા સાથે જિલ્લામાં સરેરાશ ૧૦૧.૯૪ ટકા જેટલો વરસાદ ખાબક્યો છે. પરંતુ એમાંય મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ પડ્યો હતો, જ્યારે ઉત્તર ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં માત્ર ઝરમર વરસાદ જ વરસ્યો હતો. સામાન્ય રીતે સરેરાશ વરસાદ ૮૦ ટકાને વટાવી જાય તો મોટાભાગે ચોમાસુ પાક માટે પૂરતો ગણવામાં આવે છે. આ વખતે અત્યાર સુધીમાં વરસાદ ૮૪.૩૮ ટકા થઈ ગયો છે. તેમ છતાં હજુ વરસાદ થાય તેવી ખેડૂતો અને લોકો આશા સેવી રહ્યા છે.

## વરસાદની પેટર્નમાં મોટો ફેરફાર

ગુજરાતમાં ઈંચની દ્રષ્ટિએ વરસાદી આંકડાની વાત કરીએ તો, નવસારી જિલ્લાના ખેરગામ તાલુકામાં ૧૨૦.૬૦ ઈંચ વરસાદ થયો છે. નડિયાદ તાલુકામાં ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો, ૧૭૪.૫૨ ટકા વરસાદ પડ્યો છે. ગુજરાતમાં ચાલુ વર્ષે ચોમાસાની સિઝન દરમિયાન વરસાદની પેટર્નમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં અનરાધાર વરસાદ નોંધાયો છે. તો અમુક વિસ્તારોમાં નામ માત્રનો ગણી શકાય તેટલો જ વરસાદ નોંધાયો છે.

## ઘાસચારાની અછત સર્જાઈ શકે

ખેડૂતોના જણાવ્યા પ્રમાણે, જો ચાલુ વર્ષે વરસાદની અછત રહેશે તો પશુઓ માટે ઘાસચારાની મોટી તંગી સર્જાશે. પરંતુ છેલ્લા ૩ દિવસમાં સર્જાયેલી વરસાદી સિસ્ટમને પગલે રાજયના મોટા વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ધોધમાર વરસાદ વરસ્યો. પરંતુ ઉત્તર ગુજરાતમાં મોટા ભાગના વિસ્તારોમાં ઝરમરિયો વરસાદ વરસ્યો હતો. સામાન્યપણે ચોમાસુ ૮૦ ટકા વટાવે તો ચોમાસુ પાક માટે પૂરતુ ગણવામાં આવે છે. આ વખતે રાજયમાં વરસાદ ૮૪.૩૮ ટકા જેટલો જ નોંધાયો છે.

# સૌરાષ્ટ્રમાં લાડું ખાવાની હરિફાઈમાં જમાવટ

## તરણેતરના મેળામાં લાડુ ખાવાની સ્પર્ધામાં વિંછીયાના યુવાને 28 લાડુ ખાઈને સ્પર્ધા જીતી



**સિટી ન્યૂઝ@ભાવનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકામાં આવેલા તરણેતરના મેળામાં ગ્રામીણ ઓલિમ્પિક્સ હેઠળ 'લાડુ સ્પર્ધા' યોજાઈ હતી. આ સ્પર્ધા લોકોમાં ચર્ચાનું કેન્દ્ર બની હતી. તેનું આયોજન રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ (ગાંધીનગર), સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર (લીંબડી) અને તરણેતર ગ્રામ પંચાયતે સાથે મળીને કર્યું હતું.આ સ્પર્ધામાં ૨૫ થી ૭૫ વર્ષના ૨૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. નિયમ મુજબ, બધા સ્પર્ધકોએ 30 મિનિટમાં દાળ સાથે બેસનના ખાંડવાળા લાડુ ખાવાના હતા. સ્પર્ધા શરૂ થતા જ બધાએ ઝડપથી લાડુ ખાવાનું શરૂ કર્યું.પહેલી ૧૫ મિનિટમાં જ મોટાભાગના સ્પર્ધકો સરેરાશ ૧૫ લાડુ ખાઈને બહાર થવા લાગ્યા. અંતિમ તબક્કામાં પ્રથમ સ્થાન માટે પાંચ સ્પર્ધકો વચ્ચે રસાકસી જોવા મળી. સ્પર્ધકો જ્યારે ૨૨, ૨૪ અને ૨૬ લાડુ સુધી પહોંચ્યા, ત્યારે દર્શકોએ તાળીઓ પાડીને તેમનો ઉત્સાહ વધાર્યો.સ્પર્ધાની છેલ્લી મિનિટમાં વાતાવરણ ઉત્સુકતાભર્યું બની ગયું હતું. ગત વર્ષે પણ વિજેતા થયેલા વિંછીયા તાલુકાના ઓરી ગામના બળવંતભાઈ રાઘવાણીએ 30 મિનિટ પૂરી થતા સુધીમાં ૨૮ લાડુ ખાઈને પ્રથમ સ્થાન મેળવ્યું. સ્પર્ધાના નિયમ મુજબ એક જ વિજેતા પસંદ કરવાનો હોવાથી, બળવંતભાઈને ૨,000 રૂપિયાનો રોકડ પુરસ્કાર આપીને વિજેતા જાહેર કરાયા.આ પ્રસંગે હાજર રહેલા જિલ્લા કલેક્ટર જી. એચ. સોલંકીએ કહ્યું કે, લોકોના આટલા ઉત્સાહ અને પ્રતિસાદના કારણે જ સ્પર્ધકોને ભાગ લેવાનો સાચો આનંદ મળ્યો છે.

જામનગરમાં ઓપન સૌરાષ્ટ્ર મોદક આરોગ્ય સ્પર્ધા યોજાઈ

## લાડુ ખાવાની સ્પર્ધામાં મહિલા 15 લાડુ ખાઈ બની હતી વિજેતા

### સ્પર્ધામાં મહિલાઓએ પુરુષોને હંફાવ્યા



**સિટી ન્યૂઝ@જામનગર**

જામનગર શહેરમાં ગણેશ ચતુર્થીના પર્વ નિમિત્તે સતત ૧૮મા વર્ષે 'ઓપન સૌરાષ્ટ્ર મોદક આરોગ્ય સ્પર્ધા'નું રોમાંચક આયોજન કરવામાં આવ્યું હતું. શુદ્ધ ઘી અને ડ્રાયફ્રૂટ્સથી બનેલા ૧૦૦-૧૦૦ ગ્રામના લાડુ ખાવાની આ સ્પર્ધામાં મહિલાઓ, સિનિયર સિટીઝન, યુવાનો અને બાળકો એમ ચાર કેટેગરીમાં કુલ ૪૪ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ વખતે સ્પર્ધાના નિયમોમાં ફેરફાર કરીને સમય મર્યાદા 30 મિનિટથી ઘટાડીને માત્ર ૧૫ મિનિટ રાખવામાં આવી હતી.

આયોજક સંસ્થાના પૂર્વ પ્રમુખ આનંદ દવેના જણાવ્યા અનુસાર, ૧૮મા વર્ષની આ સ્પર્ધામાં ભાઈઓ અને બહેનોની કેટેગરીમાં ૧૩-૧૩, સિનિયર સિટીઝન કેટેગરીમાં ૧૩ અને બાળ વિભાગમાં ૫ બાળકોએ ભાગ લીધો હતો. સ્પર્ધકો માટે ૧૦૦-૧૦૦ ગ્રામ વજનના કુલ ૨૫૦ ચોખ્ખા ઘી અને સુકામેવાયુક્ત લાડુ દાળ સાથે પીરસવામાં આવ્યા હતા. સ્પર્ધકોને બે લાડુ સાથે બે ટોકન અપાયા હતા અને અંતે ટોકનની ગણતરી કરીને વિજેતા જાહેર કરાયા હતા. જેમાં ટાઈ પડી ત્યાં ચિઠ્ઠી ઉછાળીને વિજેતા નક્કી કરવામાં આવ્યા હતા.મહિલા વિભાગમાં પદ્મિનીબેન ગજેરા અને પ્રેમિલાબેન વોરીયા વચ્ચે ૧૫-૧૫ લાડુ આરોગતાં ટાઈ થઈ હતી. બાદમાં ચિઠ્ઠી ઉછાળવામાં આવતાં પદ્મિનીબેન ગજેરા પ્રથમ અને પ્રેમિલાબેન વોરીયા દ્વિતીય ક્રમે રહ્યા હતા, જ્યારે મીનાબેન તારપરા ૭ લાડુ સાથે ત્રીજા ક્રમે રહ્યા હતા. યુવાન ભાઈઓના વિભાગમાં જગદીશભાઈ દવે અને પરેશભાઈ વડીયા વચ્ચે ૯-૯ લાડુ આરોગતાં ટાઈ થઈ હતી, જેમાં ચિઠ્ઠી ઉછાળીને જગદીશભાઈ દવેને પ્રથમ અને પરેશભાઈ વડીયાને બીજા વિજેતા જાહેર કરાયા હતા, જ્યારે અલ્પેશ સોલંકી ૮ લાડુ સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા.




### દુલ્હન ગમી જાય તો રજીસ્ટ્રેશન ચાર્જ, પ્રોફાઈલ એક્સેસ ફી, પ્રોફાઈ એક્ટિવેશન ચાર્જ જેવી ફી ઉઘરાવતા

# શાદી-પાર્ટનર ડોટ કોમનું નકલી વેબ પોર્ટલ બનાવી લગ્નવાંચ્છુ પુરુષોને ફસાવતી ગેંગનો પર્દાફાશ

## લગ્ન કરવા ઈચ્છતા યુવાનોને ફસાવવા વોટ્સએપ ઉપર આકર્ષક યુવતીઓના ફોટા મોકલતા હતા

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હી મધ્ય જિલ્લાની સાયબર પોલીસ ટીમે લગ્ન કરાવવાના નામે પુરુષો સાથે છેતરપિંડી આચરતા એક કોલ સેન્ટરનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગ આગ્રાના એક માસ્ટરમાઈન્ડ-વકીલ દ્વારા ચલાવવામાં આવી રહી હતી, જે ’શાદી-પાર્ટનર ડોટ કોમ’ નામના બ્રાન્ડેડ મેટ્રિમોનિયલ પોર્ટલની આડમાં દેશભરમાં લગ્નવાંચ્છુ પુરુષોને ફસાવતી હતી. પોલિસે ગેંગના માસ્ટરમાઇન્ડ, એલએલબી કરી ચૂકેલા વકીલ અમિત કુમાર અને કંપનીની મેનેજર જયા શાક્ય સહિત સાત મહિલા ટેલીકોલર્સની ધરપકડ કરી છે.એનસીઆરપી પોર્ટલ પર આ ગેંગ સંબંધિત છ ફરિયાદો સામે આવી છે.

પોલીસને આશંકા છે કે ગેંગે છેલ્લા એક વર્ષમાં હજારો પુરુષોને શિકાર બનાવીને છેતરપિંડી આચરી છે. તેમના કબજામાંથી એક કાર, ૫૦ હજાર રોકડા, સાત ડેસ્કટોપ સીપીયુ અને ૪૭ મોબાઈલ જપ્ત કરવામાં આવ્યા છે. મધ્ય જિલ્લાના વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, એનસીઆરપી પોર્ટલ પર નોંધાયેલી ફરિયાદની તપાસમાં ખુલ્યું કે આ મામલો ’શાદીપાર્ટર.કોમ’ નામના નકલી વેબ પોર્ટલ દ્વારા ચાલતા સંગઠિત અને દેશવ્યાપી લગ્ન વિષયક સાયબર ફ્રોડ સિન્ડિકેટ સાથે જોડાયેલો છે.

પીડિતોને ફસાવવા માટે, ઠગો શરૂઆતમાં તેના વોટ્સએપ પર આકર્ષક યુવતીઓના ફોટા મોકલતા હતા. ભરોસો મજબૂત કરવા અને અસલી મેચમેકિંગ પ્રક્રિયા જેવું વાતાવરણ ઊભું કરવા માટે, સિન્ડિકેટે ફોન પર વાતચીતનું નાટક કર્યું અને શિકાર તથા સંભવિત દુલ્હન વચ્ચે સીધી વાતચીત કરાવતા હતા. પીડિત રસ દાખવે ત્યારે અલગ-અલગ તબક્કામાં નાણાં ટ્રાન્સફર કરાવવામાં આવતા હતા. ફરિયાદી પાસેથી રજીસ્ટ્રેશન ચાર્જ, પ્રોફાઇલ એક્સેસ ફી, પ્રોફાઇલ એક્ટિવેશન ચાર્જ અને કોન્ટેક્ટ અનલોક ફી જેવા વિવિધ બહાના હેઠળ કુલ ૧૫ હજાર રૂપિયા પડાવી લીધા હતા.



AI IMAGE

### ભારતમાં ઓનલાઈન સટ્ટાનું 10 લાખ કરોડનું બજાર

# ઓનલાઈન સટ્ટા ઉપર પ્રતિબંધ છતાંય ઈન્ફ્લુએન્સર્સ પ્રચાર કરી રહ્યા છે

## સરકારે પ્રતિબંધ મૂક્યો છે તો પણ દોઢ કરોડ લોકો દાવ લગાવી રહ્યા છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ઓનલાઈન સટ્ટાબાજી પર કાયદા કડક હોવા છતાં તેનું બજાર ખતમ થયું નથી. રિપોર્ટ અનુસાર, દેશમાં તેનું ગેરકાયદેસર બજાર લગભગ ૧૦ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. કાયદાથી બચવા માટે પ્લેટફોર્મ વિદેશમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. સટ્ટાબાજી ચલાવવા માટે મ્યુલ બેંક ખાતા, ટેલિગ્રામ જૂથો, નવા ડોમેન અને વિદેશી સર્વરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

રિપોર્ટ અનુસાર, ભારતમાં ૧૫ ગેરકાયદેસર ઓનલાઈન સટ્ટા પ્લેટફોર્મ પર ૫૪૦ કરોડથી વધુ વિઝિટ નોંધાઈ. એટલે કે, સરેરાશ દરરોજ લગભગ ૧.૪૮ કરોડ વખત આ મંચ સુધી પહોંચ બનાવવામાં આવી. જ્યારે, ૮૫૪ ઈન્ફ્લુએન્સર પણ સટ્ટાબાજી પ્લેટફોર્મના પ્રચારમાં સામેલ મળ્યા.

સંસદે ૨૦૨૫માં ઓનલાઈન મની ગેમ પર પ્રતિબંધ મૂકતો કાયદો પસાર કર્યો. આ ૧ મે ૨૦૨૬ થી પ્રભાવી છે. કાયદો નસીબ કે કૌશલ્ય, બંને પ્રકારની ઓનલાઈન સટ્ટાબાજી, તેમના પ્રચાર અને ચુકવણી સુવિધા પર પ્રતિબંધ મૂકે છે. આમ છતાં, ખાનગી મેસેજિંગ જૂથો, સરોગેટ જાહેરાતો, ઈન્ફ્લુએન્સર અને એજન્ટો વિદેશથી ચાલતા સટ્ટાબાજીના મંચો સુધી યુઝર્સને પહોંચાડી રહ્યા છે. વિશ્વભરમાં ૮ કરોડ પુખ્ત વયના લોકો સટ્ટાની લતથી ઝઝૂમી રહ્યા છે. તેની અસર માત્ર સટ્ટો રમતી વ્યક્તિ પૂરતી મર્યાદિત નથી રહેતી. દરેક યુઝરથી સરેરાશ ૬ લોકો પ્રભાવિત થાય છે. રિપોર્ટ અનુસાર, ૬૦% યુઝર્સ પૈસા હારે છે. આનાથી સારવાર અને અભ્યાસ પ્રભાવિત થઈ શકે છે અને તેની અસર પેઢીઓ સુધી રહી શકે છે.

સાયબર અને ડેટા પ્રાઈવસી એક્સપર્ટએ કહ્યું ઇંટરનેટ સીમાહીન છે. સટ્ટાબાજીની વેબસાઈટ કે એપને બ્લોક કરવી એ કાયમી ઉકેલ નથી. કંપની નવું ડોમેન, એપ કે APK ફાઈલ બનાવીને ફરી પાછી આવે છે.

નેટવર્ક તોડ્યા વિના માત્ર પ્રતિબંધથી તેને ખતમ કરી શકાતું નથી. બધા દેશોએ મળીને સામાન્ય નિયમો બનાવવા પડશે. સંબંધિત એજન્સીઓ વચ્ચે માહિતીનું આદાનપ્રદાન અને સતત દેખરેખ જરૂરી છે. ઓનલાઈન સટ્ટો મની લોન્ડરિંગ અને નાણાકીય સુરક્ષા સાથે પણ જોડાયેલો છે. ગેરકાયદેસર રકમને ક્રિપ્ટોમાં બદલીને અન્ય દેશો સુધી પહોંચાડી શકાય છે. તેથી ટેકનિકલ દેખરેખ, પ્લેટફોર્મની જવાબદારી અને આંતરરાષ્ટ્રીય સંકલન, ત્રણેય જરૂરી છે.

### યુઝરને રમતની આદત લગાવે છે

ઓનલાઈન ગેમિંગમાં પૈસાવાળી રમતો દરમિયાન ભ્રામક ડિઝાઈન, લત વધારનારા અલ્ગોરિધમ, બોટ અને એજન્ટનો ઉપયોગ કરવામાં આવે છે. જીત મળવા પર યુઝરને ઈનામનો અહેસાસ થાય છે. હાર્યા પછી રકમ પાછી મેળવવાના ચક્કરમાં આગળ અને મોટો દાવ લગાવવાનો પ્રયાસ થાય છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન મુજબ, વ્યસનના ત્રણ સંકેત છેનિયંત્રણ ગુમાવવું, સટ્ટાને પ્રાથમિકતા આપવી અને નુકસાન છતાં રમતા રહેવું.

### અભિનેત્રી તનિષા મુર્ખજીની પોસ્ટ વાયરલ

# પરિણીત પુરુષ સાથે અફેર રાખનાર મહિલા સન્માનને લાયક નથીઃ તનિષા મુર્ખજી

## જે મહિલાઓ પરિણીત પુરુષોની પાછળ પડે છે તેઓ ખોટું કરી રહી છે તેમણે આપણા બાળકો માટે રોલ મોડલ ન બનવું જોઈએ



**સિટી ન્યૂઝ@મુંબઈ**

બોલીવુડ અભિનેત્રી તનિષા મુખર્જીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પરિણીત પુરુષો સાથે સંબંધ રાખનારી મહિલાઓ વિશે એક ખુલીને પોતાનો અભિપ્રાય આપ્યો છે. તેના આ નિવેદને નવી ચર્ચા છેડી છે. તેનું કહેવું છે કે કોઈ અન્યના પતિની સાથે સંબંધમાં રહેનારી મહિલાઓ ફિમિનિસ્ટ ન હોઈ શકે. અત્રે જણાવવાનું કે કાજોલની નાની બહેન તનિષા ૪૮ વર્ષે પણ કુંવારી છે.તેણે હજું લગ્ન કર્યા નથી. ડેટિંગને લઈને તનિષાનું આ નિવેદન ચર્ચામાં છે.

તનિષાએ પોતાની પોસ્ટમાં લખ્યું કે, "મારું એવું માનવું છે કે જે મહિલાઓ પરિણીત પુરુષો સાથે અફેર રાખે છે તેઓ ફેમિનિસ્ટ નથી હોતી. ખરેખર તો આવી મહિલાઓ, મહિલાઓની જ દુશ્મન હોય છે. કારણ કે કોઈ બીજાના પતિ સાથે રહેવું એ તે વ્યક્તિની પત્નીનું અપમાન કરવા જેવું છે. એમાં તે માણસની પણ ભૂલ છે. તેનું પણ ચરિત્ર ઠીક નથી. અને જે મહિલાઓ પરિણીત પુરુષોની પાછળ ભાગે છે, તે ખરાબ હોય છે! તેમણે આપણા બાળકો માટે રોલ મોડલ ન બનવું જોઈએ. જે જે કહ્યું તે કહ્યું!"



તનિષાની આ પોસ્ટ પર સોશિયલ મીડિયા યૂઝર્સ તરફથી મિક્સ પ્રતિભાવો જોવા મળી રહ્યા છે. ટીકા કરનારા યૂઝર્સનો એવો તર્ક છે કે અસલ બેવફાઈ તે પરિણીત પુરુષ તરફથી હોય છે જેણે લગ્ન સમયે વફાદારીનું વચન આપ્યું હતું. જ્યારે તે અપરિણીત મહિલાએ તો કોઈ કસમ ખાધી નહતી.અનેક લોકોએ તનિષા દ્વારા પુરુષોને ફક્ત ચરિત્રહીન કહીને છોડી દેવા અને મહિલાઓને દુષ્ટ જણાવવા ઉપર પણ સવાલ ઉઠાવ્યો છે. તેમનું કહેવું છે કે આવું કહીને તનિષા પુરુષો પ્રત્યે નરમ વલણ દાખવી રહી છે અને મહિલાઓને ખલનાયિકા બનાવી રહી છે. જ્યારે કેટલાક યૂઝર્સે હિન્દી સિનેમાના લાંબા ઈતિહાસ અને દિવંગત અભિનેત્રી શ્રીદેવીનું ઉદાહરણ આપતા તનિષાના આ દ્રષ્ટિકોણનો વિરોધ પણ કર્યો.બીજી બાજુ અનેક યૂઝર્સે તનિષાના વિચારોનું સમર્થન પણ કર્યુ અને સ્વીકાર્યું કે કોઈનું વસાવેલું ઘર અને લગ્ન જીવન ખરાબ કરવા માટે બંને પક્ષે બરાબર દોષિત છે.

## પતિ અફેર કરે તો એ તેની પત્નીનું અપમાન કરવા જેવું છે

# પત્નીનું અફેર પકડાય જતા પત્નિએ દુધમાં ઝેર નાખી પતિની હત્યા કરી નાખી

## પત્નીનું પતિની જ નાની બહેનના પતિ સાથે હતુ લફરું



સિટી ન્યૂઝ@યુપી

મુઝફ્ફરનગરના રતનપુરી પોલીસ સ્ટેશન વિસ્તારના હુસૈનાબાદ ભનવાડા ગામમાં પતિની હત્યાના આરોપમાં પોલીસે પત્ની સહિત બે લોકોની ધરપકડ કરી છે. મૃતકની ઓળખ રાકિબ (૨૮), પુત્ર અલાઉદ્દીન તરીકે થઈ છે. પોલીસે તેની પત્ની તબસ્સુમ અને શાહરૂખ નામના વ્યક્તિની ધરપકડ કરી હોવાનું જણાવ્યું છે.પોલીસના જણાવ્યા અનુસાર, રાકિબ અને તબસ્સુમના લગ્ન વર્ષ ૨૦૧૭માં થયા હતા અને તેમને ચાર સંતાનો છે, જેમાં બે પુત્ર અને બે પુત્રીઓનો સમાવેશ થાય છે.પોલીસ તપાસમાં તબસ્સુમના તેના પતિની નાની બહેનના પતિ એટલે કે નંદોઈ શાહરૂખ સાથે કથિત રીતે સંબંધ હોવાની વાત સામે આવી છે. શાહરૂખ સહારનપુરના ગંગોહ પોલીસ સ્ટેશન વિસ્તારના હમજાગઢ ગામનો રહેવાસી હોવાનું પોલીસનું કહેવું છે.પોલીસના જણાવ્યા પ્રમાણે, તબસ્સુમ અને શાહરૂખ વચ્ચે છેલ્લા આશરે દોઢથી ત્રણ વર્ષથી કથિત સંબંધ હતો. એક દિવસ રાકિબે તબસ્સુમને શાહરૂખ સાથે બ્લેક કોફી પીતા જોઈ લીધી હતી. ત્યારબાદ તેણે પત્ની અને શાહરૂખના સંબંધનો વિરોધ કર્યો હતો. પોલીસના આરોપ મુજબ, ત્યારબાદ તબસ્સુમ અને શાહરૂખે રાકિબને રસ્તામાંથી હટાવવાનું કાવતરું ઘડ્યું હતું.પોલીસના જણાવ્યા અનુસાર, ૭ સપ્ટેમ્બર ૨૦૨૬ની રાત્રે રાકિબને દૂધમાં નશીલી અથવા ઊંઘની ગોળીઓની વધુ માત્રા ભેળવીને પીવડાવવામાં આવી હતી. ત્યારબાદ ૮ સપ્ટેમ્બરની સવારે રાકિબનું મૃત્યુ થયું હતું. શરૂઆતમાં રાકિબના મૃત્યુનું ચોક્કસ કારણ સ્પષ્ટ થયું નહોતું. તેથી પોલીસે વિસેરા સુરક્ષિત રાખ્યો હતો અને ઘટનાની તપાસ શરૂ કરી હતી.પોલીસે તપાસ દરમિયાન પૂછપરછ, કોલ રેકોર્ડ અને તબસ્સુમના નિવેદનોની તપાસ કરી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે, તબસ્સુમના નિવેદનોમાં ફેરફાર જોવા મળતા શંકા વધુ ઘેરી બની હતી. તપાસ આગળ વધતાં પોલીસને કથિત રીતે હત્યાના કાવતરાની માહિતી મળી હતી.પોલીસનો દાવો છે કે પૂછપરછ દરમિયાન તબસ્સુમે ગુનાની કબૂલાત કરી હતી. જોકે, કબૂલાત સંબંધિત વિગતો પોલીસના નિવેદન પર આધારિત છે અને કેસમાં અંતિમ સત્ય કોર્ટની કાર્યવાહી બાદ જ નક્કી થશે.પોલીસે આ કેસમાં ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ તબસ્સુમ અને શાહરૂખ બંનેની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, તેમની પાસેથી ઊંઘની અથવા નશીલી ગોળીઓના રેપર પણ મળી આવ્યા હતા.




### વડોદરા શહેરની ઘટના

# વહુએ બાથરૂમ સાફ કરવાની ના પાડતા સાસુએ એસિડ એટેક કર્યો

## પરિણીતાને ગળા-મોઢાના ભાગે ગંભીર ઈજાઃ સાસુ-સસરા ફરાર

સિટી ન્યૂઝ@વડોદરા

વડોદરાના ગોરવા વિસ્તારમાં બાથરૂમ સાફ કરવા માટે એસિડનો ઉપયોગ કરવાની ના પાડતાં સાસુએ ઉશ્કેરાઈ પુત્રવધૂના મોઢા અને ગળા પર એસિડ ફેંક્યું હતું. આ કેસમાં ગોરવા પોલીસે આરોપી પતિની અટકાયત કરી છે. જ્યારે સાસુ-સસરા બે નણંદ પોલીસ પકડથી દૂર છે. આ કેસમાં ગોરવા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.ગોરવા વિસ્તારમાં પંચવટી સહયોગ રોડ પર આવેલી સોસાયટીમાં રહેતી ૨૬ વર્ષીય પરિણીતાના લગ્ન વર્ષ ૨૦૨૧માં વડોદરાના યુવક પિયુષ દુધરેજીયા સાથે થયા હતા. લગ્ન બાદથી જ સાસુ, સસરા, પતિ અને બે નણંદો નજીવી બાબતોને લઈને તેની સાથે ઝઘડો કરી માનસિક તથા શારીરિક ત્રાસ આપતા હતા. સાસુ દ્વારા માર મારવામાં આવતો હતો. આ ઉપરાંત નણંદો પતિને તેની વિરુદ્ધ ચઢાવતી હોવાનો તેમજ પરિવારજનો તેના ચારિત્ર્ય અંગે શંકા કરતા હતા.આ દરમિયાન ૧૦ સપ્ટેમ્બરના રોજ બપોરે સાસુએ પુત્રવધૂને બાથરૂમ એસિડથી સાફ કરવા કહ્યું હતું. જોકે, પરિણીતાએ પોતાને એસિડથી એલર્જી હોવાથી એસિડથી સફાઈ કરવાની ના પાડી હતી. આ વાતથી ઉશ્કેરાયેલી સાસુ બાથરૂમમાંથી



એસિડની બોટલ લઈ આવી હતી અને પુત્રવધૂના ગળાના જમણા ભાગ તથા મોઢા પર એસિડ ફેંકી દીધું હતું.એસિડ પડતાં પરિણીતાને ગળા અને મોઢા પર ગંભીર બળતરા થતાં તેણે પતિને ફોન કરી જાણ કરી હતી. જોકે, પતિ તરફથી યોગ્ય પ્રતિસાદ ન મળતાં પિયરમાં પિતરાઈ ભાઈઓની મદદથી તેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સારવાર લીધા બાદ પરિણીતા પોતાના વતન સાવરકુંડલા ગઈ હતી અને ત્યારબાદ પરત આવી ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ગોરવા પોલીસે ફરિયાદના આધારે સાસુ અને પતિ સહિતના લોકો વિરુદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી હતી.

ગોરવા પોલીસે ફરિયાદી મહિલાના પતિ પિયુષભાઈ ગણપતભાઈ દુધરેજીયાની અટકાયત કરી છે.

## એશિયન ગેમ્સ 2026 : જાપાનના આઈચી–નાગોયામાં 19 સપ્ટેમ્બરથી થશે રમતોનું સત્તાવાર આયોજન, ભારતની 508 સભ્યોની ટીમ લેશે ભાગ


# મિશન 100+ મેડલ...

## એથ્લેટિક્સ પર ભારતીય આશાઓનો ભાર

**43 રમતો**
**71 સ્પર્ધાઓ**
**469 મેડલ**
**45 દેશ**
**11,000 એથ્લેટ**
**ભારતનો પડકારઃ 37 રમતો 272 પુરુષ ખેલાડી**

**સિટી ન્યૂઝ@ટોક્યો**

જાપાનના આઈચી-નાગોયામાં ૧૯ સપ્ટેમ્બરથી એશિયન ગેમ્સ ૨૦૨૬ની સત્તાવાર શરૂઆત થશે. જોકે વોલીબોલ સહિત કેટલીક સ્પર્ધાઓ ૧૦ સપ્ટેમ્બરથી શરૂ થઈ ચૂકી છે. જો ભારતીય ટીમની વાત કરીએ તો તેની નજર સતત બીજી વખત ૧૦૦ થી વધુ મેડલ જીતવા પર રહેશે. ભારતે ૨૦૨૨ એશિયન ગેમ્સમાં પહેલીવાર ૧૦૦ નો આંકડો પાર કર્યો હતો અને કુલ ૧૦૬ મેડલ જીત્યા હતા. ભારતીય ટીમે જો અગાઉના પ્રદર્શન કરતા આગળ



નીકળવું હોય તો તેને એથ્લેટિક્સમાં શાનદાર પ્રદર્શન કરવું પડશે. રમતોના ઈતિહાસમાં ભારતે સૌથી વધુ ૨૮૩ મેડલ એથ્લેટિક્સમાં જ જીત્યા છે. ૨૦૨૨ માં એથ્લેટિક્સમાં ૨૯ અને શૂટિંગમાં ૨૨ મેડલ જીત્યા હતા.

### કુસ્તી... સુવર્ણ દાવનો પડકાર

ભારતે અત્યાર સુધી જીત્યા કુલ મેડલઃ ૬૫ (૧૧ સુવર્ણ, ૧૫ રજત અને ૩૯ કાંસ્ય)
ગત વખતેઃ ભારતે ૨૦૨૨ માં ૦૬ મેડલ જીત્યા (૦૧ રજત, પાંચ કાંસ્ય)
ભારતની ૧૮ સભ્યોની ટીમ એશિયન ગેમ્સમાં આ વખતે કુસ્તીમાં પડકાર ફેંકવા ઉતરશે. ગત વખતે ભારત એક પણ સુવર્ણ ચંદ્રક જીતવામાં સફળ રહ્યું ન હતું. આ ટીમમાં મહિલા પહેલવાન અંતિમ પંઘાલ સિવાય અન્ય કોઈ એશિયન ગેમ્સમાં મેડલ જીતી શક્યું નથી. ભારતીય ટીમમાં અનુભવની કમી છે. એવામાં આકરા પડકારનો સામનો કરવો પડશે. માત્ર અંતિમના નામે મેડલઃ ૨૨ વર્ષીય અંતિમ પંઘાલે ૨૦૨૨ એશિયન ગેમ્સમાં ૫૩ કિગ્રા વર્ગમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. તેમની પાસેથી આ વખતે સુવર્ણની આશા છે.

### શૂટિંગ... મનુ અને ઈશાના અચૂક નિશાન



ભારતે જીત્યા કુલ મેડલઃ ૮૦ (૧૬ સુવર્ણ, ૩૦ રજત, ૩૪ કાંસ્ય)
ગત વખતેઃ ૨૦૨૨ માં ૨૨ મેડલ જીત્યા (૦૭ સુવર્ણ, ૦૯ રજત, ૦૬ કાંસ્ય)
એથ્લેટિક્સ બાદ ભારતની આશાઓ સૌથી વધુ શૂટરો પર ટકેલી છે. ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકમાં બે કાંસ્ય ચંદ્રક જીતનાર મનુ ભાકર સિવાય ઈશા સિંહ અને સિફ્ટ કૌર સામરા મેડલ જીતવાની પ્રબળ દાવેદાર છે.

### આ 4 રમતો, જેમાં ભારતે સૌથી વધુ મેડલ જીત્યા

- એથ્લેટિક્સ... નીરજ ચોપરાની કમી વર્તાશે
- ભારતે જીત્યા કુલ મેડલઃ ૨૮૩ (૮૫ સુવર્ણ, ૧૦૨ રજત, ૯૬ કાંસ્ય)
- ગત વખતેઃ ૨૦૨૨ માં એથ્લેટિક્સમાં ૨૯ મેડલ જીત્યા (૦૬ સુવર્ણ, ૧૪ રજત અને ૦૯ કાંસ્ય)

એથ્લેટિક્સમાં ભારતની ૭૪ સભ્યોની ટીમ એશિયન ગેમ્સમાં ભાગ લેશે. જોકે આ વખતે બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા અને ગત વખતના ચેમ્પિયન સ્ટાર ભાલાફેંક એથ્લેટ નીરજ ચોપરાની કમી બધાને વર્તાશે, જેઓ ઈજાગ્રસ્ત હોવાના કારણે આ રમતોમાં ભાગ લઈ રહ્યા નથી. તેમના બહાર થવાથી હવે તજિન્દર પાલ તૂર અને અવિનાશ સાબલે પાસેથી આશા રહેશે.



**આ સ્ટાર, જેમની પર છે દારોમદાર**
લવલીનાઃ ૭૫ કિગ્રા - ૦૧ રજત (૨૦૨૨)
નિખતઃ ૫૦ કિગ્રા - ૦૧ કાંસ્ય (૨૦૨૨)
પ્રીતિ પંવારઃ ૫૪ કિગ્રા - ૦૧ કાંસ્ય (૨૦૨૨)

### આ સ્ટાર, જેમની પર છે દારોમદાર

- તજિન્દર પાલઃ શોર્ટપુટ - ૨ સુવર્ણ (૨૦૧૮, ૨૦૨૨)
- પારુલ ચૌધરીઃ સ્ટીપલચેઝ - ૧ સુવર્ણ, ૧ રજત (૨૦૨૨)
- અવિનાશ સાબલેઃ સ્ટીપલચેઝ - ૧ સુવર્ણ (૨૦૨૨)
- આ સ્ટાર, જેમની પર છે દારોમદારઃ
- મનુ ભાકરઃ પિસ્તોલ - ૦૧ સુવર્ણ (૨૦૨૨)
- ઈશા સિંહઃ પિસ્તોલ - ૦૧ સુવર્ણ, ૨ રજત (૨૦૨૨)
- ઐશ્વર્ય પ્રતાપઃ રાઈફલ - ૦૨ સુવર્ણ (૨૦૨૨)

### તીરંદાજોએ અત્યાર સુધી કુલ ૧૯ મેડલ જીત્યા

ગત વખતેઃ ભારતે ૨૦૨૨ માં કુલ ૦૯ મેડલ જીત્યા હતા (૦૫ સુવર્ણ, ૦૨ રજત અને ૦૨ કાંસ્ય). ૨૦૨૨ એશિયન ગેમ્સમાં ભારતીય તીરંદાજોનું પ્રદર્શન ખૂબ જ શાનદાર રહ્યું હતું. આ વખતે કુલ ૧૨ તીરંદાજો પડકાર રજૂ કરશે, જેમાં છ પુરુષ અને છ મહિલા તીરંદાજ છે. ગત વખતે જ્યોતિ સુરેખા વેન્નમે ઈતિહાસ રચતા સૌથી વધુ ત્રણ સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યા હતા. જોકે આ વખતે અનુભવી દીપિકા કુમારી અને અતનુ દાસની કમી વર્તાશે, જેઓ એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય થઈ શક્યા નથી.




### બોક્સિંગમાં પુરુષોએ ખાતું ખોલાવવાની જરૂર

ભારતે અત્યાર સુધી જીત્યા કુલ મેડલઃ ૬૧ (૦૯ સુવર્ણ, ૧૭ રજત, ૩૫ કાંસ્ય) ગત વખતેઃ ભારતીય બોક્સરોએ ૦૪ મેડલ જીત્યા (૦૧ રજત, ૦૩ કાંસ્ય)
બોક્સિંગમાં ભારતની ૧૪ સભ્યોની ટીમ ભાગ લેશે. જેમાં ૮ પુરુષ અને ૬ મહિલા બોક્સર છે. ગત વખતે રજત જીતનાર લવલીનાની નજર અહીં મેડલનો રંગ બદલવા પર રહેશે.



## ચિંતાજનક રિપોર્ટઃ હિમાલય ક્ષેત્રમાં ભારતની ભૂમિ માત્ર 18% જ છે પરંતુ કુદરતી આપત્તિઓનો 35% હિસ્સો આ ક્ષેત્રમાં નોંધાય છે

# હિમાલયનો 80% બરફ પાણી બનવાની ચેતવણી; ભારત પર જળસંકટનો ખતરો




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

હિમાલયના ગ્લેશિયર પીગળવાને લઈને એક અત્યંત ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે, જે સમગ્ર ક્ષેત્ર માટે ગંભીર ચિંતાનો વિષય છે. રિપોર્ટ મુજબ, એક દાયકા પહેલાની સરખામણીએ હવે હિમાલયના ગ્લેશિયર આશરે ૬૫ ટકા વધુ ઝડપથી પીગળી રહ્યા છે. આ સંશોધન ગ્લોબલ કન્સલ્ટન્સી સિસ્ટેમિક દ્વારા ઈન્ટિગ્રેટેડ માઉન્ટેન ઈનિશિયેટિવ સાથે મળીને કરવામાં આવ્યું છે. જેમાં અન્ય અસંખ્ય સંસ્થાઓએ પણ યોગદાન આપ્યું છે. આ અહેવાલ એવા સમયે આવ્યો છે જ્યારે નેપાળ અને તિબેટના હિમાલયમાં ભયાનક પૂરની સ્થિતિ સર્જાઈ ચૂકી છે અને હજારો લોકો પ્રભાવિત થયા છે. શોધમાં ખુલાસો થયો છે કે હિમાલય ક્ષેત્રમાં ભારતની ભૂમિ માત્ર ૧૮ ટકા જ છે, પરંતુ કુદરતી આપત્તિઓનો ૩૫ ટકા હિસ્સો આ જ ક્ષેત્રમાં નોંધાય છે. ભારતીય હિમાલયના જે ક્ષેત્ર પર મોટું સંકટ

> **ગ્લેશિયલ ઝડપથી પીગળવા પાછળ ગ્લોબલ વોર્મિંગની સાથે–સાથે 'બ્લેક કાર્બન' સૌથી મોટું કારણ**

તોળાઈ રહ્યું છે, તેનું દેશની જીડીપીમાં ૨૦ ટકા જેટલું મોટું મહત્ત્વ અને યોગદાન છે. આ ગ્લેશિયર ઝડપથી પીગળવા પાછળ ગ્લોબલ વોર્મિંગની સાથે-સાથે 'બ્લેક કાર્બન' સૌથી મોટું કારણ છે. મેદાની વિસ્તારોના ઈંટ-ભઠ્ઠાઓમાંથી નીકળતો ધુમાડો બ્લેક કાર્બન તરીકે ગ્લેશિયર પર જમા થાય છે, જેના કારણે બરફ અતિ ઝડપથી ઓગળવા લાગે છે.રિપોર્ટમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે આ સદીના મધ્ય સુધીમાં હિમાલય બેસિનની નદીઓમાં પાણીનું સ્તર પોતાના ચરમ પર પહોંચી જશે અને ત્યારબાદ નદીઓ સૂકાવા લાગશે. એટલું જ નહીં, વર્ષ ૨૧૦૦ સુધીમાં હિન્દુ કુશ ક્ષેત્રમાં રહેલા ગ્લેશિયરનો ૮૦ ટકા જથ્થો પાણી બનીને જોખમમાં મુકાઈ જશે. ભારત સરકાર અને સંબંધિત તંત્રએ બ્લેક કાર્બનના ઉત્સર્જનને રોકવા માટે તાત્કાલિક ધોરણે નક્કર પગલાં લેવાની તાતી જરૂર છે, જેથી ભવિષ્યની આ ભયાનક આપત્તિથી બચી શકાય.

## મેદાની વિસ્તારોમાં ઈંટ–ભઠ્ઠાઓમાંથી નીકળતો ધુમાડો બ્લેક કાર્બન તરીકે ગ્લેશિયરમાં જમા થાય છે જેના કારણે બરફ અતિ ઝડપણી ઓગળવા લાગે

### BJP ધારાસભ્યોએ જમીનનો કબ્જો છોડ્યો

# મોદીને મળ્યા પછી મિત્રને જમીન પાછી મળી

## બાંધકામ પરમિટ પણ પાછી આપી; 8 દિવસ પહેલાં જ PMને મળ્યા હતા

સિટી ન્યૂઝ@નવી દિલ્હી

મહારાષ્ટ્રના મીરા રોડમાં રહેતા ૮૧ વર્ષીય અસગરઅલી વોહરાને તેમની જમીન પાછી મળી ગઈ છે. ભાજપના ધારાસભ્ય નરેન્દ્ર મહેતાએ મંગળવારે જણાવ્યું હતું કે તેઓ વિવાદિત જમીનનો કબજો છોડી રહ્યા છે અને પ્લોટ પર મળેલી બાંધકામ પરવાનગી પણ સરન્ડર કરી રહ્યા છે. તેમણે વોહરા વિરુદ્ધ અગાઉ કરવામાં આવેલી પોલીસ ફરિયાદ પાછી ખેંચવાની વાત પણ કહી.અસગરઅલીએ ૮ સપ્ટેમ્બરે પીએમ મોદી સાથે



મુલાકાત કરી હતી. તેમનો દાવો છે કે તેઓ પીએમ મોદી સાથે ગુજરાતના વડનગર સ્થિત બીએન સ્કૂલમાં સાથે અભ્યાસ કરતા હતા. તેમણે પીએમ મોદી સાથેની મુલાકાત દરમિયાન જમીન વિવાદમાં દખલ દેવા અને સીબીઆઈ તપાસની માંગ કરી હતી.આ મામલા બાદ મંગળવારે મુખ્યમંત્રીના મુખ્ય સચિવ શ્રીકર પરદેશીએ મંત્રાલયમાં બેઠક બોલાવી હતી. આમાં અસગરઅલી વોહરા, નરેન્દ્ર મહેતા, મીરા-ભાઈંદર નગર નિગમ આયુક્ત રાધા વિનોદ શર્મા અને ટાઉન પ્લાનર પુરુષોત્તમ શિંદે હાજર રહ્યા હતા. બેઠકમાં મહેતાએ જમીન અને બાંધકામ પરવાનગી સંબંધિત પોતાના નિર્ણયની જાણકારી આપી.વિવાદ ભાયંદર ઈસ્ટના નવઘર વિસ્તારમાં ૨,૮૧૦ ચોરસ મીટર જમીનનો છે. વોહરાના મતે, તેમણે આ જમીન ૧૯૮૯માં ખરીદી હતી. તેમનો આરોપ છે કે ૨૦૧૧માં સ્વયમ બિલ્ડર્સ અને સેવન ઈલેવન કન્સ્ટ્રક્શન્સે જમીન પર કબજો કરી લીધો હતો. વોહરાએ બંને કંપનીઓને નરેન્દ્ર મહેતા સાથે સંકળાયેલી જણાવી હતી. વોહરાનો આરોપ છે કે તેમની જાણકારી વિના નકલી દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા અને જમીનને બે કંપનીઓ વચ્ચે વહેંચી દેવામાં આવી. તેમનું કહેવું હતું કે તેઓ લગભગ ૧૫ વર્ષથી અલગ-અલગ સરકારી વિભાગો સમક્ષ આ મામલો ઉઠાવી રહ્યા હતા. ૨૦૧૫માં આ મામલે FIR પણ નોંધાઈ હતી.

# નકલી પાસપોર્ટ સાથે ગુજરાત મહિલા કોંગ્રેસ પ્રદેશ પ્રમુખનો પુત્ર ઝડપાયો

સિટી ન્યૂઝ@નવી દિલ્હી

ગુજરાત મહિલા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ગીતાબેન પટેલનો દીકરો હરિકેશ પટેલ નકલી પાસપોર્ટના કેસમાં ઝડપાયો છે. આરોપીનો પાસપોર્ટ EDના કેસમાં જમા હોવા છતા આરોપીએ અન્ય રાજ્યમાંથી નકલી પાસપોર્ટ બનાવ્યો હતો. નકલી પાસપોર્ટના આધારે આરોપી અલગ-અલગ દેશભરમાં ફરવા પણ ગયો હતો. ગુજરાત ATSએ આરોપી હરિકેશ પટેલની ધરપકડ કરી છે.રસપ્રદ વાત એ છે કે, આઠ મહિના પહેલાં આરોપી હરિકેશ પટેલે એક ઈવેન્ટમાં ચાર PI સાથે ફોટા પડાવ્યાં હતાં, તેમાંથી જ બે PIએ હરિકેશને દબોચ્યો છે. ગુજરાત ATSને બાતમી મળી હતી કે, હરિકેશ પ્રણવ પટેલ





(રહે. ઊર્મિ બંગલો, મીરાપાર્ક સોસાયટી શાહીબાગ અમદાવાદ)એ નકલી પાસપોર્ટ બનાવ્યો છે, જેથી ATSએ સાયન્સ સિટી પાસેથી હરિકેશ પટેલની ધરકકડ કરી હતી. આરોપીની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, આરોપી ૨૦૨૩ના EDના મની લોન્ડ્રીંગ કેસમાં સંડોવાયેલો હતો, જેથી આરોપીનો પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવામાં આવ્યો હતો. આ દરમિયાન આરોપીને આગોતરા જામીન માટે અરજી કરતા જામીન મળી ગયા હતા, પરંતુ બાદમાં EDએ જામીન રદ કરાવ્યા હતા. આ દરમિયાન આરોપીએ ગુજરાતનો પાસપોર્ટ હોવા છતાં નકલી પાસપોર્ટ બનાવ્યો હતો. આરોપીએ દુબઈના મિત્ર દ્વારા દિલ્હીના એજન્ટનો સંપર્ક કર્યો હતો. આરોપીએ ૨૫ લાખ એજન્ટને આપીને આગ્રામાં ભાડે રહેતો હોવાનો એગ્રીમેન્ટ કર્યો હતો. જે બાદ દિલ્હી ક્રાઈમ બ્રાન્ચમાં જૂનો પાસપોર્ટ ખોવાઈ ગયો હોવાની ખોટી ફરિયાદ કરી હતી, જે ફરિયાદ અને ખોટા રેંટ એગ્રીમેન્ટના આધારે ગાઝિયાબાદ RPO કચેરીમાં નવા પાસપોર્ટની અરજી કરીને ૨૦૨૪માં બીજો પાસપોર્ટ મેળવ્યો હતો.

### દિપકે પોતાની ટીમને મોકલીને શાળાઓનું ઓડિટ કરાવી શકે છે

# કોકરોચ જનતા પાર્ટી ગુજરાત આવશે?

સિટી ન્યૂઝ@નવી દિલ્હી

નીટ પ્રોટેસ્ટ અને ત્યારબાદ પડેલા ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાથી ચર્ચામાં આવેલી કોકરોચ જનતા પાર્ટીની નજર હવે ગુજરાત પર છે કે શું? આમ આદમી પાર્ટી શાસિત પંજાબ અને કોંગ્રેસની સરકારવાળા કર્ણાટક, ઝારખંડમાં સીજેપીની ટીમો મોકલવા માટે મજબૂર થયેલા અભિજીત દીપકેના નિશાના પર હવે ગુજરાત આવવાનું છે? આવું એટલા માટે ચર્ચાઈ રહ્યું છે કારણ કે સીજેપીના સંસ્થાપક અને રાષ્ટ્રીય સંયોજક અભિજીત દીપકેએ એક સવાલ ઉઠાવતા આવો જ કઈક સંકેત આપ્યો છે.અભિજીત દીપકેએ કહ્યું કે જે રાજ્યો અંગે તેમના પર સવાલ ઉઠી રહ્યા હતા તેઓ ત્યાં ગયા. પરંતુ તેમને નવાઈ એ વાત પર છે કે કોઈ પણ તેમને ગુજરાત જવાનું કહેતું નથી. દીપકેએ કહ્યું કે, "તમે પંજાબ કેમ જતા નથી? તો અમે ગયા. તમે ઝારખંડ કેમ નથી જતા? તો અમે ગયા. તમે કર્ણાટક કેમ જતા નથી? તો અમે ગયા".



"અમને નવાઈ એ વાતની છે કે કોઈ પણ હજુ સુધી ગુજરાત વિશે નથી પૂછતું." એવું માનવામાં આવી રહ્યું છે કે દીપકે કદાચ પોતે કે પોતાની ટીમને ગુજરાત મોકલીને ત્યાંની શાળાઓનું ઓડિટ કરાવી શકે છે.




# ઈરાન યુદ્ધથી તેલ મોંઘુ

# વિશ્વભરમાં સંકટના એંધાણ!

## પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, સીરિયા, ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ દેશોની પરિસ્થિતિ સૌથી ખરાબ

**સિટી ન્યૂઝ@તેહરાન**

ઈરાન યુદ્ધની અસર હવે પશ્ચિમ એશિયાની બહાર પણ દેખાવા લાગી છે. ક્રૂડ ઓઈલની કિંમત ૧૦૦ ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગઈ છે. તેની અસર દરેક દેશમાં અલગ રીતે જોવા મળી રહી છે. ક્યાંક પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો છે, ક્યાંક રસોઈ ગેસ નથી મળી રહ્યો. ફિલિપાઈન્સમાં માછીમારો મોંઘા ડીઝલને કારણે સમુદ્રમાં જઈ શકતા નથી. બાંગ્લાદેશમાં ગેસ અને વીજળીની અછતને કારણે કાપડ ફેક્ટરીઓનું કામ પ્રભાવિત થયું છે. શ્રીલંકામાં સરકાર આ મૂંઝવણમાં છે કે ઈંધણની કિંમત વધારે કે સબસિડી આપીને લોકોને રાહત આપે. જ્યારે, સીરિયા અને ગ્વાટેમાલામાં મોંઘા ઈંધણ વિરુદ્ધ લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા. પોર્ટુગલમાં ડ્રાઈવરોએ ધીમી ગતિએ ગાડીઓ ચલાવીને અને સતત હોર્ન વગાડીને વિરોધ કર્યો. એટલે કે, તેલનું સંકટ હવે માત્ર પેટ્રોલ પંપ સુધી સીમિત નથી. તેની અસર પરિવહન, ખેતી, મત્સ્યપાલન, વીજળી અને ઉદ્યોગ સુધી પહોંચી રહી છે.

## ફિલિપાઈન્સમાં ડીઝલ મોંઘુ થતા માછીમારોએ હોડી રોકી



ઈન્ડોનેશિયાના સુલાવેસી પ્રાંતમાં રસોઈ ગેસની અછત અને વીજળી કાપની ફરિયાદો સામે આવી છે. કેટલીક જગ્યાએ પેટ્રોલનું રેશનિંગ પણ શરૂ કરવામાં આવ્યું છે. પેટ્રોલ પંપોની બહાર લાંબી કતારો લાગી રહી છે. ઘણા લોકો ખાલી ટાંકીવાળી બાઈકને ધક્કો મારીને પંપ સુધી લઈ જતા જોવા મળી રહ્યા છે. ઈંધણના રેશનિંગ સામે ટેક્સી ડ્રાઈવરોએ પ્રદર્શન કર્યું. જાવાના યોગ્યાકાર્તામાં વિદ્યાર્થીઓએ પણ વધતી ઈંધણ કિંમતો સામે વિરોધ કર્યો. ઈન્ડોનેશિયા માટે મુશ્કેલી એ છે કે સરકાર પહેલેથી જ ઈંધણ પર સબસિડી આપે છે. ક્રૂડ ઓઈલની કિંમત અંદાજ કરતાં વધુ વધવા પર આ સબસિડીનો ખર્ચ પણ વધી રહ્યો છે.



## બાંગ્લાદેશમાં ગેસની અછતથી ફેક્ટરીઓમાં કામ અટક્યું

બાંગ્લાદેશની મુશ્કેલી સીધી ઉદ્યોગ સુધી પહોંચી ગઈ છે. દેશ પોતાની જરૂરિયાતના ૯૦% થી વધુ પેટ્રોલિયમ આયાત કરે છે અને મોટી માત્રામાં તેલ મિડલ ઈસ્ટમાંથી આવે છે. ઈંધણ અને ગેસની અછતને કારણે વીજ ઉત્પાદન પ્રભાવિત થયું છે. તેની અસર દેશના કાપડ ઉદ્યોગ પર પણ પડી છે. કેટલીક ફેક્ટરીઓને અસ્થાયી રૂપે બંધ કરવી પડી. ગાઝીપુરના એક કાપડ કારખાનાના અધિકારીએ જણાવ્યું કે દિવસમાં ચાર-પાંચ વાર વીજળી કપાઈ રહી છે. આને કારણે ફેક્ટરીઓમાં ઘણા કલાકો સુધી કામ અટકી જાય છે. બાંગ્લાદેશ માટે આ એટલા માટે મહત્વનું છે કારણ કે કાપડ ઉદ્યોગ દેશના મોટા રોજગાર અને નિકાસ ક્ષેત્રોમાં સામેલ છે.

## પાકિસ્તાનમાં સ્માર્ટ લોકડાઉનની શક્યતા



પાકિસ્તાનમાં ક્રૂડ ઓઈલની અછત અને સપ્લાય પર વધતા દબાણ વચ્ચે સરકાર સામે ઈંધણ સંકટ વધુ ઘેરાવાની સ્થિતિ સર્જાઈ છે. પેટ્રોલિયમ પુરવઠાને અસર ન થાય અને ઉપલબ્ધ સ્ટોકનો નિયંત્રિત ઉપયોગ થઈ શકે તે માટે સરકાર સ્માર્ટ લોકડાઉન જેવા વિકલ્પો પર વિચાર કરી રહી છે. સંભવિત વ્યવસ્થામાં બજારો, વેપારી સંસ્થાઓ અને અન્ય પ્રવૃત્તિઓને ચોક્કસ દિવસો અથવા સમયગાળા માટે મર્યાદિત રાખવાનો સમાવેશ થઈ શકે છે, જેથી પેટ્રોલ-ડીઝલનો વપરાશ ઘટાડી શકાય. દરમિયાન, ઈંધણની ઉપલબ્ધતા જાળવવા અને સંકટને વધુ ગંભીર બનતું અટકાવવા માટે સરકાર પુરવઠા અને વપરાશની સ્થિતિ પર સતત નજર રાખી રહી છે.



## લોસ એન્જલ્સમાં બસ દુર્ઘટનાનું લાઈવ કવરેજ કરી રહ્યું હતું

# ન્યૂઝ ચેનલનું હેલિકોપ્ટર ક્રેશ 3નાં મોત

**સિટી ન્યૂઝ@લોસ એન્જલ્સ**

અમેરિકાના લોસ એન્જલસમાં મંગળવાર, ૧૫ સપ્ટેમ્બરે એક મોટી દુર્ઘટના ઘટી. NBC ન્યૂઝ માટે ઉપયોગમાં લેવાઈ રહેલું એક હેલિકોપ્ટર પાર્કિંગ એરિયામાં ક્રેશ થઈ ગયું, જેમાં ત્રણ લોકોનાં મોત થયા છે. દુર્ઘટના સમયે ન્યૂઝ ટીમ નજીકમાં જ થયેલા એક બસ અકસ્માતનું રિપોર્ટિંગ કરી રહી હતી. NBC૪ લોસ એન્જલસના એન્કર કોલીન વિલિયમ્સે લાઈવ બ્રોડકાસ્ટ દરમિયાન જણાવ્યું કે સ્ટેશનનું હેલિકોપ્ટર સાંજે લગભગ ૭ વાગ્યાથી થોડા સમય પહેલા ક્રેશ થયું હતું. તેમણે કહ્યું કે, "અમે આ ઘટનાને સમજવા માટે થોડી મિનિટો લઈશું." આ દરમિયાન તેમનો અવાજ ધ્રૂજી રહ્યો હતો. થોડી જ વારમાં NBC૪ નું લાઈવ કવરેજ અચાનક બંધ થઈ ગયું.

લોસ એન્જલસ ફાયર ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, હેલિકોપ્ટર લોસ એન્જલસના સેન ફર્નાન્ડો વેલી વિસ્તારના ચેટ્સવર્થમાં એક સ્ટોરેજ ફેસિલિટી પાસે ક્રેશ થયું હતું. તે સમયે ન્યૂઝ ટીમ એક બસ અકસ્માતને કવર કરી રહી હતી. આ બસ અકસ્માતમાં બે લોકોનાં મોત અને ૬ લોકો ઘાયલ થયા હતા. હેલિકોપ્ટર ક્રેશ થયા પછી વધુ એક વ્યક્તિને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જોકે, તે વ્યક્તિની સ્થિતિ અંગે તરત જ કોઈ માહિતી મળી શકી ન હતી.

હેલિકોપ્ટરની અંદરથી રેકોર્ડ કરાયેલો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં અકસ્માતની અંતિમ મોમેન્ટ દેખાઈ રહી છે. વીડિયોમાં હેલિકોપ્ટર બસ અકસ્માત વાળી જગ્યા ઉપર ફરતું જોવા મળે છે. ત્યારબાદ કેમેરો અચાનક ઝડપથી હલવા લાગે છે અને હેલિકોપ્ટર નીચે પડતું દેખાય છે. ફાયર વિભાગના પ્રવક્તા કેપ્ટન બ્રાન્ડેન સિલ્વરમેને જણાવ્યું હતું કે, અકસ્માતમાં મૃત્યુ પામેલી એક વ્યક્તિ પાર્કિંગ સ્થળ પર હોવાની પુષ્ટિ થઈ છે. જોકે, હજુ એ સ્પષ્ટ નથી થયું કે બાકીના બે મૃતકો જમીન પર હાજર હતા કે હેલિકોપ્ટરમાં સવાર હતા. અકસ્માત બાદ એક વ્યક્તિને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. તેની સ્થિતિ અંગે તાત્કાલિક કોઈ માહિતી મળી શકી નથી. સિલ્વરમેને કહ્યું કે, અકસ્માત સમયે હેલિકોપ્ટરમાં કેટલા લોકો સવાર હતા તે જાણવાનો અધિકારીઓ પ્રયાસ કરી રહ્યા છે. તેમના જણાવ્યા મુજબ, હેલિકોપ્ટર સંપૂર્ણપણે બળી ગયું છે અને કાટમાળની તપાસ કર્યા પછી જ અકસ્માતમાં કુલ નુકસાન અને મૃત્યુઆંક અંગેની સ્થિતિ સ્પષ્ટ થઈ શકશે. હેલિકોપ્ટરમાં આગ લાગ્યા બાદ આસપાસ પાર્ક કરેલી ચાર કાર અને બે કન્ટેનર પણ આગની લપેટમાં આવી ગયા હતા. ફાયર ટીમે થોડા જ સમયમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો. હેલિકોપ્ટર દુર્ઘટનાના લગભગ બે કલાક પહેલાં આ જ વિસ્તારમાં એક એસયૂવીએ સિટી બસને જોરદાર ટક્કર મારી હતી.

## બોઈંગ 737ના એન્જિનમાં પણ ખામી સર્જાઈ

# ઈરાનમાં ઉડાન ભરતા જ વિમાનનું ટાયર ફાટ્યું



## મશહદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવાયું

**સિટી ન્યૂઝ@મશહદ**

ઈરાનના મશહદ એરપોર્ટ પરથી ઉડાન ભર્યાના થોડા સમય બાદ એક વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું. વિમાનનું હવામાં જ એક ટાયર ફાટી ગયું. RT અનુસાર, સેફાન એરલાઈન્સના બોઈંગ ૭૩૭ વિમાનનું ટાયર ફાટ્યા બાદ એન્જિનને પણ નુકસાન થયું.

આને કારણે પાયલટે વિમાનને સુરક્ષિત રીતે પાછું મશહદ લઈ જવાનો નિર્ણય કર્યો. આ વિમાન મશહદથી કેરમાનશાહ જઈ રહ્યું હતું. ઘટના દરમિયાન વિમાનની અંદર બેઠેલા મુસાફરો ખૂબ ગભરાઈ ગયા.

મીડિયા રિપોર્ટ અનુસાર, વિમાનમાં સવાર તમામ લોકોને સુરક્ષિત રીતે ઉતારી લેવામાં આવ્યા અને કોઈના ઘાયલ થવાની જાણકારી નથી.

અકસ્માત દરમિયાન વિમાનમાં બેઠેલા મુસાફરો ખૂબ ડરી ગયા હતા. સામે આવેલા વીડિયોમાં ઘણા મુસાફરો ચીસો પાડતા અને પ્રાર્થના કરતા જોવા મળ્યા. અકસ્માત દરમિયાન વિમાનમાં બેઠેલા મુસાફરો ખૂબ ડરી ગયા હતા. સામે આવેલા વીડિયોમાં ઘણા મુસાફરો ચીસો પાડતા અને પ્રાર્થના કરતા જોવા મળ્યા. ઈરાનના રઝાવાઈ ખોરાસાન પ્રાંતની સરકારે જણાવ્યું કે આ ઘટના સ્થાનિક સમય અનુસાર સાંજે ૫:૩૯ વાગ્યે બની હતી. ઈરાની ન્યૂઝ એજન્સી આખરીન ખબરે ઘટનાનો એક વીડિયો જાહેર કર્યો છે. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે લેન્ડિંગ દરમિયાન વિમાનની છતનું અંદરનું એક પડ તૂટીને મુસાફરો પર પડ્યું હતું.

જોકે, આ ઘટનામાં કોઈના ઘાયલ થયાની માહિતી નથી. સેફાન એરલાઈન્સના પ્રવક્તા હસન જાફરીએ સરકારી ન્યૂઝ એજન્સી ફાર્સને જણાવ્યું કે તમામ મુસાફરો સુરક્ષિત રીતે વિમાનમાંથી બહાર નીકળી ગયા. ત્યારબાદ તેમને બીજી ફ્લાઇટથી કેરમાનશાહ મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી.

ટાયર ફાટવું એટલે જ વિમાન ક્રેશ થાય એવું નથી હોયું. વાસ્તવિક ખતરો એ વાત પર નિર્ભર કરે છે કે ટાયર ક્યારે ફાટ્યું, વિમાન ટેકઓફ કરી રહ્યું હતું કે લેન્ડિંગ, કેટલા ટાયર પ્રભાવિત થયા અને ફાટવાથી કોઈ બીજો ભાગ, જેમ કે એન્જિન કે લેન્ડિંગ ગિયર ક્ષતિગ્રસ્ત થયું કે નહીં. ટાયરના ટુકડા પણ વિમાનના બીજા ભાગોને નુકસાન પહોંચાડી શકે છે. આ જ કારણે પાયલટ આવી સ્થિતિમાં તરત જ ઇમરજન્સી પ્રક્રિયા અપનાવે છે અને જરૂર પડ્યે વિમાનને પાછું એરપોર્ટ લાવીને ઉતારે છે. વિમાનનું ટાયર ફાટવું પહેલા પણ ઘણી વાર ગંભીર સ્થિતિ ઊભી કરી ચૂક્યું છે, પરંતુ દરેક ટાયર ફાટવાની ઘટના વિમાન દુર્ઘટનામાં બદલાતી નથી.

ઓગસ્ટ ૨૦૨૬- અમેરિકાઃ લોસ એન્જલસમાં બોઈંગ ૭૩૭ કાર્ગો વિમાન ઉતરતી વખતે બ્રેક લોક થઈ ગયા, જેનાથી ચારેય ટાયર ફાટી ગયા અને વિમાનની નીચે આગ લાગી ગઈ. વિમાન રનવે પર રોકાઈ ગયું અને કોઈ મોટી જાનહાનિ થઈ નહીં.

મે ૨૦૨૪- તુર્કીયેઃ ગાઝીપાસા એરપોર્ટ પર કોરેન્ડન એરલાઈન્સના બોઈંગ ૭૩૭નું આગળનું ટાયર લેન્ડિંગ દરમિયાન ફાટી ગયું હતું. વિમાનનું લેન્ડિંગ ગિયર પણ ક્ષતિગ્રસ્ત થયું હતું અને વિમાન રનવે પર અટકી ગયું હતું. તેમાં ૧૮૪ મુસાફરો અને ૬ ક્રૂ મેમ્બર હતા અને તમામને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં શું મળે ડૂપ્લિકેટ, ડૂપ્લિકેટ જ

### જૂનાગઢ પોલીસે દરોડો પાડતા ખુલ્યું રહસ્ય

## નકલી દૂધ બનાવવાનું રેકેટ પકડાયું

### પામોલીન તેલ પાઉડરથી બનાવતો દરરોજ 800 લિટર દૂધ ડેરીમાં વેંચતો



**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

રાજયમાં નકલી દૂધ, ઘી અને પનીર બનાવતા ઈસમોને પકડવાની ચાલતી વિશેષ ઝુંબેશ અંતર્ગત જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ખાનગી બાતમીના આધારે એક મોટા નકલી દૂધના રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. જૂનાગઢ તાલુકાના ડુંગરપુર ગામના ચાંદની ચોક વિસ્તારમાં રહેતો ઇકબાલ ચૌહાણ નામનો શખ્સ પોતાના ઘરમાં દૂધ બનાવવાનો પાવડર અને પામોલીન તેલનો ઉપયોગ કરીને બનાવટી દૂધ બનાવી નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતો હોવાની ચોક્કસ માહિતી મળી હતી. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ તથા ફૂડ ઈન્સ્પેક્ટર દ્વારા સંયુક્ત રીતે દરોડો પાડ્યો હતો. ઘટનાસ્થળેથી આરોપી ઇકબાલ ઈબ્રાહિમ ચૌહાણ હાજર મળી આવ્યો હતો. તેના ઘરમાંથી આશરે ૩૫ લીટર બનાવટી દૂધ, પામોલીન તેલના ૧૩ ડબ્બા, સાગર અને અમુલ બ્રાન્ડના દૂધ બનાવવાના પાવડરના પેકેટો તથા લૂઝ પાવડર સહિત કુલ રૂપિયા ૮૬,૬૪૦ની મત્તાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપી છેલ્લા ૪થી ૫ મહિનાથી આ પ્રકારે બનાવટી દૂધ બનાવતો હતો. તે મેંદરડા ખાતે આવેલ મયુર ટ્રેડર્સ વાળા મહેશભાઈ પાસેથી પામોલીન તેલ અને દૂધ બનાવવાનો પાવડર ખરીદતો હતો. ત્યારબાદ મિક્સરમાં પામોલીન તેલ, પાવડર અને પાણી મિક્સ કરીને ઘટ્ટ ડુપ્લીકિટ દૂધ તૈયાર કરતો હતો.

આરોપી પોતાના ઘરે બનાવેલા આ ડુપ્લીકિટ દૂધને ઓરિજિનલ દૂધ સાથે ભેળવી દેતો હતો અને સવાર-સાંજ થઈને દરરોજ આશરે ૨૦થી ૨૨ કેન એટલે કે આશરે ૮૦૦ લીટર દૂધ બે પ્રાઈવેટ ડેરીઓમાં વેચતો હતો. જેમાં નાગલપુર ગામે પ્રાઈવેટ ડેરી ચલાવતા ડાયાભાઈ રબારી અને નાંદરખી ગામે પ્રાઈવેટ ડેરી ચલાવતા મીતુલભાઈ પટેલનો સમાવેશ થાય છે.

તપાસમાં બહાર આવ્યું હતું કે, નાંદરખીના મીતુલભાઈ પટેલ પાસે આજુબાજુના ગામોનું દરરોજનું ૧૨૦૦થી ૧૫૦૦ લીટર દૂધ એકત્રિત થતું હતું, જેને તેઓ ઠંડુ કરીને માળીયા ચીલીંગ સેન્ટરમાં મોકલતા હતા. જ્યારે નાગલપુરના ડાયા રબારી પાસે રોજનું ૧૫૦૦થી ૨૦૦૦ લીટર દૂધ ભેગું થતું હતું જે વાડલા ફાટક પાસે આવેલી સોરઠ ડેરીમાં મોકલવામાં આવતું હતું.

### સુરતમાં બ્રાન્ડેડ ડબ્બામાં લૂઝ તેલ વેંચાતું

## અસલી તેલના ડબ્બામાં નકલી તેલ નાખવાનું કૌભાંડ

### પામોલિનમાંથી સિંગતેલ બનાવી બ્રાન્ડેડ કંપનીઓના નામે દુકાનોને વેંચવાનું રેકેટ



**સિટી ન્યૂઝ@સુરત**

કામરેજના નવાગામમાં નકલી સિંગતેલ બનાવાની ફેકટરી ઝડપાઈ છે. સોમવારે રાત્રે નવકાર બિઝનેસ હબની શિવ ટ્રડિંગ કંપનીમાં CID ક્રાઈમ અને CID ફૂડ વિભાગે પાડેલા દરોડામાં ૨૦ લાખનો ૧૩,૭૩૪ કિલો જથ્થો મળી આવતાં કંપની સીલ કરાઈ હતી. ફૂડ સેફ્ટી વિભાગે નમૂના લઈ રાજકોટની સરકારી લેબમાં મોકલી આપ્યા છે.કારખાનાના માલિક જયેશ વિનુભાઈ હીરપરા (રહે. આઇકોનિક શિવાંત, ગઢપુર રોડ) જથ્થા અંગે સંતોષકારક ખુલાસો કરી શક્યા ન હતા. તેઓ પામોલિન તેલમાંથી નકલી સિંગતેલ બનાવીને બ્રાન્ડના નામે ૧૫ કિલોના ડબ્બા ભરીને દુકાનોમાં વેચાણ કરતા હતા.તપાસ દરમિયાન બે મોટા પામોલિન તેલ ભરેલા ટાંકા તેમજ પલ, સૌરાષ્ટ્ર સિંગતેલ, રાજહંસ કપાસિયા, સન ફલાવર, આનંદ મગફળી તેમજ સન ગોલ્ડ ફલાવર બ્રાન્ડના ડબ્બામાં ભરેલો નકલી તેલનો જથ્થો મળી આવ્યો હતો. આ રેડ દરમિયાન જયેશ હીરપરા અને મિલન મહેશ પંડ્યા હાજર હતા, જેમાં જયેશે કારખાનું પોતાની માલિકીનું હોવાની કબૂલાત કરી હતી.

### ભેળસેળ આ રીતે કરાતું હતું

કૃત્રિમ ફ્લેવર-એસેન્સઃ શુદ્ધ તેલ જેવી સુગંધ અને સ્વાદ લાવવા પીનટ ફ્લેવર એસેન્સ' અને કૃત્રિમ સુગંધિત એજન્ટ્સ ભેળવાતા હતા.

કેમિકલ-ડાઈઝઃ પામોલિન તેલનો રંગ અને ચીકાશ અસલી સિંગતેલ કે કપાસિયા તેલ જેવું જ દેખાય તે માટે જોખમી કેમિકલ્સ-ડાઈઝનો ઉપયોગ કરાતો હતો.

### આરોગ્ય માટે કેટલું હાનિકારક

કેન્સરનું જોખમઃ સસ્તા કેમિકલ ડાઈઝ અને કૃત્રિમ એસેન્સ કેન્સર પણ કરી શકે છે.

કોષોને નુકસાનઃ આવા રાસાયણિક પદાર્થો શરીરના તંદુરસ્ત કોષોને નષ્ટ કરે છે.

જીવલેણ બીમારીઓઃ ભેળસેળયુક્ત તેલ લાંબો સમય ખાવાથી કેન્સર અને પાચનતંત્રને લગતી જીવલેણ બીમારી થઈ શકે છે.




### ભારતમાં ઈન્ટરનેટ વપરાશ નવી ઉંચાઈએ પહોંચ્યો

# દેશમાં ‘રિલ્સ’ જોવામાં ગુજરાત ચોથા ક્રમે

## ગુજરાતમાં 42.2 પેટાબાઈટ ડેટાનો વપરાશ થઈ રહ્યો છે

### દેશમાં ઈન્ટરનેટ યુઝર્સની પહેલી પસંદ કોણ

| નંબર-1 | નંબર-2 | નંબર-3 | નંબર-4 |
|---|---|---|---|
| યૂ ટ્યૂબ | ઈન્સ્ટાગ્રામ | ફેસબુક | વોટ્સએપ |
| 24.3% | 21.7% | 17.5% | 3.5% |

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

સ્માર્ટફોન અને આઈપેડ સ્ક્રીન પર કલાકો સુધી સ્ક્રોલ કરવાથી, વિડિઓ સ્ટ્રીમિંગથી અને સોશિયલ મીડિયા પ્રવૃત્તિમાં વધારો થવાથી દેશમાં ઇન્ટરનેટ વપરાશ નવી ઊંચાઈએ પહોંચ્યો છે. રસપ્રદ વાત એ છે કે ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઈ (TRAI)ના તાજેતરના આંકડા અનુસાર બિહારની ટેલિ-ડેન્સિટી એટલે કે વસ્તીના પ્રમાણમાં ફોન કનેક્શન દેશમાં સૌથી ઓછું છે.તેમ છતાં રોજિંદા ડેટા વપરાશમાં બિહાર સૌથી ઉપર છે. સ્પષ્ટ છે કે જેટલા લોકો સુધી ઇન્ટરનેટ પહોંચ્યું છે તેઓ તેનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે અને રીલ્સ પણ મોટા પ્રમાણમાં જોઈ રહ્યા છે.

ટેલિકોમ ક્ષેત્રના આંકડા મુજબ બિહારમાં દરરોજ આશરે ૪૯.૧ પેટાબાઈટ ડેટાનો વપરાશ થઈ રહ્યો છે. જે લગભગ ૫ કરોડ ૧૪ લાખ જીબી જેટલો છે. આ લિસ્ટમાં મહારાષ્ટ્ર ૪૮.૭ PB સાથે બીજા અને ઉત્તર પ્રદેશ (પૂર્વ વિસ્તાર) ૪૨.૩૧ PB સાથે ત્રીજો ક્રમ ધરાવે છે. ત્યારબાદ ગુજરાત ૪૨.૨ PB અને મધ્ય પ્રદેશ ૪૧.૩ PB સાથે આવે છે.

દેશભરના ઇન્ટરનેટ યુઝર્સની પહેલી પસંદ હજુ પણ યુટ્યુબ છે. કુલ ડેટા વપરાશમાં યુટ્યુબનો હિસ્સો ૨૪.૩% છે. એટલે કે ઇન્ટરનેટ પર વપરાતા ડેટાનો લગભગ ચોથો ભાગ માત્ર યુટ્યુબ પર વીડિયો જોવા માટે ખર્ચાય છે. ઇન્સ્ટાગ્રામ ૨૧.૭% હિસ્સા સાથે બીજા અને ફેસબુક ૧૭.૫% સાથે ત્રીજા ક્રમે છે. ત્યારબાદ ગૂગલ પર સર્ચિંગ અને અન્ય ઓનલાઈન પ્રવૃત્તિઓનો ૫.૨% અને વોટ્સએપનો ૩.૫% હિસ્સો છે.

### ડેટા વપરાશ વધવાની ત્રણ મોટી કારણો

- **વીડિયો સ્ટ્રીમિંગઃ** યુટ્યુબ, નેટફ્લિક્સ જેવા OTT એપ્સ પર વીડિયો જોવાથી સૌથી વધુ ડેટા ખર્ચાય છે.
- **સોશિયલ મીડિયાઃ** ઇન્સ્ટાગ્રામ અને ફેસબુક પર રીલ્સ તથા ફોટા જોવામાં પણ સતત ડેટા વપરાતો રહે છે.
- **ડાઉનલોડિંગ અને ઓટો–અપડેટઃ** મોટી ફાઈલો ડાઉનલોડ કરવાથી અથવા એપ્સને ઓટો-અપડેટ પર રાખવાથી ડેટા ઝડપથી ખતમ થાય છે.

### ભારતીયો મહિનામાં કેટલો ડેટા વાપરે છે?

એરિક્સનની જૂન ૨૦૨૬ ની મોબિલિટી રિપોર્ટ અનુસાર, ભારતમાં દરેક સ્માર્ટફોન યુઝર સરેરાશ દર મહિને ૩૭ જીબી ડેટાનો ઉપયોગ કરી રહ્યો છે. આગામી પાંચ વર્ષમાં આ આંકડો વધીને ૭૦ જીબી સુધી પહોંચવાનો અંદાજ છે. રિપોર્ટ અનુસાર સસ્તા ૫G ડિવાઈસ, વધુ સારા નેટવર્ક કવરેજ અને ફિક્સ્ડ વાયરલેસ એક્સેસ (FWA) સેવાઓની વધતી માંગને કારણે ૨૦૩૧ સુધીમાં ભારતમાં ૫G સબ્સ્ક્રિપ્શન ૧.૧૦ અબજથી વધુ થઈ શકે છે. એટલે કે કુલ સબ્સ્ક્રિપ્શનમાં તેનો હિસ્સો લગભગ ૮૧% સુધી પહોંચી શકે છે.

## મધ્યપ્રદેશના જંગલોમાં

# ગણેશોત્સવની સાથે-સાથે હાથી મહોત્સવ



## 7 દિવસ હાથીઓ પાસે કોઈ કામ નહીં કરાવાય

**સિટી ન્યૂઝ@ભોપાલ**

મધ્યપ્રદેશના સાતપુડા ટાઈગર રિઝર્વ (STR)માં ગણેશોત્સવની સાથે સાત દિવસીય હાથી મહોત્સવનો પણ પ્રારંભ થયો છે. સોમવારથી શરૂ થયેલા આ વિશેષ મહોત્સવ દરમિયાન સાતપુડા ટાઈગર રિઝર્વના જંગલ વિસ્તારમાં ફરજ બજાવતા હાથીઓને આરામ આપવામાં આવશે. કામતીના ખરેર કેમ્પમાં તૈનાત હાથીઓને ખાસ રીતે મહોત્સવમાં સામેલ કરવામાં આવ્યા છે.

મહોત્સવના પ્રથમ દિવસે હાથીઓની પરંપરાગત રીતે પૂજા-અર્ચના કરવામાં આવી હતી અને આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ તેમને લાંબા સમય સુધી નદીમાં સ્નાન કરાવવામાં આવ્યું હતું. સ્નાન બાદ હાથીઓના શરીર પર એરંડાના તેલથી માલિશ કરવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયાનો હેતુ હાથીઓને આરામ અને તાજગી આપવાનો છે.

હાથી મહોત્સવ દરમિયાન સાત દિવસ સુધી હાથીઓ પાસેથી કોઈ પ્રકારનું કામ લેવામાં આવશે નહીં. સામાન્ય દિવસોમાં જંગલમાં પેટ્રોલિંગ, સંશોધન અને અન્ય કામગીરીમાં ઉપયોગમાં લેવાતા હાથીઓને આ સમયગાળા દરમિયાન સંપૂર્ણ આરામ આપવામાં આવશે. તેમની દૈનિક દેખરેખ અને સંભાળ માટે વન વિભાગની ટીમ સતત હાજર રહેશે.

આ મહોત્સવમાં પૂજા, મારીઆ, પ્રિયા, અંજુગમ અને ગજા સહિતના હાથીઓ ભાગ લઈ રહ્યા છે. મહોત્સવ દરમિયાન તેમના ખોરાકનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. હાથીઓને તેમની પસંદગી અને પોષણની જરૂરિયાત મુજબ શેરડી, મકાઈ, નારિયેળ, કેળા, કાકડી, તરબૂચ અને સંતરા સહિતના ફળો અને ખાદ્ય પદાર્થો આપવામાં આવશે.

આ ઉપરાંત હાથીઓ માટે મલ્ટીગ્રેન લોટમાંથી તૈયાર કરવામાં આવેલા રોટલા પણ બનાવવામાં આવશે. અલગ-અલગ પ્રકારના પૌષ્ટિક ખોરાક દ્વારા હાથીઓને પૂરતું પોષણ મળી રહે તેની વ્યવસ્થા કરવામાં આવી છે.

મહોત્સવ દરમિયાન હાથીઓના સ્વાસ્થ્યનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવશે. તબીબોની ટીમ દ્વારા હાથીઓની નિયમિત આરોગ્ય તપાસ કરવામાં આવશે. તેમના શરીરની સ્થિતિ, ખોરાક, આરામ અને અન્ય સ્વાસ્થ્ય સંબંધિત બાબતોનું નિરીક્ષણ કરવામાં આવશે.

ગણેશોત્સવના માહોલ વચ્ચે યોજાતો આ સાત દિવસીય હાથી મહોત્સવ વન વિભાગના કર્મચારીઓ માટે હાથીઓ પ્રત્યેની સંભાળ અને તેમની સાથેના માનવીય સંબંધને ઉજાગર કરતો વિશેષ પ્રસંગ બની રહ્યો છે. સાત દિવસ સુધી હાથીઓને કામથી દૂર રાખી તેમની પૂજા, સ્નાન, માલિશ, પૌષ્ટિક આહાર અને આરોગ્ય તપાસ જેવી પ્રવૃત્તિઓ દ્વારા તેમની ખાસ કાળજી લેવામાં આવશે.

## હાથીઓને શેરડી, મકાઈ, નાળિયેર, કેળા, કાકડી, તરબૂચ, સંતરા, મલ્ટીગોન લોટનો રોટલો ખવડાવાશે



# ગણેશ ઉત્સવમાં 1980ની થીમ : જૂના ટેલિફોન, ફાનસ જોઈ વડીલો યાદોમાં ખોવાયા

## રેડિયો, વિન્ટેજ સાધનો ગોઠવીને ભૂતકાળને ફરી જીવંત કરવાનો પ્રયાસ

**સિટી ન્યૂઝ@મુંબઈ**

આજના આધુનિક યુગમાં જ્યાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ટેકનોલોજીનો પ્રભાવ છે, ત્યાં ગણેશ ઉત્સવ દરમિયાન એક પંડાલ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ પંડાલ લોકોને વાસ્તવિક રીતે ૧૯૮૦ના દાયકામાં પાછા લઈ જાય છે.

છેલ્લા ૫૦ વર્ષથી ગણેશજીની પ્રતિમાની સ્થાપના કરતા ગણેશ યુવક મંડળે આ ગોલ્ડન જ્યુબિલી વર્ષે એક અનોખી થીમ રજૂ કરી છે. મંડળે આ વર્ષે ૧૯૮૦ના દાયકાની ઘણી વિસરાતી વસ્તુઓની થીમ પર ગણેશજીની પ્રતિમા અને પંડાલ બનાવ્યું છે. આ વસ્તુઓ આજની યુવા પેઢીએ કદાચ જોઈ પણ નહીં હોય.

આ પંડાલમાં જૂના રોટરી ડાયલવાળા ટેલિફોન, સ્લેટ, જૂના સિક્કા, કેસેટ, અંતર્દેશીય પત્ર, ટપાલ પેટી, પ્રાઈમસ, ફાનસ અને જૂની સૂટકેસ જેવી યાદગાર ચીજોનો સમાવેશ થાય છે. આ બધી અસલી વસ્તુઓ જોઈને દર્શનાર્થે આવતા વડીલો અને ભક્તો ભાવુક થઈ રહ્યા છે.

પંડાલની મુલાકાત લેતા ભક્તો પોતાના બાળકોને આ જૂની વસ્તુઓ બતાવીને ૮૦ના દાયકાનું તેમનું બાળપણ યાદ કરે છે. વડીલો બાળકોને કહે છે કે તે સમયે પાંચ કે દસ પૈસામાં ચોકલેટ, બોર કે ભૂંગળા જેવી ચીજો મળતી હતી.

તેઓ નવી પેઢી સાથે તે સમયની સાદી અને સંતોષી જીવનશૈલી વિશે વાત કરે છે. મર્યાદિત સુવિધાઓ હોવા છતાં સંયુક્ત કુટુંબો કેવી રીતે પ્રેમથી સાથે રહેતા હતા, તે પણ તેઓ જણાવે છે.

લોકો સોશિયલ મીડિયા કે AI દ્વારા ભૂતકાળનો અનુભવ કરવાની વાત કરે છે. પરંતુ અહીં વાસ્તવિક વસ્તુઓથી બનેલી આ થીમ લોકોને સીધા ૮૦ના દાયકામાં પહોંચાડી દે છે. આનાથી ભક્તોમાં ખાસ સંતોષ જોવા મળી રહ્યો છે. ગણપતિ પંડાલમાં દર્શન કરવા આવેલ હેતલબેન આકાશ હિરાણીએ પોતાની પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું કે, 'અહીં ગણેશ ચોક પાસે જૂની ટપાલીની ટાંકી નજીક ગણપતિના દર્શન કરતી વખતે ૮૦ના દાયકાની ઝલક જોઈને ખૂબ આનંદ થયો.

તેમણે ઉમેર્યું કે, આધ્યાત્મની સાથે જૂના સાધનોને જોડીને સુંદર કૃતિ રજૂ કરવામાં આવી છે. મેં મારા દીકરાને આ બધી વસ્તુઓ બતાવીને સમજાવ્યું કે અમે તેનો ઉપયોગ કેવી રીતે કરતા હતા.



# સર્વેશ્વર ચોકમાં રજવાડી થીમના ગણપતિ દર્શને ભાવિકોની ભારે ભીડ ઉમટી પડી

## DCP હેતલબેન પટેલ સહિત મહાનુભાવોએ મહાઆરતીમાં જોડાઈ ગણપતિ બાપ્પાના દર્શન કર્યા







**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના સર્વેશ્વર ચોક ખાતે સર્વેશ્વર ચોક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. મહોત્સવના બીજા દિવસે સર્વેશ્વર ચોક કા રાજાના દર્શન માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. સવારથી જ પંડાલમાં ભાવિકોની અવરજવર જોવા મળી હતી. ભક્તોએ દુંદાળા દેવના દર્શન કરી સુખ-સમૃદ્ધિ, પરિવારની સુખાકારી અને મંગલમય જીવન માટે પ્રાર્થના કરી હતી.

આ વર્ષે સર્વેશ્વર ચોક ખાતે ગણપતિ દાદાને રજવાડી થીમ આધારિત ભવ્ય શણગાર સાથે બિરાજમાન કરવામાં આવ્યા છે. પંડાલની આકર્ષક સજાવટ, રજવાડી થીમ અને ગણપતિ દાદાના મનમોહક સ્વરૂપને કારણે સમગ્ર વિસ્તાર ભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. દર્શન માટે આવતા ભાવિકોમાં પણ આ ભવ્ય શણગાર ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.ગણેશ મહોત્સવના બીજા દિવસે સાંજે ૭:૪૫ કલાકે સર્વેશ્વર ચોક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દુંદાળા દેવની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાઆરતી શરૂ થતાં જ પંડાલમાં ભક્તિમય વાતાવરણ છવાઈ ગયું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ આરતીમાં જોડાઈ ગણપતિ બાપ્પાના જયઘોષ સાથે ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો.

મહાઆરતીમાં રાજકોટ શહેર ઝોન-૧ના DCP હેતલબેન પટેલ, ગુણવંતભાઈ ડેલાવાળા, વોર્ડ નંબર ૭ના કોર્પોરેટર દર્શનભાઈ પેંગ્યાતર સહપરિવાર તેમજ શહેર અને સમાજના શ્રેષ્ઠીઓ તથા વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ દુંદાળા દેવની મહાઆરતીનો લાભ લઈ ગણપતિ બાપ્પાના દર્શન કર્યા હતા.


મહાઆરતી બાદ પણ ભાવિકોની દર્શન માટેની ભીડ યથાવત રહી હતી. ઉપસ્થિત ભક્તોએ શાંતિપૂર્ણ માહોલમાં દાદાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ગણેશ મહોત્સવને લઈને સર્વેશ્વર ચોક વિસ્તારમાં સમગ્ર દિવસ દરમિયાન ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો.

# રાજકોટ કા મહારાજાના બીજા પાવન દિવસે ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો

- બાળકોની કલાત્મક પ્રતિભાને મળ્યું સુંદર મંચ, કલેઆર્ટ અને ક્રિએટિવ પેઈન્ટિંગ સ્પર્ધામાં ૨૦થી વધુ બાળકોએ લીધો ભાગ
- મહા આરતી બાદ વિદ્વાન યુવા શાસ્ત્રીજી રાવલ અદાના ગણેશ અથર્વશીર્ષના પવિત્ર પાઠથી સમગ્ર વાતાવરણ બન્યું મંત્રમુગ્ધ







## આજે સાંજે સ્ટોરી ઓફ ગોડ સાથે બ્લડ ડોનેશન તથા સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરની ધર્મપ્રેમી જનતાની અતુટ આસ્થાનું પ્રતીક બનેલા ભૂદેવ સેવા સમિતિ દ્વારા આયોજિત "રાજકોટ કા મહારાજા" ગણેશ મહોત્સવ સતત અઢારમા વર્ષે પણ ભક્તિ, સંસ્કાર, શિક્ષણ અને સેવાના સુંદર સમન્વય સાથે ઉત્સાહભેર ઉજવાઈ રહ્યો છે. શહેરના મુખ્ય માર્ગ એવા ડૉ. યાજ્ઞિક રોડ પર જાગનાથ પોલીસ ચોકી પાસે નિર્મિત ભવ્ય પંડાલમાં દરરોજ વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો અને સાંસ્કૃતિક સ્પર્ધાઓ થકી ગણેશ ભક્તિનો આધ્યાત્મિક માહોલ સર્જાઈ રહ્યો છે.

કાર્યક્રમોની શૃંખલા અંતર્ગત નવી પેઢીમાં છુપાયેલી કલાત્મક પ્રતિભાને પ્રોત્સાહન આપવાના હેતુથી સાંજે ૭ કલાકે કલેઆર્ટ તથા ક્રિએટિવ પેઈન્ટિંગ સ્પર્ધાનું સુંદર આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં ૪૦થી વધુ બાળ કલાકારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકોએ કાદવ-માટીમાંથી પોતાની કલ્પના અનુસાર ગણપતિ બાપ્પાની મનમોહક મૂર્તિઓ કંડારી હતી, જ્યારે પેઈન્ટિંગ દ્વારા કાગળ પર રંગો પૂરી વિવિધ સ્વરૂપોને જીવંત કર્યા હતા.

ત્યારબાદ રાત્રે ૮ વાગ્યે પરંપરાગત રીતે દુંદાળા



દેવની દિવ્ય મહાઆરતી યોજાઈ હતી. આ પાવન અવસરે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન વિક્રમભાઈ પુજારા, શાસક પક્ષના પૂર્વ દંડક મનીષભાઈ રાડીયા, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાના પર્સનલ આસિસ્ટન્ટ તેજસભાઈ ભટ્ટી, વોર્ડ નં. ૧૧ના કોર્પોરેટર રક્ષિતભાઈ કલોલા, સુભાષભાઈ યાદવ, વોર્ડ નં. ૧૪ના કોર્પોરેટર શ્રીમતી ચંદાબેન વાળા, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ સી.ટી. પટેલ તેમજ હરેશભાઇ જોષી સહિતના સામાજિક-રાજકીય આગેવાનોએ ઉપસ્થિત રહી ગણેશજીની આરતી ઉતારી હતી.

ભૂદેવ સેવા સમિતિના સંસ્થાપક તેજસ ત્રિવેદીએ વિગતો આપતાં જણાવ્યું કે, બુધવારે સાંજે ૭ વાગ્યે જીવનમૂલ્યો અને સંસ્કારોને ઉજાગર કરતો પ્રેરણાદાયી "સ્ટોરી ઓફ ગોડ" કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત ગુરુવારે રાત્રે ૯ વાગ્યે જરૂરિયાતમંદ દર્દીઓની સેવા અર્થે બ્લડ ડોનેશન કેમ્પ તથા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર મહોત્સવને સફળ બનાવવા વિશાલ ઉપાધ્યાય, વિકી ઠાકર, વિશાલ આહ્યા, દિલીપ જાની, મયુર વોરા, હર્ષ ત્રિવેદી, મોહિત વ્યાસ સહિતની ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે.

### તલાટી અને રેવન્યુ તલાટી વચ્ચેની ખેંચતાણથી પ્રજા હેરાન

# તલાટી કમ મંત્રી તેમજ રેવન્યુ તલાટી વચ્ચેની ખેંચતાણમાં પ્રજા વિના વાંકે હેરાન ! મયુર શાહ

## સરકારે જોબ ચાર્ટ આપ્યા પછી પણ "મલાઈ" માટેની ખેંચતાણ કેમ?

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના મંત્રી મયુર શાહે તલાટી કમ મંત્રી તેમજ રેવન્યુ તલાટી વચ્ચે કામગીરીની જવાબદારીને લઈને ચાલી રહેલી ખેંચતાણના કારણે સામાન્ય પ્રજાને પડી રહેલી મુશ્કેલીઓ અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

મયુર શાહે જણાવ્યું છે કે, સરકાર દ્વારા બંને કેડરની કામગીરી અને જવાબદારીઓ અંગે જોબ ચાર્ટ નક્કી કરવામાં આવ્યો હોવા છતાં, જમીન અને મહેસૂલને લગતી કામગીરીમાં હજુ પણ સ્પષ્ટતા કેમ જોવા મળતી નથી? જો સરકારને ખબર છે કે કઈ કામગીરી કયા કર્મચારી દ્વારા કરવાની છે, તો પછી સામાન્ય અરજદારને એક કચેરીમાંથી બીજી કચેરીના ધક્કા શા માટે ખાવા પડે છે?

"મલાઈ"ની કામગીરી માટે ખેંચતાણ અને પ્રજાના કામ માટે ટાળટૂળ?

મયુર શાહે આક્ષેપ કરતા જણાવ્યું કે, પ્રજાના હિતની કામગીરીમાં જો કોઈ પ્રકારની આંતરિક ખેંચતાણ ચાલી રહી હોય અને "મલાઈ"વાળી કામગીરી કોના હિસ્સે જાય તેને લઈને વિવાદ ઊભો થતો હોય, તો આ સમગ્ર પરિસ્થિતિમાં નિર્દોષ અરજદારનો શું વાંક?

સરકારી કચેરીમાં પોતાનું કાયદેસરનું કામ કરાવવા આવતો નાગરિક કોઈ કર્મચારી કે વિભાગની આંતરિક વ્યવસ્થાનો ભાગ નથી. તેને તો સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી સેવા સમયસર મળવી જોઈએ.

પરંતુ આજે પરિસ્થિતિ એવી બની રહી છે કે અરજદાર પોતાની અરજી લઈને જાય ત્યારે તેને "આ કામગીરી અમારી નથી, બીજા વિભાગમાં જાઓ" કહીને પરત મોકલવામાં આવે છે. બીજી કચેરીમાં જાય તો ત્યાંથી ફરી અન્ય જવાબ મળે અને અંતે અરજદારની કામગીરી જ્યાંની ત્યાં જ અટવાઈ રહે છે.

લીઝ વસૂલાત અને નવી નોંધની કામગીરી ખોરવાઈ

ખાસ કરીને લીઝ વસૂલાત તેમજ નવી નોંધ પાડવાની કામગીરી અંગે અરજદારોમાં ભારે મૂંઝવણ અને અસંતોષ જોવા મળી રહ્યો છે.




જમીન-મિલકત સંબંધિત કામગીરી સામાન્ય નાગરિક માટે અત્યંત મહત્વની હોય છે. એક નોંધ સમયસર ન પડે તો આગળની અનેક કાયદેસરની પ્રક્રિયાઓ અટકી શકે છે. મિલકતના વ્યવહારો, સરકારી રેકોર્ડ, લીઝ સંબંધિત પ્રક્રિયા



**મયુર શાહ**
**મંત્રી, રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ**
**98984 38483**

તેમજ અન્ય વહીવટી કામોમાં વિલંબ થવાથી અરજદારને આર્થિક અને માનસિક બંને પ્રકારની મુશ્કેલી સહન કરવી પડે છે.

સરકારી તંત્રમાં કોણે શું કરવાનું છે તેની જવાબદારી નક્કી કરવામાં આવી હોય તો પછી પ્રજાને આ ગૂંચવણનો ભોગ શા માટે બનાવવામાં આવે છે?

જોબ ચાર્ટ કાગળ ઉપર જ કે વાસ્તવિક અમલ પણ થશે?

મયુર શાહે વધુમાં જણાવ્યું કે સરકાર દ્વારા જોબ ચાર્ટ બહાર પાડવાનો હેતુ જ એ છે કે કામગીરી અંગે કોઈ ગૂંચવણ ન રહે અને જવાબદારી નક્કી રહે.

પરંતુ જો જોબ ચાર્ટ હોવા છતાં કર્મચારીઓ વચ્ચે કામગીરી અંગે મતભેદ રહેતા હોય, અરજદારોને જવાબદારી અંગે સ્પષ્ટ માહિતી ન મળતી હોય અને કામો અટવાતા હોય તો સવાલ એ છે કેઃ

જોબ ચાર્ટનો અમલ કોણ કરાવશે?

જવાબદારી નક્કી કોણ કરશે?

અને સૌથી મહત્વનું પ્રજાની હેરાનગતિ માટે જવાબદાર કોણ?

સરકારની કચેરીઓમાં કર્મચારીઓની આંતરિક વ્યવસ્થા અને સત્તાની ખેંચતાણનો ભાર સામાન્ય નાગરિક ઉપર નાખી શકાય નહીં.

"બે વિભાગની લડાઈમાં પ્રજા કેમ પીસાય?"

મયુર શાહે કટાક્ષ કરતા જણાવ્યું કે, "બે વિભાગ વચ્ચે જો સત્તા, કામગીરી કે અન્ય કોઈ બાબતે ખેંચતાણ હોય તો સરકારના અધિકારીઓ બેસીને તેનો ઉકેલ લાવે. પરંતુ નિર્દોષ અરજદારને વચ્ચે રાખીને તેની કામગીરી અટકાવવી એ કોઈપણ રીતે સ્વીકાર્ય નથી."

પ્રજા સરકારી કચેરીમાં પોતાની મિલકત, જમીન કે હક્ક સંબંધિત કામ માટે આવે છે. તે કોઈ અધિકારીની વ્યક્તિગત સેવા લેવા આવતી નથી. તે પોતાની કાયદેસરની સરકારી સેવા મેળવવા આવે છે.

આથી અરજદારને વારંવાર કચેરીના ધક્કા ખવડાવવા, અરજી એક ટેબલ પરથી બીજા ટેબલ પર મોકલવી અને અંતે "તમારું કામ અમારી જવાબદારીમાં નથી" કહેવું એ વહીવટી તંત્રની ગંભીર નિષ્ફળતા ગણાય.

કલેક્ટરશ્રી તાત્કાલિક મધ્યસ્થી બને

મયુર શાહે રાજકોટના માનનીય જિલ્લા કલેક્ટરશ્રીને તાત્કાલિક આ સમગ્ર મામલામાં મધ્યસ્થી બની યોગ્ય નિર્ણય લેવા અપીલ કરી છે.

કલેક્ટરશ્રીએ બંને વિભાગના જવાબદાર અધિકારીઓ સાથે બેઠક યોજીઃ

તલાટી કમ મંત્રીની કામગીરી શું? રેવન્યુ તલાટીની કામગીરી શું? લીઝ વસૂલાતની જવાબદારી કોની? નવી નોંધ પાડવાની કામગીરી કોની? અરજદારની અરજી કયા અધિકારી પાસે જશે? કામગીરી પૂર્ણ કરવાની સમયમર્યાદા કેટલી?

આ તમામ બાબતો અંગે લખિત અને સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવી જોઈએ.સરકારી પરિપત્ર જાહેર કરી પ્રજાને રાહત આપોમયુર શાહે માંગણી કરી છે કે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક સરકારી પરિપત્ર જાહેર કરવામાં આવે, જેમાં તલાટી કમ મંત્રી તેમજ રેવન્યુ તલાટીની કામગીરી અંગે કોઈપણ પ્રકારની દ્વિધા ન રહે.

અરજદારને કચેરીના ધક્કા ન ખાવા પડે તે માટે દરેક કચેરીમાં કામગીરી અને જવાબદાર કર્મચારી અંગેની સ્પષ્ટ માહિતી જાહેર કરવી જોઈએ.

જો કોઈ કર્મચારી પોતાની જવાબદારીની કામગીરી કરવાનો ઇનકાર કરે તો તેની જવાબદારી નક્કી કરી વહીવટી કાર્યવાહી કરવાની પણ વ્યવસ્થા હોવી જોઈએ.

પ્રજાના કામને "કોણ કરશે?"ના પ્રશ્નમાં અટકાવી શકાય નહીં

મયુર શાહે અંતમાં જણાવ્યું કે, સરકારનો વહીવટ પ્રજા માટે છે, કર્મચારીઓની આંતરિક ખેંચતાણ માટે નહીં.

સરકાર પગાર આપે છે, કચેરી આપે છે, સત્તા આપે છે અને કામગીરીની જવાબદારી પણ નક્કી કરે છે ત્યારે સામાન્ય નાગરિકને તેના જ કામ માટે વારંવાર ધક્કા ખવડાવવાનો કોઈ અધિકાર કોઈને નથી.

"કોણની કામગીરી છે?" તે સરકાર નક્કી કરે.

"કોણ જવાબદાર છે?" તે અધિકારીઓ નક્કી કરે.

પરંતુ "મારું કામ ક્યારે થશે?" એવો સવાલ લઈને પ્રજા કચેરીના ધક્કા ખાતી રહે એ સ્થિતિ હવે બંધ થવી જ જોઈએ.

રાજકોટના જિલ્લા કલેક્ટરશ્રી આ મુદ્દે તાત્કાલિક હસ્તક્ષેપ કરે, સ્પષ્ટ પરિપત્ર જાહેર કરે અને લીઝ વસૂલાત, નવી નોંધ સહિતની અટવાયેલી કામગીરી તાત્કાલિક શરૂ કરાવી પ્રજાને રાહત આપે, તેવી મયુર શાહે માંગણી કરી છે.

પ્રજાના હકની કામગીરીમાં વિલંબ નહીં જવાબદારી નક્કી કરો અને વહીવટ પારદર્શક બનાવો!

### નેશનલ હાઈવે પર આવેલી મધુર બંગ્લોઝ નામની બાંધકામ સાઈટ પર બનેલો બનાવ

# ચોકીદારને બંધક બનાવી માથામાં છરી ઝીંકીને રોકડ-મોબાઈલની લૂંટ

### જેતપુરમાં ટોળકીએ હાથ-પગ બાંધી ગુનાને અંજામ આપ્યો : ભેદ ઉકેલવા પોલીસની દોડધામ

**સિટી ન્યૂઝ@રાજકોટ**




રાજકોટ જિલ્લાના જેતપુર-ધોરાજી નેશનલ હાઈવે પર આવેલી મધુર બંગ્લોઝ નામની બાંધકામ સાઈટ પર મોડી રાત્રે ચોર ટોળકીએ તરખાટ મચાવ્યો છે. ઘાતક હથિયારો સાથે ત્રાટકેલી ૪ શખ્સોની ટોળકીએ સાઈટ પર ચોકીદારી કરતા એક ૭૭ વર્ષીય પગીને બંધક બનાવી, માથાના ભાગે છરીના ઘા ઝીંકી ચલાવતા ચકચાર મચી ગઈ છે.

ધોરાજીના આંબેડકર નગરમાં રહેતા અને પેઢલા નજીક મધુર બંગ્લોઝમાં પગી (ચોકીદાર) તરીકે નોકરી કરતા માધાભાઈ નાથાભાઈ બગડા ઉ.૭૭ તા. ૧૪ના રાત્રે પોતાની નોકરી પર હાજર હતા. રાત્રે બે થી અઢી વાગ્યાના સુમારે તેઓ વરસાદના કારણે પાર્કિંગમાં ખાટલા પર બેઠા હતા, ત્યારે અચાનક ૪ અજાણ્યા શખ્સો હાથમાં છરી, કુહાડી અને ધારિયું જેવા ઘાતક હથિયારો સાથે ત્યાં ધસી આવ્યા હતા. આવતાવેંત માધાભાઈનું મોઢું દબાવી ઉચકીને સામેની રૂમમાં લઈ ગયા હતા. ત્યાં લઈ જઈને ધમકાવતા કહ્યું કે, બંગલાની ચાવી આપ અને માલ ક્યાં રાખેલ છે તે કહે. માધાભાઈએ ડરતાં-ડરતા કહ્યું કે અહીં કોઈ રહેતું નથી અને કોઈ સામાન નથી. આ સાંભળી ઉશ્કેરાયેલા લૂંટારુઓએ ખાટલાની પાટીથી માધાભાઈના હાથ-પગ બાંધી દઈ તેમને બંધક બનાવી દીધા હતા.

લૂંટારુઓ પૈકી એક શખ્સે પોતાની પાસે રહેલી છરી વડે તેના માથાના ભાગે ચાર-પાંચ ઘા ઝીંકી દેતા તે લોહીલુહાણ થઈ ગયા હતા. ત્યાર બાદ આરોપીઓએ વૃદ્ધના ખિસ્સામાંથી રોકડા ૩૫૦૦ અને ૫૦૦નો ફોન લૂંટી લીધો હતો. બંગલામાં કોઈ કિંમતી સામાન ન મળતા અંતે આ ટોળકી ત્યાંથી ફરાર

થઈ ગઈ હતી.

ઈજાગ્રસ્ત હાલતમાં માધાભાઈએ મહામહેનતે પોતાના બંધાયેલા હાથ-પગ છોડાવ્યા હતા. વહેલી સવારે રોડ પર આવીને એક રાહદારીની મદદથી

પોતાના પુત્ર રમેશભાઈને જાણ કરી હતી. પુત્ર અને સંબંધીઓએ આવી માધાભાઈને સારવાર અર્થે જેતપુર સરકારી હોસ્પિટલ અને બાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડ્યા હતા જ્યાં તેમના માથામાં ટાંકા આવ્યા છે. વૃદ્ધની ફરિયાદ આધારે પી.આઈ. સંજયકુમાર શર્માએ ૪ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા તપાસ તેજ કરી છે.

# રાજકોટના કેન્દ્ર સરકારના પેન્શનર્સ અમદાવાદમાં ત્રણ દિવસ ધરણામાં જોડાશે વિવિધ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ સેન્ટ્રલ ગવર્મેન્ટ પેન્શનર્સ એસોસિએશનના સભ્યો અમદાવાદ ખાતે વિવિધ માંગણીઓને લઈને યોજાનારા ધરણા-પ્રદર્શનમાં જોડાશે. FCPA (NCCPA) ગુજરાત દ્વારા ૧૭, ૧૮ અને ૧૯ સપ્ટેમ્બર દરમિયાન અમદાવાદમાં આ ધરણા-પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં રાજકોટના પેન્શનર્સ પણ ભાગ લેશે.

પેન્શનર્સની મુખ્ય માંગણીઓમાં ૮મા પગારપંચના ટર્મ ઓફ રેફરન્સ (TOR)માં પેન્શનર્સનો સમાવેશ કરવા, વર્ષ ૨૦૨૫ના પેન્શન વેલિડેશન એક્ટમાં ફાઈનાન્સ બિલમાં સુધારો કરવા તેમજ કોમ્યુટેડ પેન્શનના સમયગાળામાં સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ફેરફાર કરવાની માંગનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કીમ (CGHS)માં જરૂરી સુધારા કરવા

**» 8મા પગારપંચમાં પેન્શનર્સનો સમાવેશ સહિતની વિવિધ માંગણીઓ માટે 17થી 19 સપ્ટેમ્બર ધરણા યોજાશે**

અને દરેક જિલ્લા સ્તરે CGHS વેલનેસ સેન્ટર શરૂ કરવાની પણ માંગણી કરવામાં આવી છે.

આ ધરણા-પ્રદર્શનના કાર્યક્રમમાં ઈન્ડિયન ઓડિટ એન્ડ એકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટ પેન્શનર્સ એસોસિએશનના પ્રમુખ હસમુખ પટેલ પણ જોડાશે. રાજકોટ સેન્ટ્રલ ગવર્મેન્ટ પેન્શનર્સ એસોસિએશનના પ્રમુખ કિશોરસિંહ જાડેજા અને સેક્રેટરી બળવંતગીરી ગોસાઈએ પેન્શનર્સને વિવિધ માંગણીઓના સમર્થનમાં અમદાવાદ ખાતે યોજાનારા કાર્યક્રમમાં જોડાવા જણાવ્યું છે.

# મેટોડામાં ખેતમજૂર મહિલાનો મોબાઈલ હેક કરી ગઠિયાએ રૂ. 67 હજાર ઉપાડી લીધા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

મેટોડાની સીમમાં ખેતમજૂરી કરતા પરિવારના બેન્ક ખાતામાંથી અજાણ્યા શખ્સોએ ઓનલાઈન કુલ રૂ.૬૬,૯૯૮ ઉપાડી લેતાં ચકચાર મચી ગઈ છે. પતિના મોબાઈલ પર બેન્કમાંથી પૈસા ઉપડી ગયાના મેસેજ આવ્યા બાદ ખાતું તપાસતા અલગ-અલગ પાંચ ટ્રાન્ઝેક્શન થયાનું સામે આવ્યું હતું.

આ મામલે પડધરી પોલીસે મેટોડામાં રહેતી નેહાબેન કરણભાઈ મકવાણા(ઉ.વ.૨૪)ની ફરિયાદ પરથી અજાણ્યા સાયબર હેકર્સ તેમજ તપાસમાં જે ખાતાધારકો સામે આવે તેમની વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદ મુજબ, તા.૧૪ સપ્ટેમ્બરે નેહાબેન અને તેમના પતિ કરણભાઈ મેટોડા ગામની

સીમમાં આવેલી વાડીમાં ખેતમજૂરી કરી રહ્યા હતા. દરમિયાન કરણભાઈના મોબાઈલ પર બેન્કમાંથી પૈસા ઉપડી ગયાના મેસેજ આવ્યા હતા. મોબાઈલમાં તપાસ કરતાં બેન્ક ઓફ બરોડાના ખાતામાંથી કુલ પાંચ ટ્રાન્ઝેક્શન થયા હોવાનું જાણવા મળ્યું હતું. પતિના મોબાઈલ પર પૈસા ઉપડ્યાનો રૂ. ૯,૯૯૯, બીજા મેસેજ આવતા ફ્રોડ થયાની જાણ થઈ હતી પ્રથમ ટ્રાન્ઝેક્શનમાં રૂ.૧,૯૯૯ એમ કુલ ૫ ટ્રાન્ઝેક્શનમાં કુલ ૬૬,૯૯૮ ઉપડી ગયા હતા. પરિવારે ૧૯૩૦ સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ કર્યા બાદ પડધરી પોલીસમાં પણ રજૂઆત કરી હતી મોબાઈલમાં સોશિયલ મીડિયા, ફ્રોડ એપ્લિકેશન અથવા અન્ય કોઈ માધ્યમથી અજાણ્યા હેકર્સે મોબાઈલ હેક કરીને ઓનલાઈન છેતરપિંડી કરી હોવાની ફરિયાદમાં શંકા વ્યક્ત કરાઈ છે.

# બજરંગવાડીમાં યુવતીને પૂર્વ પ્રેમીની જાનથી મારી નાખવાની ધમકી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના જામનગર રોડ પર બજરંગવાડી શેરી નં.૬માં રહેતી તંજીમ રસીદખાન જતોઈએ પોલીસમાં ભગવતીપરામાં મોડર્ન સ્કૂલની પાસે સમન ફ્લેટમાં રહેતા જાવીદ હબીબ હાલા સામે ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર ફરિયાદીને ત્રણેક વર્ષથી આરોપી સાથે પ્રેમસંબંધ હોય દોઢેક વર્ષ પહેલાં બન્નેએ મૈત્રી કરાર કર્યા હતા. ત્યારબાદ બન્ને મરજીથી અલગ થઇ ગયા હતા. ફરિયાદી બજરંગવાડીમાં મોચીનગર હોલ શેરી નં.૧માં લૅટેસ્ટ પાન પાસે પોતાના પિતા સાથે હતા ત્યારે આરોપીએ ત્યાં આવીને ફરિયાદીને કહેલ કે તું કેમ મારી સાથે સંબંધ રાખતી નથી મેં તારી પાછળ કેટલો બધો ખર્ચ કરી નાખેલ છે હું તને ઉપાડી લઇશ તેમ કહી ફરિયાદી તથા તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ચુનારાવાડ ચોકમાં મોબાઈલ શોપમાં કાઉન્ટરમાં તોડફોડ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ચુનારાવાડ ચોક પાસે આવેલી જલારામ મુંબઈ નામની દુકાનમાં લુખ્ખાઓએ તોડફોડ કરી વેપારીને ધમકી આપતા થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. વેપારીએ અલ્તાફ ઉર્ફે ટકાને ઓળખતો નથી તેમ કહેતા તેનો ખાર રાખી તોડફોડ કરી હોય થોરાળા પોલીસમાં ગુનો નોંધાયો છે પોલીસની ઢીલી નીતિ, વહિવટ અને ગુનેગારો સાથેની સાંઠગાંઠને કારણે લુખ્ખાઓ બેફામ બન્યાની ચર્ચા થઈ રહી છે. રાજકોટના શિતલપાર્ક ચોક પાસે એમ્બિયન્સ એપાર્ટમેન્ટમાં રહેતા પ્રદિપભાઈ પ્રવણભાઈ સેદાણી ઉ.૪૨એ અલ્તાફ ઉર્ફે ટકો અને એક અજાણ્યા શખ્સ સામે થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે પખવાડિયા પહેલા તેની દુકાનેથી અજાણ્યો શખ્સ પાવર બેન્ક અને કેબલ લઈ ગયો હતો તે શખ્સ આજે સાંજે તેની દુકાને આવ્યો હતો અને કહ્યું કે પાવરબેન્ક બંધ થઈ ગઈ છે. તેને બદલાવી આપો તેની સામે સી-ર-સી પાવરબેન્ક આપો. જેથી તેણે આ પાવરબેન્ક નહીં હોવાનું જણાવી બીજી પાવરબેન્ક લઈ જવાનું કહ્યું હતું. સાથોસાથ પાવરબેન્ક ચેક કરતાં કેબલ બંધ નીકળ્યો હતો. પરિણામે કેબલ બદલાવી આપ્યો હતો. તે સાથે જ તે અજાણ્યા શખ્સે તમે ટકાને ઓળખો છો? તેમ પુછ્યું હતું. ના પાડતા તે શખ્સ દુકાનમાંથી જતો રહ્યો હતો. થોડી વાર બાદ તે શખ્સ અલ્તાફ ઉર્ફે ટકાને લઈને આવ્યો હતો. ટકાએ આવી કહ્યું કે તમે મને ઓળખતા નથી કે હું કોણ છું? ત્યાર બાદ બંને આરોપીઓએ ઝઘડો કરી, અપશબ્દ બોલ્યા હતા. દેકારો થતાં પાડોશી દુકાનદારોએ આવી બંને આરોપીઓને સમજાવ્યા હતા. આમ છતાં સમજ્યા ન હતાં. ટકાએ તું હવે કેમ તારી દુકાન ચાલું રાખે છે તેમ કહી સળિયા વડે દુકાનના કાઉન્ટરના કાચ તોડી નાખ્યા હતાં. જતાં જતાં જોઈ લેવાની ધમકી આપી હતી વેપારીએ થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# મોટી ઉંમરના વેપારી સાથે લગ્ન કરનાર પરિણીતાને દહેજ મામલે મેણાં ટોણા મારતો પતિ

**» તારા બાપે મને ઉપાધી આપી છે, એનાથી તૂ ન સચવાતી કહી પરિણીતાને ત્રાસ આપતા**

**» પતિ, સાસુ, સસરા, જેઠ અને જેઠાણી સામે મહિલા પોલીસમાં પરિણીતાની ફરિયાદ**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં અટીકા નજીક શ્રધ્ધા પાર્કમાં માવતરના ઘેર રહેતા પરિણીતાને દહેજના મામલે પતિ સહીતના સાસરીયાઓ દ્વારા મારકુટ કરી ત્રાસ આપા હોવાની ફરીયાદ કરતા મહિલા પોલીસે પતિ,સાસ,સસરા,જેઠ અને જેઠાણી સહિતના સામે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ શ્રધ્ધાપાર્કમાં રહેતા રિધ્ધીબેન ભાવેશભાઈ દૂધાતરાએ તેના પતિ ભાવેશ,સાસુ લક્ષ્મીબેન,સસરા ડાયાભાઈ નાગજીભાઈ દૂધાતરા,જેઠ ગીરીશ અને જેઠાણી કાજલ સામે ફરીયાદ કરી હતી.ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તે છેલ્લા પાંચ માસથી અયોધ્યા ચોકમાં આવેલા ક્રિષ્ના કીટ્સ નામની સ્કુલમાં આયાબેન તરીકે નોકરી કરતા હોય અને અગાઉ તેના પિતા ભાવેશની ફેબ્રિકેશની દુકાનમાં કામ કરતા હોય લગ્ન અંગે વાતચીત કર્યા બાદ ૧૦ વર્ષ પુર્વે પરીવારની હાજરીમાં કોર્ટમાં લગ્ન કર્યા હતા. લગ્નના ૩ માસ બાદ પતિ કહેતો કે તારા બાપ મને ઉપાધી આપી છે, તારા બાપથી તું ન સચવાણી અને હવે મારે તને સાચવવાની,તેમજ કામ બાબતે અને દહેજ બાબતે હેરાન કરતા હોય ત્યાર બાદ ઘર ખર્ચ માટે પતિ પૈસા આપતા ન હોય ઘેર ઈમિટેશનનું કામ કરવું પડતુ હતુ. ત્યાર બાદ મારા જેઠ અને જેઠાણીએ કામ બાબતે મારકુટ કરતા તેના પતિને વાત કરતા તેને કોઈ જવાબ ન આપ્યો જેથી તેના ઘેર વાત કરતા તેના ભાઈ તેને અને તેના પુત્રને તેડી ગયા હતા. બાદમાં પુત્રને પતિ પુત્રને તેડી ગયા હતા અને પુત્ર અંગે વાત કરતા તો પતિ ધમકીઓ આપતા હતા કે તમે અમારૂ કંઈ બગાડી નહી શકે અને તુ તારા પિયરથી થાકીને અહીં જ આવીશ, તુ કયાયની નહી રહે. તેમજ તારા ભાઈને જયા હોય ત્યાથી અમે ઉપાડી લઈશુ કહી ધમકી આપી હોવાનુ જણાવતા પીએસઆઈ બાંભણીયા સહીતના સ્ટાફે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ધરમનગર આવાસ ક્વાટરમાં 4 શખ્સોનો દંપતિ પર ધોકા-પાઈપ-છરીથી હુમલો

**» હું એમડીના કેસમાં પકડાયો ત્યારે પોલીસે તને કેમ જવા દીધો કહી ગાળો ભાંડી**

**» જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટેલા ચારેય સામે ગુનો નોંધી શોધખોળ**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ધરમનગર આવાસ યોજના ક્વાટરમાં રહેતા અને ડ્રાયવિંગ કરતા અનિરુદ્ધસિંહ અરવિંદસિંહ વાઘેલા ઉ.૨૮એ સુનિલ ઉર્ફે સુની, ઋત્વિક, ભોળો અને એક અજાણ્યા શખ્સ સામે યુનિવર્સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત બપોરે હું મારા ક્વાટર પાસે રોડ ઉપર હતો ત્યારે અહીં ધરમનગરના ક્વાટરમા જ રહેતો સુનિલ ઉર્ફે સુન્નો અને તેનો મિત્ર ઋત્વિક બંને એક્સેસમા નીકળેલા અને મારી સામે જોઈને ચાલ્યા ગયેલ ત્યાર બાદ સુનિલ, ઋત્વિક, ભોલો તથા એક અજાણ્યો ઈસમ આવેલ અને હું ત્યાં બહાર જ બેસેલ હોય જેથી આ તમામ લોકો મારી પાસે આવેલા અને સુનિલએ મને કહેલ કે હું એમડીના કેસમાં પકડાયો તે જ પોલીસને કહ્યું હતું તું પણ મારી સાથે તે દિવસે હાજર હતો તો તને પોલીસે કેમ જવા દીધો તેમ વાત કરેલ જેથી મેં આ સુનિલને કહેલ કે મારો કોઈ વાંક કે ગુન્હો ન હતો જેથી મને પોલીસએ જવા દીધેલ તેમ વાત કરતા આ સુનિલ એકદમ ઉશ્કેરાઈને મને કહેલ કે તું ખોટું બોલે તેમ કહીને મને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલ અને આ સુનિલ તેના એક્સેસમાં રાખેલ લાકડાનો ધોકો લઈને મને ધોકાનો એક ઘા પડખાના ભાગે મારેલો અને ઋત્વિકએ તેના નેફામાં રહેલ છરી કાઢી એક ઘા કોણી પાસે તથા બીજો ઘા ઘૂંટણથી નીચેના ભાગે મારેલ અને આ લોકો સાથે રહેલ ભોલો જેના હાથમાં ધોકો હતો તેના વડે મને શરીરે, કમરના તથા પેટના ભાગે આડેધડ ઘા મારવા લાગેલ અને એક અજાણ્યો વ્યક્તિ હતો જેના હાથમાં એક સ્ટીલનો પાઈપ હતો જે પાઈપ વડે મને શરીરે આડેધડ ઘા મારવા લાગેલ અને ઋત્વિક મને વધારે છરીના ઘા મારવા જતો હતો ત્યારે મારી પત્ની રૂબીનાબેન મને બચાવવા માટે વચ્ચે પડતા એક ઘા પત્નીને લાગી ગયો હતો ત્યાં ક્વાટરના માણસો ભેગા થવા લાગતા આ ચારેય ભાગી ગયા હતા અને સુનિલ જતા જતા કહેવા લાગેલ કે આજ પછી ક્યારેય તે મારી વાત પોલીસને કરીશ તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી આ ચારેય વ્યક્તિઓ નાસી ગયેલા ત્યાર બાદ ફરિયાદ નોંધાવી હતી.

# રેલનગરમાં બહેનનો હાથ પકડનાર ઓરિસ્સાના શ્રમિકનું ગળુ દબાવી બિલ્ડીંગ પરથી ફેંકી હત્યા કરી

» એમપીના બે સગા ભાઈ સહિત ત્રણ સામે પ્રનગર પોલીસમાં ગુનો : પોલીસ દ્વારા સઘન પૂછતાછ



સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં રેલનગર પાસે નવી કન્સ્ટ્રક્શન સાઈટ પરથી યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. જે અંગે પોલીસની તપાસમાં યુવકને ગળુ દબાવી બિલ્ડીંગ સાઈડ ઉપરથી ફેંકી હત્યા કર્યાનુ બહાર આવતા પ્રનગર પોલીસે બે ભાઈઓ સહિતની ત્રિપૂટીને સકંજામાં લઈ પુછતાછ કરતા બહેનનો હાથ પકડી મૃતક યુવકે છેડતી કરી હોય જે અંગે મારકુટ કરી હત્યા કર્યાનું બહાર આવતા પોલીસે હત્યા અંગે ગુનો નોધવાની અને આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.રાજકોટના રેલનગર વિસ્તારમાં આવેલા પેટ્રોલપંપની સામેની કન્સ્ટ્રક્શન સાઈટમાં પરથી અજાણ્યા યુવકનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા પ્રનગર પોલીસ મથકના પીઆઈ મકવાણા સહિતે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પીટલમાં ખસેડી તપાસ કરતા ઘટનાને ગંભીરતા ધ્યાને રાખી ક્રાઈમ બ્રાંચ સહિતની ટીમે સીસીટીવી તેમજ અન્ય શ્રમીકોની પુછતાછ કરી તપાસ કરતા મૃતક મુળ ઓરિસ્સાનો અને કડીયા કામની મજુરી કરતો અને અલગ અલગ સાઈડ ઉપર રહેતો દુખીશ્યામ મીટકર બાગ (ઉ.૩૪) હોવાનું તેમજ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં યુવકની હત્યા થયાનું પ્રાથમીક રિપોર્ટમાં બહાર આવતાઅને રેલનગર પાસે કન્સ્ટ્રકશન સાઈટમાં કામ કરતા અજીત કેવન ભુરીયા, તેનો ભાઈ પિન્ટુ કેવન ભુરીયા, અને તેનો બનેવી રાજેશ કૈલાશ ભુરીયા સાથે માથાકુટ થઈ હોવાનુ બહાર આવતા પોલીસે ત્રિપૂર્ટીને ઉઠાવી લઈ પૂછતાછ કરી હતી. ક્રાઈમ બ્રાંચના પીઆઈ ચાવડા સહીતે તપાસ કરતા અજીતની બહેન રેલનગરમાં કન્સ્ટ્રકશન સાઈટમાં કામ કરતી હોય અને મૃતક દુઃખીશ્યામે તેનો હાથ પકડી છેડતી કરી હતી. જે અંગે યુવતીએ તેના ભાઈને વાત કરી હતી તે દરમ્યાન સોમવારે રાત્રીના મૃતક ત્યા આવતા માથાકુટ થતા તેને મારકૂટ કરવામાં આવી હતી અને બીજા માળે લઈ જઈ સેન્ટીંગના કામમાં વપરાતા મજબુર વાયરથી ગળાટુંપો આપી હત્યા કરી કન્સ્ટ્રકશન સાઈટ ઉપરથી ફેકી દિધાનું બહાર આવતા પોલીસે મૃતકના સગાની ફરિયાદ પરથી હત્યા સહિતનો ગુનો નોંધી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી સઘન પૂછતાછ હાથ ધરી છે પ્રાથમિક તપાસમાં મૃતક પરણિત તેમજ બે સંતાનોનો પિતા હોવાનું ખુલતા પોલીસે વતનમાં રહેતા તેમના પરિવારને પણ જાણ કરી હતી.

# બાલાશ્રમમાં રહેતી તરુણી 11 માસના પુત્ર સાથે ગુંદાવાડી હોસ્પિટલમાંથી લાપત્તા

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના ગુંદાવાડીમાં આવેલી પદ્મકુંવરબા સરકારી હોસ્પિટલમાંથી ૧૭ વર્ષની તરૂણી અને ૧૧ માસનો તેનો પુત્ર લાપત્તા બની જતાં એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ છે ધોરાજી તાલુકા પોલીસ મથકે અપહરણની ફરિયાદ બાદ મળી આવેલી તરૂણીને રાજકોટની સંસ્થામાં મોકલાઈ હતી.ધોરાજી તાલુકા પોલીસ મથકમાં તરૂણીના અપહરણની ફરિયાદ નોંધાઈ હતી. ત્યારબાદ તરૂણી આરોપી સાથે મળી આવી હતી. તે વખતે

**એ ડિવિઝન પોલીસમાં કાઉન્સિલરે અપહરણની ફરિયાદ નોંધાવતા તપાસ શરુ**

તેણે વાલીઓ પાસે જવાનો ઈન્કાર કરતા તેને અને તેના ૧૧ માસના પુત્રને ગઈ તા. ૧૫ ઓગસ્ટના રોજ ગોંડલ રોડ પર આવેલા કાઠિયાવાડ બાલાશ્રમમાં મોકલી દેવામાં આવ્યા હતા. ગઈ તા. ૭ના રોજ તરુણીએ પેટમાં દુખાવાની ફરિયાદ કરતા તેને અને તેના પુત્રને સંસ્થાના મહિલા કર્મચારી પદ્મકુંવરબા હોસ્પિટલે લઈ ગયા હતા. જ્યાં મહિલા કર્મચારીને કેસ કઢાવવા મોકલી દીધા બાદ તરુણી અને તેનો પુત્ર ગાયબ થઈ ગયા હતા. જેથી આ અંગે જે તે વખતે પોલીસમાં અરજી કરાઈ હતી. બાદમાં આજે એ ડિવિઝન પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. આરોપી તરીકે અજાણ્યા શખ્સોનું નામ આપવામાં આવ્યું હતું.

### વિછિયા – જસદણ બાયપાસ પાસે ગ્રામ્ય એલસીબીનો દરોડો

# MPથી કારમાં સંતાડી જુનાગઢ લઈ જવાતો 645 બોટલ દારૂ ઝડપાયો

### ચોરખાનામાં સંતાડી પાંચમી વખત ખેપ મારનાર બેલડીની ધરપકડ

સિટી ન્યૂઝ@રાજકોટ




રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં દારૂ-જુગારની ગેરકાયદે પ્રવૃત્તિને સદંતર નેસ્ત નાબૂદ કરવા અસરકારક કામગીરી કરવાની આપેલ સૂચનાથી એલસીબી પીઆઇ જે પી રાવની રાહબરીમાં પીએસઆઇ એચ સી ગોહિલ, કે એમ ચાવડા, આર વી ભીમાણી, પી એન ભરવાડ સહિતની ટીમ જસદણ ડિવિઝન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી.

દરમિયાન એલસીબી ટીમને ખાનગી રાહે હકીકત મળી હતી કે, મહિન્દ્રા ટીયુવી જીજે-૦૨-ઝેડઝેડ-૩૫૫૨ નંબરની કારમાં ચોરખાનું બનાવી ગેરકાયદે વિદેશી દારૂનો જથ્થો ભરી બે શખ્સો વિછીયાથી જસદણ તરફ જનાર છે. જે બાતમીના આધારે એલસીબી ટીમએ વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળી કાર પસાર થતા આડશ કરી કારને રોકી ઝડતી કરતા કારના ચોરખાનામાંથી રૂ.૨,૫૪,૭૭૫ ની કિંમતની ૬૪૫ બોટલ મળી આવી હતી. જેથી રૂરલ એલસીબી ટીમે કારમાં હાજર ધનંજય ગુર્જર ભરડીયા અને નિલેશ ઈસરીયા કલેશ (બંને રહે. અલીરાજપુર, મધ્યપ્રદેશ)ની ધરપકડ કરી દારૂ, કાર, મોબાઈલ મળી કુલ રૂ. ૭,૬૦,૭૭૫ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.પોલીસની પ્રાથમિક તપાસમાં બેલડી મધ્યપ્રદેશથી દારૂ ભરી જૂનાગઢ પંથક તરફ દારૂની ડિલિવરી આપવા માટે આવી હતી પરંતુ તેઓ દારૂ ડિલિવર કરે તે પૂર્વે જ રાજકોટ એલસીબી ટીમે બંનેને ઝડપી લીધા હતા. વધુમાં પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર એમપીની બેલડી અગાઉ ચારથી પાંચ વાર દારૂની ડીલીવરી આપવા આવી ચૂકી છે. જેથી હવે જસદણ પોલીસની ટીમે બેલડીનો કબ્જો સંભાળી રીસીવર અંગે તપાસ આદરી છે.


# ક્રાઈમના સાઈબર સેલમાં ઓફિસરોની ફૌઝ હતી પણ JCPને એક કોન્સ્ટેબલ યાદ આવ્યો

ફિરોઝચાચા ની માહિતી સાચી હતી. જેસીપી વિવેક ગૌડે હૈદરાબાદ પોલીસ ને માહિતી આપી હતી કે તેમના બ્લાસ્ટ કેસ માં નસીરૂદ્દીન નો ઉલ્લેખ થઈ રહ્યો છે પણ હૈદરાબાદ પોલીસ પાસે નસીરૂદ્દીન અંગે કોઈ માહિતી ન્હોતી. તેમની માહિતી પ્રમાણે તેણે ૫ વર્ષ પહેલા જ હૈદરાબાદ છોડી દીધુ હતું. હવે ક્યા , તેનો પરિવાર ક્યા છે તેની કોઈ જાણકારી ન્હોતી. ફિરોઝચાચા મળ્યા તે ઘટનાને ૧૫ દિવસ વિતી ગયા હતા. હવે તપાસ ૧ ઈંચ પણ આગળ જઈ રહી ન્હોતી. ડીસીપી સિન્હા ને હવે પોતાની કાબેલીયત ઉપર શંકા જવા લાગી હતી. ડીસીપી સિન્હા ના ચહેરા પર કોઈ અજાણ્યો માણસ પણ વાંચી શકે એટલો તનાવ રહેતો હતો.આ વાત જેસીપી થી પણ ખાનગી રહી ન્હોતી, તે દિવસે સાંજે તેમણે સિન્હા Sinha ને બોલાવી કહ્યુ હરીશ રીલેક્સ રહો, તુમ મહેનત કરતે હો લેકીન કામ નહીં હો રહા, ડીસ્ટર્બ મત હો. સિન્હા Sinha કંઈ બોલ્યા નહીં. જેસીપી એ કહ્યુ મેને કલ એક લડકે તો બુલાયા હૈ, મે જબ સાબરકાંઠા મે ડીએસપી થા તબ વહ મેરે સાથ કામ કરતા થાં. મેને હી ઉસે પહેલી બાર કોમ્પ્યુટર પે બિઠાયા થા. બહુત અચ્છા લડકા હૈ, શાયદ હમારે કામ આ જાયે. સિન્હાના ચહેરા ઉપર ફરી આશાનું કિરણ દેખાયુ. તેમણે પુછ્યુ સર વહ સાયબર એકસપર્ટ હૈ? ગૌડ હસ્યા અને કહ્યુ નહીં, વહ સિર્ફ એક મામુલી કોન્સ્ટેબલ હૈ, લેકીન બડા કાબીલ હૈ. ઉસને મેરે સાથ બહુત કામ કીયા હૈ, કલ રાત સે મેં ગોવીંદ કે બારે મેં સોચ રહા થાં. આજ ઉસકે એસપી SP સે ભી બાત કર લી હૈ, વહ કલ તક આ જાયેગા.સિન્હાને હવે ગૌડ સાહેબની કાબેલીયત ઉપર શંકા ગઈ. એક કોન્સ્ટેબલ કઈ રીતે બ્લાસ્ટ કેસ માં તેમને મદદ કરી શકે? ક્રાઈમ બ્રાન્ચ પાસે પોતાની સાયબર લેબ હતી અને હોશિયાર ઓફિસર્સ હતા પણ તેમને પણ કોઈ કડી મળતી ન્હોતી. ત્યારે સર એક કોન્સ્ટેબલના ભરોસે કેસ ઉકેલાઈ જશે તેવી આશા રાખી રહ્યા હતા. જો કે બીજી જ ક્ષણે ગૌડ સાહેબનો નિર્ણય સાચો જ હશે તેવુ પણ લાગી રહ્યુ હતું. સિન્હા તે દિવસે ઘરે જવા નિકળી ગયા પણ બીજા દિવસે સવારે તેઓ ઓફિસ આવ્યા ત્યારે તેમની ચેમ્બર બહાર તેમણે એક અજાણ્યો ચહેરો જોયો. તેમને જોતા જ પેલો માણસ ઉભો થયો અને તેણે જય હિન્દ સર કહ્યુ, સિન્હા તેને જયહિન્દ કહી પોતાની ચેમ્બરમાં ગયા અને તેમની પાછળ આવેલા તેમના કમાન્ડોએ કહ્યુ સર પાલનપુર Palanpur થી કોન્સ્ટેબલ ગોવીંદ આવ્યા છે. સિન્હા Sinha એ એક ક્ષણ વિચાર કર્યો અને તેમને યાદ આવ્યુ તેમણે કહ્યુ મોકલો તેને અંદર, તે અંદર આવ્યો, તે પેલો જ હતો જેણે જય હિન્દ કહી સલામ કરી હતી. સિન્હા Sinha એ તરત વાત ઉપર આવી જતાં કહ્યુ ગોવીંદ તમને બ્લાસ્ટ કેસ તો ખબર છે પણ હવે તેમા કોઈ પ્રગતિ થઈ રહી નથી. જેસીપી સાહેબ તમારી બહુ તારીફ કરતા હતા, સાહેબે કહ્યુ છે કે ગોંવીદ સારો છોકરો છે, આપણને મદદ કરી શકે છે. ગોવીંદે કહ્યુ આજે હું જે કંઈ શીખ્યો તે બધુ ગૌડ સાહેબના કારણે નહીંતર આજે પણ આર્ટીલરીમાં કામ કરતો હોત. સિન્હાએ કહ્યુ ગોવીંદ કંઈ પણ કરો, યાર મારી આબરૂનો સવાલ છે. ગોવીંદે કહ્યુ સર હું પ્રયત્ન કરીશ. સિન્હા Sinha એ કહ્યુ ગોવીંદ પ્રયત્ન નહીં પરિણામ જોઈએ, તારે જે કંઈ મદદ જોઈતી હોય તે બોલ હું મારા માણસો અને ગાડીઓ તને આપીશ પણ કોઈક લાઈન આપ. ગોવીંદે ૧ મિનિટ વિચાર કરી કહ્યુ સર મારે તમામ બ્લાસ્ટ સ્પોટ ઉપર જવુ પડશે અને પેપરમાં વાંચ્યુ હતું કે તમે વટવાના કોઈ મકાનને પણ શોધી કાઢ્યુ ત્યાં પણ જવુ પડશે.સિન્હા Sinha ના ચહેરા ઉપરના હાવભાવ બદલાયા, તેમને લાગ્યુ કે ગોવીંદ જાણે બહુ મોટો ઈન્વેસ્ટીગેટર હોય તેવો દેખાવ કરી રહ્યો છે. જો કે સિન્હાના મનમાં આવેલી વાત ગોવીંદ સમજી ગયો હોય તેમણે તેણે સ્પોટ ઉપર જવાનું કારણ સમજાવતા કહ્યુ સર સ્પોટ ઉપર અથવા વટવાના પેલા મકાનમાં રહેલા લોકો ફોનનો ઉપયોગ તો કર્યો જ હશે. મારે સ્પોટ ઉપર જઈ સેલ આઈડી લેવી છે. પહેલા ટાવર લોકેશન મળે તો તેની ઉપર કામ થઈ શકે તેમ છે. સિન્હા Sinha વિચાર કરવા લાગ્યા, અમદાવાદ જેવા શહેરમાં લાખો લોકો ફોન વાપરે છે ત્યારે સ્પોટ ઉપર ક્યા ફોનનો ઉપયોગ થયો હશે અને તે પણ બ્લાસ્ટ કરનારે ક્યો નંબર વાપર્યો હશે તે કઈ રીતે નક્કી થઈ શકે? પણ ગોવીદ ની બોડી લેંગ્વેજમાં ગજબનો વિશ્વાસ દેખાતો હતો. સિન્હાએ યાદ કર્યુ પણ તેમણે ક્યારેય ગોવીદ નું નામ અને કામ સાંભળ્યુ હોય તેવુ યાદ ન્હોતુ આવ્યુ અને જ્યારે ગૌડ સાહેબ ગોવીંદ ઉપર ભરોસો મુકી રહ્યા હતા ત્યારે પોતાને ભરોસો મુકવામાં કઈ વાંધો ન્હોતો. છતાં એક પોલીસ અધિકારી તરીકે શંકા કરવાનો સ્વભાવ થઈ જાય છે. તેમણે ગોવીંદ ને પુછ્યુ કોમ્પ્યુટર સાયન્સ ભણ્યા છો? ગોવીંદ હસ્યો, તેણે કહ્યુ ના સાહેબ હું તો ડિઝલ મિકેનીક હતો. સિન્હાના ચહેરા ઉપર એકદમ રૂક્ષતા આવી ડિઝલ મિકેનીક અને મોબાઈલ એન્જીનિયર કઈ રીતે બને કોઈ વાતનો તાળો મળતો ન્હોતો, પણ ગોવીંદને હવે વધુ સવાલ પુછવાનો અર્થ થતો હતો કે ગૌડ સાહેબ ઉપર શંકા કરવી.તેમણે તરત ઈન્ટરકોમ ફોન ઉપડ્યો અને પહેલા નંબર યાદ કર્યો અને ડાયલ કરતા તરત ફોન ઉપડ્યો, જાડેજા હું ગોવીદ ને તમારી પાસે મોકલુ છું, અરે ગોવીંદ એસકે પોલીસમાં છે, જેસીપી સાહેબ સાથે કામ કરેલુ છે, આપણી સાથે હમણાં બ્લાસ્ટ કેસ માં તેમને એટેચ કર્યા છે. તમારી પાસે મોકલુ છે, તેઓ જે મદદ માંગે તે આપજો અને આપણી સાયબર લેબ સાથે પણ તેમનો પરિચય કરાવી દેજો. ફોન મુક્યો અને બેલ મારી કમાન્ડોને બોલાવી કહ્યુ આમને જાડેજા પાસે લઈ જાઓ. ગોવીંદે ફરી સલામ કરી તે સિન્હા Sinha ની ચેમ્બરમાંથી બહાર નિકળી જાડેજા Jadeja ની ચેમ્બર તરફ જવા રવાના થયા. સિન્હા Sinha ને જેસીપી નો આ નિર્ણય પસંદ આવ્યો ન્હોતો, પોતે પણ આઈઆઈટી IIT માં અભ્યાસ કરી આવ્યા હતા.તેઓ રોજ સાયબર લેબમાં બેસી રોજ કોઈને કોઈ પ્રયત્ન કરતા હતા છતાં કોઈ કડી મળતી ન્હોતી. ત્યારે એક સાવ નાના શહેરનો કોન્સ્ટેબલ અમદાવાદમાં આવી હવે બ્લાસ્ટ કેસ ને ટ્રેક કેવી રીતે કરશે? સિન્હાએ ગુગલમાં જઈ ગોવીંદ નું નામ નાખ્યુ પણ તેના નામનો કોઈ ઉલ્લેખ ગુગલ બતાડતુ ન્હોતુ, તે સાંજે જાડેજાએ સિન્હાને મળવા આવ્યા ત્યારે તેમણે પણ સિન્હા સામે વાત કરતા કરતા સવાલ કર્યો કે સર ગોવીંદ કઈ રીતે કામ કરશે? જાડેજાએ કહ્યુ તેઓ આખો દિવસ ગોંવીદ સાથે સ્પોટ ઉપર ફર્યા હતા, તે સ્પોટ ઉપર પોતાના મોબાઈલ ફોનમાં કંઈક લખતો અને ચેક કરતો હતો. જાડેજાને સાયબર ક્રાઈમ સાથે બારમો ચંદ્રમા હતો પણ તેમને એક શબ્દ યાદ રહી ગયો હતો તેમણે કહ્યુ સર ગોવીંદ લેટીટ્યુડ શોધી રહ્યો હતો. જાડેજાએ જે રીતે વાત કરી ત્યારે સિન્હાને લાગ્યુ કે ગોવીંદ જે રીતે કામ કરી રહ્યો છે તે રીતે તેમના માટે જેકપોટ પણ સાબીત થઈ શકે છે. અમદાવાદમાં થયેલા બ્લાસ્ટ પહેલા મુંબઈ, બેગ્લોર અને આગ્રામાં પણ બ્લાસ્ટ થયા હતા. તમામ બ્લાસ્ટ હજી એનડીટેક્ટ હતા પણ જો ગોવીંદ કામ કરી ગયો તો આપણો વટ પડી જશે.

(ક્રમશઃ)



Navajivan ભાગ ૩૮ ગુજરાતની સત્ય ઘટના આધારિત પ્રશાંત દયાળ લિખિત નવલકથા..


પ્રશાંત દયાળ








# ત્રંબામાં ઋષિ પંચમી નિમિત્તે એક દિવસીય મહિલા મેળો યોજાયો

## ત્રિવેણી સંગમ ખાતે લાખો મહિલાઓએ સ્નાન કરી પિતૃમોક્ષ માટે પ્રાર્થના કરી; સેવાભાવી સંસ્થાઓએ પ્રસાદ-ચા પાણીની વ્યવસ્થા કરી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ નજીક ત્રંબા ખાતે આજે ઋષિ પંચમી નિમિત્તે ત્રિવેણી નદીના કિનારે એક દિવસીય મહિલા મેળો યોજાયો હતો. મેળામાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉમટી પડી હતી અને ત્રિવેણી નદીમાં સ્નાન કરી ધાર્મિક વિધિ કરી હતી. મહિલાઓએ પીપળાને પાણી અર્પણ કરી પિતૃમોક્ષ માટે પ્રાર્થના કરી હતી.

મેળામાં સથવારા ફાઉન્ડેશન, ગુંદાવાડી રાજકોટ તરફથી મહિલાઓ માટે ફરાળી પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ તંબકેશ્વર યુવા ગ્રુપ દ્વારા ચા-પાણીના પ્રસાદની સેવા કરવામાં આવી હતી.

મેળાને લઈને આજી ડેમ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. નદી કિનારે મહિલા પોલીસ કર્મચારીઓ સહિતનો બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે NDRFની ટીમ પણ તૈનાત રાખવામાં આવી હતી. એક દિવસીય લોકમેળામાં રમકડાં સહિતની ચીજવસ્તુઓના વેપારીઓએ પણ સ્ટોલ લગાવ્યા હતા, જેના કારણે મેળામાં નાના વેપારીઓ અને રમકડાં વેચતા પરિવારોની રોજીરોટીને પણ ટેકો મળ્યો હતો.

# રેસકોર્સમાં ગણેશ વિસર્જન માટે 111 પવિત્ર નદીઓના જળનો વિશાળ કુંડ

## ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અને ક્લીનઅપ રાજકોટની પર્યાવરણ રક્ષણ માટે અનોખી પહેલ; સવારે ૯થી સાંજે ૭ સુધી વિસર્જનની વ્યવસ્થા

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટના રેસકોર્સ ખાતે ગણેશ વિસર્જન માટે દેશની ૧૧૧ પવિત્ર નદીઓના જળથી વિશેષ કુંડ તૈયાર કરવામાં આવ્યો છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અને ક્લીનઅપ રાજકોટના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલી આ પહેલનો હેતુ ડેમ અને જળાશયોને પ્રદૂષણથી બચાવવા તેમજ ગણેશ પ્રતિમાઓના વિસર્જન બાદ યોગ્ય સન્માન અને પવિત્રતા જાળવવાનો છે. દર વર્ષે ગણેશોત્સવ દરમિયાન જળાશયો અને ડેમોમાં પ્રતિમાઓના વિસર્જનથી જળ પ્રદૂષણની સમસ્યા ઊભી થાય છે. સાથે જ વિસર્જન બાદ પ્રતિમાઓની યોગ્ય સંભાળ ન લેવાતી હોવાથી ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચતી હોવાની રજૂઆત કરવામાં આવી છે. આથી ગણેશજીની પૂજા સાથે વિસર્જન સમયે પણ પવિત્રતા અને સન્માન જળવાઈ રહે તે હેતુથી આ વ્યવસ્થા કરવામાં આવી છે. રેસકોર્સ મેઈન ગાર્ડન ખાતે બહુમાળી ભવનની સામે અને મીડિયા હાઉસની બાજુમાં ૩૫ × ૪૫ ફૂટનો વિશાળ કુંડ તૈયાર કરાયો છે. આ કુંડમાં દેશની ૧૧૧ પવિત્ર નદીઓનું જળ ભરવામાં આવ્યું છે. અહીં સવારે ૯થી સાંજે ૭ વાગ્યા સુધી ગણેશ પ્રતિમાઓનું વિસર્જન કરી શકાશે. વિસર્જન બાદ પ્રતિમાઓને ટ્રેક્ટર મારફતે સંપૂર્ણ સન્માન અને પવિત્રતા સાથે એકત્રિત કરી યોગ્ય વિધિ મુજબ વ્યવસ્થા કરવામાં આવશે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અને ક્લીનઅપ ગ્રુપે રાજકોટના ધર્મપ્રેમી ભાઈઓ-બહેનોને ડેમ કે જળાશયોમાં પ્રતિમા વિસર્જન કરવાને બદલે રેસકોર્સ ખાતે તૈયાર કરાયેલા પવિત્ર કુંડમાં જ ગણપતિ દાદાની પ્રતિમાઓ પધરાવવા અપીલ કરી છે. આ આયોજનમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અને ક્લીનઅપ ગ્રુપના અજયભાઈ હીરપરા, વિઠ્ઠલભાઈ બાલધા, સંજયભાઈ કાકડિયા, એવનભાઈ દલસાણીયા, સાગરભાઈ સોરઠીયા, આરતીબેન મીઠાણી, ડાયાભાઈ ધાડીયા, લક્ષ્મણભાઈ શિગાળા, રતિભાઈ ઠુંમર, દિનેશભાઈ વેકરીયા સહિતના આગેવાનો જોડાયા છે.

# દેવપુષ મેડિકલ સ્ટોરમાં હુમલો કરી તોડફોડથી વેપારીઓમાં ભય ફેલાયો

## આશરે 6 શખ્સોએ રાત્રે 9 વાગ્યે હુમલો કર્યો હોવાનો ઉલ્લેખ; 12 કોમ્પ્યુટર, 4 CCTV કેમેરા અને TVમાં નુકસાન

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરના દેવપુષ મેડિકલ સ્ટોર ખાતે રવિવારે રાત્રે આશરે ૯ વાગ્યે ૬ અજાણ્યા શખ્સોએ અચાનક હુમલો કરી તોડફોડ કરી હોવાની રજૂઆત કેમિસ્ટ એસોસિએશન-રાજકોટ દ્વારા પોલીસ કમિશનરને કરવામાં આવી છે. રજૂઆત મુજબ હુમલામાં મેડિકલ સ્ટોરની મિલકતને મોટાપાયે નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.

રજૂઆત મુજબ તોડફોડમાં ૧૨ કોમ્પ્યુટર, ૪ CCTV કેમેરા અને ૧ TVને નુકસાન થયું છે. આ ઉપરાંત સ્ટોરની અન્ય મિલકતને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. બનાવને ૬૦ કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં હુમલાખોરો પોલીસની પકડમાં આવ્યા ન હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

કેમિસ્ટ એસોસિએશને પોલીસ સમક્ષ માંગ કરી છે કે ઉપલબ્ધ CCTV ફૂટેજ, આસપાસના વિસ્તારોના CCTV કેમેરા, હુમલાખોરોના આવવા-જવાના માર્ગ, વાહનો તથા અન્ય ટેકનિકલ પુરાવાના આધારે તપાસ ઝડપી કરવામાં આવે અને આરોપીઓની ઓળખ કરી ધરપકડ કરવામાં આવે.

એસોસિએશને બનાવ પાછળનું કારણ અને હુમલાખોરોનો હેતુ શોધી કાઢવા તેમજ દેવપુષ મેડિકલ સ્ટોરને થયેલા નુકસાન અંગે કાયદેસરની કાર્યવાહી કરવાની પણ માંગ કરી છે. ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટે મેડિકલ સ્ટોર તથા વેપારીઓની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવા રજૂઆત કરાઈ છે.

# નરેન્દ્ર મોદીના સંઘ કાર્યકાળની સ્મૃતિઓ દર્શાવતા ફોટા રજૂ કરાયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ૧૦૦ વર્ષના શતાબ્દી વર્ષ નિમિત્તે ગુજરાતમાં સંઘ કાર્યકાળ દરમિયાન નરેન્દ્ર મોદી સાથે વર્ષો સુધી કાર્ય કરનારા પ્રચારકો અને સંઘ કાર્યકર્તાઓ સાથેની યાદગાર તસવીરો રજૂ કરવામાં આવી છે.સંગઠન પ્રમુખ સહકાર ભારતી રાજકોટના જયેશ સંઘાણીએ રજૂ કરેલી માહિતી મુજબ, ગુજરાતમાં સંઘના પાયાને મજબૂત બનાવવામાં જીવન સમર્પિત કરનારા અનેક પ્રચારકોએ કશાની અપેક્ષા વગર રાષ્ટ્ર અને સમાજસેવામાં જીવન ખપાવ્યું હતું. આવા કાર્યકર્તાઓની સ્મૃતિઓમાંથી નવી પેઢીને પ્રેરણા મળતી હોવાનું તેમણે



**સંઘના ગુજરાત પ્રાંતના ઋષિતુલ્ય પ્રચારકો સાથેની સ્મૃતિઓ તસવીરોમાં; નરેન્દ્ર મોદીના સંઘ કાર્યકાળને યાદ કરતું સંકલન**

જણાવ્યું છે.પ્રેસનોટમાં નરેન્દ્ર મોદીના લેખન અને ચિંતન કાર્યનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંઘર્ષમાં ગુજરાત, સેતુબંધ, પત્રરૂપ ગુરૂજી, તપ વંદના, ગુરૂજી એક સ્વયંસેવક, કેળવે તે કેળવણી, આચાર્ય ધર્મ, આંખ આ ધન્ય છે અને જ્યોતિપુંજ સહિતના પુસ્તકોનો ઉલ્લેખ કરી તેમના રાષ્ટ્રીય, સામાજિક અને ઐતિહાસિક વિષયો પ્રત્યેના લેખન કાર્યની નોંધ લેવામાં આવી છે.

રજૂ કરાયેલી તસવીરોમાં નરેન્દ્ર મોદી સાથે વકીલ સાહેબ તરીકે જાણીતા લક્ષ્મણરાવ ઇનામદાર, ચીમનભાઈ શુક્લ, બાબુભાઈ ઓઝા, ડૉ. અમૃતભાઈ કડીવાલા, પ્રવીણકાકા મણીઆર સહિત ગુજરાતના સંઘ કાર્યકર્તાઓની વિવિધ સ્મૃતિઓનો સમાવેશ થાય છે.

તસવીરોમાં લક્ષ્મણરાવ ઇનામદારને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા નરેન્દ્ર મોદી, સેતુબંધ પ્રકાશન પ્રસંગેની તસવીર તેમજ સોમનાથ ખાતે ગુજરાત પ્રાંત સંઘ કાર્યાલયની ટોળી સાથેની તસવીર સહિતના પ્રસંગો દર્શાવવામાં આવ્યા છે.

આ સંકલનનો હેતુ સંઘના કાર્યકાળની જૂની સ્મૃતિઓને લોકો સમક્ષ રજૂ કરવાનો અને રાષ્ટ્ર તથા સમાજસેવામાં જીવન સમર્પિત કરનારા પ્રચારકોના યોગદાનને યાદ કરવાનો હોવાનું જણાવાયું છે.

જયેશ સંઘાણી, સંગઠન પ્રમુખ, સહકાર ભારતી, રાજકોટ દ્વારા આ માહિતી રજૂ કરવામાં આવી છે.

## ભાજપના પુર્વ યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને વોર્ડ-6ના પ્રભારી સંજયભાઈ ગોસ્વામીનો જન્મદિવસ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર ભાજપના પૂર્વ યુવા મોરચા ઉપાધ્યક્ષ અને વોર્ડ-૬ના પ્રભારી સંજયભાઈ બી. ગોસ્વામી જીવનના ૫૨ વર્ષ પૂર્ણ કરી ૫૩મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. જન્મદિવસ નિમિત્તે ભાજપના આગેવાનો, ધારાસભ્યો, સાંસદો, કોર્પોરેટરો, સંત-મહંતો, સમાજસેવીઓ, મિત્રો અને કાર્યકરો તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. સંજયભાઈએ ૧૯૯૬થી ૨૦૦૫ દરમિયાન શહેર ભાજપ યુવા મોરચાના ઉપાધ્યક્ષ તથા વોર્ડ-૪ના પ્રમુખ તરીકે જવાબદારી સંભાળી હતી. તેઓ વોર્ડ-૧૫ના ભાજપ પ્રભારી તરીકે પણ સંગઠન મજબૂત કરવામાં કામગીરી કરી ચૂક્યા છે. વિવિધ સ્થાનિકથી લોકસભા સુધીની ચૂંટણીમાં ઈન્ચાર્જ તરીકે પણ જવાબદારી નિભાવી છે. તેઓ બાળપણથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયેલા છે. વિશ્વ હિન્દુ પરિષદ સાથે રહી જન્માષ્ટમી શોભાયાત્રા સહિતના આયોજનમાં જવાબદારી નિભાવી છે. રાજકોટમાં ગોપી કિશન સ્પર્ધાની શરૂઆત કરવાનો શ્રેય પણ તેમને આપવામાં આવ્યો છે. સામાજિક ક્ષેત્રે સંજયભાઈ છેલ્લા ૨૫ વર્ષથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સેવાકાર્ય સાથે જોડાયેલા છે. શિક્ષણ સહાય અને લોકકલ્યાણના કાર્યો ઉપરાંત દશનામ ગોસ્વામી સમાજ ટ્રસ્ટ અને સમૂહ લગ્ન સમિતિમાં પણ જવાબદારી સંભાળી રહ્યા છે.



## રાજકોટમાં રઘુવંશી સમાજનો 67મો પ્રતિભા સન્માન સમારોહ યોજાશે

» 4 ઓક્ટોબરે અરવિંદભાઈ મણિયાર હોલમાં આયોજન; 12 ગોલ્ડ, 20 સિલ્વર મેડલ અને 140થી વધુ વિશેષ પારિતોષિકો અપાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શ્રી રાજકોટ લોહાણા મહાજન પ્રેરિત અને શ્રી લોહાણા યુવક પ્રગતિ મંડળ-રાજકોટના આયોજનમાં રઘુવંશી સમાજનો ૬૭મો પ્રતિભા સન્માન સમારોહ ૪ ઓક્ટોબર, રવિવારે સવારે ૯ વાગ્યે શ્રી અરવિંદભાઈ મણિયાર હોલ ખાતે યોજાશે. સમારોહમાં ધોરણ ૧૦-૧૨, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, વિવિધ ડિગ્રી-ડિપ્લોમા ઉપરાંત CA, PhD, ડોક્ટર તથા માસ્ટર ડિગ્રીમાં ઉચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરાશે.વિવિધ બોર્ડ અને યુનિવર્સિટીમાં જ્ઞાતિમાં પ્રથમ તથા હાઈએસ્ટ માર્ક મેળવનાર વિદ્યાર્થીઓને ૧૨ ગોલ્ડ મેડલ, ૨૦ સિલ્વર મેડલ અને એક કેશ એવોર્ડ આપવામાં આવશે. ઉપરાંત અંદાજે ૧૪૦ વિશેષ પારિતોષિકો એનાયત કરાશે. રાજ્યકક્ષા અને રાષ્ટ્રકક્ષાએ વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર રઘુવંશી સમાજની પ્રતિભાઓનું પણ વિશેષ બહુમાન કરાશે.સન્માન માટે રઘુવંશી સમાજના વિદ્યાર્થીઓએ ૨૦ સપ્ટેમ્બર સુધીમાં ફોર્મ અને માર્કશીટની નકલ સંસ્થાના કાર્યાલયમાં જમા કરાવવાની રહેશે. વિદ્યાર્થીઓ સાંગણવા ચોક ખાતે લોહાણા મહાજન વાડી બિલ્ડિંગ, કોટક શેરી સ્થિત કાર્યાલયે સાંજે ૭થી ૯ દરમિયાન રૂબરૂ સંપર્ક કરી શકશે. સમારોહના આયોજનમાં લોહાણા યુવક પ્રગતિ મંડળના ચેરમેન યોગેશભાઈ જસાણી, અશોક હિન્ડોચા, પ્રકાશભાઈ સુચક, પરેશભાઈ તન્ના, ધવલભાઈ કક્કડ, મીત રાચ્છ, મનસુખભાઈ કોટેચા, અલ્પેશ માનસતા, રાજેશભાઈ અઢીયા, ડૉ. અજયકુમાર ઠકરાર, સંજયભાઈ કક્કડ, ધ્રુવભાઈ જસાણી, પાર્થભાઈ જસાણી સહિત હોદ્દેદારો અને કારોબારી સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા દર રવિવારે સવારે ૧૧થી બપોરે ૧ વાગ્યા સુધી નિઃશુલ્ક વૈવાહિક માહિતી કેન્દ્ર પણ ચલાવવામાં આવે છે. વધુ માહિતી માટે સંસ્થાના કાર્યાલયનો સંપર્ક કરવા જણાવાયું છે.

# ST વોલ્વો ડેપોમાં બ્રેથ એનેલાઈઝર મુકવાની મુસાફર હિતરક્ષકની માંગ

## શ્રીનાથદ્વારા રૂટના કંડક્ટર સામે કાર્યવાહી બાદ માંગ ઉઠી; ઈન્કવાયરી અને ડેપોના સમયના બોર્ડ લગાવવા પણ રજૂઆત

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટ એસ.ટી. બસપોર્ટના વોલ્વો ડેપોમાં મુસાફરોની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને બ્રેથ એનેલાઈઝરની સુવિધા ઉપલબ્ધ કરાવવાની માંગ ગુજરાત એસ.ટી. મુસાફર હિતરક્ષક સમિતિએ કરી છે. સમિતિના દિલીપભાઈ આસવાણી, ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, પ્રવીણભાઈ લાખાણી, પ્રતાપભાઈ વાળા, નાગજીભાઈ પટેલ, નટુભા ઝાલા, અશોકભાઈ બુટાણી અને જયંતીભાઈ હિરપરાએ સંયુક્ત રજૂઆતમાં આ માંગ કરી છે.

સમિતિના જણાવ્યા મુજબ તાજેતરમાં શ્રીનાથદ્વારા-રાજકોટ રૂટની બસના કંડક્ટર સામે શામળાજી પોલીસમાં ગુનો નોંધાયા બાદ તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. ચાલુ ફરજ દરમિયાન કેફી પીણું પીધેલી સ્થિતિમાં વર્તન કરવાના મામલે આ કાર્યવાહી થયાનું રજૂઆતમાં જણાવાયું છે.

સમિતિએ અગાઉ વોલ્વો ડેપોના વેઈટિંગ રૂમ અને એડવાન્સ બુકિંગ રૂમના શૌચાલયમાંથી દારૂની ખાલી બોટલો અને કોથળીઓ મળી હોવાનો ઉલ્લેખ કર્યો છે. તે સમયે પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરી પોલીસની હાજરીમાં મુદ્દામાલ કબજે કરાવવામાં આવ્યો હતો અને મુસાફર ફરિયાદ પોથીમાં ફરિયાદ નંબર ૧૪૩૫૫૦થી લેખિત ફરિયાદ કરવામાં આવી હોવાનું જણાવ્યું છે.

સમિતિએ જણાવ્યું છે કે બસના ડ્રાઈવર અને કંડક્ટર નશાની હાલતમાં છે કે કેમ તેની તપાસ માટે બ્રેથ એનેલાઈઝર ટેસ્ટની વ્યવસ્થા હોવી જરૂરી છે. ખાસ કરીને વોલ્વો ડેપોમાં તગડું ભાડું વસૂલાતું હોવાથી મુસાફરોની સલામતી માટે નિયમિત તપાસની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત વોલ્વો ડેપોમાં ઈન્કવાયરીના બોર્ડ તેમજ સવારે ૫થી રાત્રે ૧૦ વાગ્યા સુધીના ડેપોના સમય દર્શાવતા બોર્ડ ન હોવાથી મુસાફરોને મુશ્કેલી પડતી હોવાનો પણ સમિતિએ ઉલ્લેખ કર્યો છે. મુસાફર હિતરક્ષક સમિતિએ વોલ્વો ડેપો ઉપરાંત રાજકોટ ડેપોમાં પણ બ્રેથ એનેલાઈઝર ઉપલબ્ધ કરાવવા તથા જરૂરી સૂચના બોર્ડ લગાવવાની માંગ કરી છે.

# સૌ.યુનિવર્સિટીમાં નિવૃત પ્રાધ્યાપકોનો ગરિમાપૂર્ણ અભિવાદન સમારોહ યોજાશે

» 24 સપ્ટેમ્બરે વાર્ષિક સાધારણ સભા સાથે કાર્યક્રમ; કુલપતિ પ્રો. ઉત્પલ જોશીની અધ્યક્ષતામાં મેયર ડૉ. નેહલ શુક્લ ઉપસ્થિત રહેશે

સિટી ન્યૂઝ@રાજકોટ



પ્રોફે.ઉત્પલ જોશી ડો.નેહલ શુક્લ ડો.કલ્પક ત્રિવેદી

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની ૩૮મી વાર્ષિક સાધારણ સભા તથા તાજેતરમાં નિવૃત થયેલા ૫ પ્રાધ્યાપકોનો ગરિમાપૂર્ણ નિવૃત્તિ અભિવાદન સમારોહ ૨૪ સપ્ટેમ્બર, ગુરુવારે સાંજે ૪.૩૦ વાગ્યે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આર્ટ ગેલેરી હોલના સેમિનાર હોલમાં યોજાશે.

કાર્યક્રમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. ઉત્પલ જોશીની અધ્યક્ષતામાં યોજાશે. મુખ્ય મહેમાન તરીકે રાજકોટના મેયર ડૉ. નેહલ શુક્લ તથા અતિથિ વિશેષ તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ અને શિક્ષણવિદ ડૉ. કલ્પક ત્રિવેદી ઉપસ્થિત રહેશે.સમારોહમાં કોમર્સ ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રો. દક્ષાબા પ્રતાપસિંહ ચૌહાણ, હોમ સાયન્સ ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રો. નીલામ્બરીબેન દવે, બાયો સાયન્સ ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રો. રાહુલ કુંડુ, હોમ સાયન્સ ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રો. એચ.ડી. જોશી તથા ભૌતિકશાસ્ત્ર ભવનના પૂર્વ પ્રોફેસર અને મંડળીના ઉપપ્રમુખ ડૉ. જયંત ભાલોડિયાનો અભિવાદન કરવામાં આવશે. કાર્યક્રમને સફળ બનાવવા સહકારી મંડળીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ પ્રો. જે.એ. ભાલોડિયા, મંત્રી પ્રો. વી.જે. કનેરીયા, સહમંત્રી પ્રો. યોગેશ જોગસણ, ખજાનચી ડૉ. રંજનબેન ખૂંટ સહિત કારોબારી સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.કાર્યક્રમના ઉદઘોષક તરીકે મનોવિજ્ઞાન ભવનના વરિષ્ઠ પ્રોફેસર ડૉ. યોગેશ જોગસણ ફરજ બજાવશે.

# મોદીના જન્મદિવસે નિમિત્તે ઉદય કાનગડે 25 વર્ષની જાહેર જીવનયાત્રા વર્ણવી

સિટી ન્યૂઝ@રાજકોટ



વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરે છે ત્યારે ધારાસભ્ય ઉદય કાનગડે તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવી તેમની ૨૫ વર્ષની જાહેર જીવનયાત્રાનો ઉલ્લેખ કર્યો છે. કાનગડે જણાવ્યું કે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ઓક્ટોબર ૨૦૦૧માં શરૂ થયેલી મોદીની સક્રિય શાસકીય જનસેવાની યાત્રા હવે ૨૫ વર્ષના ઐતિહાસિક પડાવ સુધી પહોંચી છે.

નિવેદનમાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વીજળી, પાણી, કૃષિ, ઉદ્યોગ, રોકાણ, વહીવટી સુધારણા અને ટેક્નોલોજી આધારિત ગવર્નન્સ સહિતના ક્ષેત્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નાગરિકોની ફરિયાદોના ઝડપી અને પારદર્શક નિવારણ માટે SWAGAT જેવી ટેક્નોલોજી આધારિત પહેલનો પણ ઉલ્લેખ કરાયો છે.નિવેદનમાં ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપને મળેલી બહુમતી તથા કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો પણ ઉલ્લેખ છે. જનધન યોજના, ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, આયુષ્માન ભારત, સ્વચ્છ ભારત, જલ જીવન મિશન, DBT અને ડિજિટલ ઈન્ડિયા જેવી પહેલોને તેમાં સ્થાન આપવામાં આવ્યું છે. સામાન્ય નાગરિકો સુધી સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ પહોંચાડવાના અભિગમનો પણ ઉલ્લેખ કરાયો છે.

આ ઉપરાંત ડિજિટલ ઈન્ડિયા, UPI, મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને સ્કિલ ઈન્ડિયા જેવા અભિગમો તથા G૨૦, BRICS, QUAD અને SCO જેવા આંતરરાષ્ટ્રીય મંચોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નિવેદન અનુસાર વૈશ્વિક મંચો પર ભારતના હિતો અને વિકાસશીલ દેશોના પ્રશ્નોની રજૂઆત સાથે ભારતની રાજદ્વારી સક્રિયતાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ભારતીય સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાના સંદર્ભમાં શ્રી રામ મંદિર, કાશી વિશ્વનાથ ધામ, મહાકાલ લોક, કેદારનાથ-બદ્રીનાથ સહિતના તીર્થધામોના વિકાસનો પણ નિવેદનમાં ઉલ્લેખ કરાયો છે. યોગ, આયુર્વેદ અને ભારતીય જ્ઞાનપરંપરાને વૈશ્વિક સ્તરે પહોંચાડવાના પ્રયાસોની પણ વાત કરવામાં આવી છે.કાનગડના નિવેદનમાં આગામી તબક્કા માટે વિકસિત ભારતના સંકલ્પનો ઉલ્લેખ કરી ગરીબીમાંથી મુક્તિ, ગુણવત્તાયુક્ત શિક્ષણ, રોજગાર, આરોગ્યસુવિધા, મહિલા સશક્તિકરણ, યુવા શક્તિ, કૃષિ વિકાસ, ટેક્નોલોજી, મજબૂત અર્થતંત્ર અને રાષ્ટ્રીય સુરક્ષા જેવા મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન ભાજપ તરફથી સેવા સંકલ્પ અભિયાનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમાં રક્તદાન, આરોગ્ય સેવા, સ્વચ્છતા, પર્યાવરણ, જનજાગૃતિ, જરૂરિયાતમંદોની મદદ અને સામાજિક સમરસતા જેવી વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ કરાયો છે. અભિયાનનો ઉદ્દેશ સેવા પ્રવૃત્તિઓને જનભાગીદારી સાથે જોડવાનો હોવાનું નિવેદનમાં જણાવાયું છે.

અંતમાં ધારાસભ્ય ઉદય કાનગડે નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી વિકસિત ભારત @ ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# ક્રાઈસ્ટ કોલેજના ડૉ. ફાધર જોમોન થોમ્માનાને નેશન બિલ્ડર એવોર્ડ મળ્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસના નિર્દેશક ડૉ. ફાધર જોમોન થોમ્માનાને શૈક્ષણિક ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન, નેતૃત્વ અને સંસ્થાકીય વિકાસ બદલ રોટરી પ્રાઈમ રાજકોટ દ્વારા પ્રતિષ્ઠિત નેશન બિલ્ડર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ સન્માનને ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસ માટે ગૌરવની ક્ષણ તરીકે જોવામાં આવી રહી છે.રોટરી પ્રાઈમ રાજકોટ રોટરી ઈન્ટરનેશનલ સાથે સંકળાયેલી સામાજિક સેવા સંસ્થા છે, જે સમાજસેવા, શિક્ષણ, યુવા વિકાસ અને રાષ્ટ્રનિર્માણના ક્ષેત્રોમાં સક્રિય છે. સમાજમાં વિશિષ્ટ યોગદાન આપનાર વ્યક્તિઓ અને સંસ્થાઓને પ્રોત્સાહિત કરવા તથા સન્માનિત કરવાની દિશામાં સંસ્થા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

શિક્ષણ ક્ષેત્રે નેતૃત્વ, સંસ્થાકીય શ્રેષ્ઠતા તથા વિદ્યાર્થીઓના સર્વાંગી



વિકાસ માટેના સતત પ્રયાસોની કદરરૂપે ડૉ. ફાધર જોમોન થોમ્માનાને આ સન્માન આપવામાં આવ્યું છે. સમગ્ર સૌરાષ્ટ્ર પ્રદેશમાંથી માત્ર ૭ પ્રતિષ્ઠિત શિક્ષણવિદો અને શૈક્ષણિક સંચાલકોની આ સન્માન માટે પસંદગી કરવામાં આવી હતી, જેમાં તેમનો સમાવેશ થયો છે.

ડૉ. ફાધર જોમોન થોમ્માનાના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસમાં ગુણવત્તાસભર શિક્ષણ, કૌશલ્ય વિકાસ, ઉદ્યોગલક્ષી અભિગમ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને સતત પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં મૂલ્યો,

## શૈક્ષણિક યોગદાન અને નેતૃત્વ બદલ રોટરી પ્રાઈમ રાજકોટનું સન્માન; સૌરાષ્ટ્રમાંથી પસંદ થયેલા 7 શિક્ષણવિદોમાં સમાવેશ

કૌશલ્યો અને સામાજિક જવાબદારીના વિકાસ માટે પણ વિવિધ પહેલ હાથ ધરવામાં આવી રહી છે.

આ પ્રતિષ્ઠિત સન્માન બદલ ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસના સમગ્ર પરિવારે ડૉ. ફાધર જોમોન થોમ્માનાને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. આ એવોર્ડ તેમના સમર્પિત શૈક્ષણિક નેતૃત્વ અને શિક્ષણક્ષેત્રે સતત યોગદાનની નોંધપાત્ર ઓળખ સમાન હોવાનું જણાવાયું છે.




## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- સાત્વિક ગ્રીન એનર્જી લિ.ને સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ. પાસેથી રૂ.૧,૦૪૧.૬૩ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- પટેલ્સ એરટેમ્પ (ઈન્ડિયા) લિ.એ જણાવ્યું છે કે કંપનીને ડાંગોટે પેટ્રોલિયમ રિફાઈનરી એન્ડ પેટ્રોકેમિકલ્સ, નાઈજીરિયા પાસેથી ૨,૩૬,૬૩,૮૬૦ યુએસ ડોલરનો ઓર્ડર મળ્યો છે.
- કેઈસી ઈન્ટરનેશનલ લિ.એ જણાવ્યું છે કે કંપનીના વિવિધ બિઝનેસને કુલ રૂ.૧,૩૦૩ કરોડના ઓર્ડર મળ્યા છે.
- હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા લિ.એ જણાવ્યું છે કે અત્યંત પ્રતિક્ષિત આગામી ઈન્ટેલિજન્ટ એસયુવી બેયોન ની જાહેરાત કરી છે.
- ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિ.એ ટીટાગઢ રેલ સિસ્ટમ્સ લિ. સાથે સંયુક્ત સાહસ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.
- એનબીસીસી (ઈન્ડિયા) લિ.ને આશરે રૂ.૧૪૪.૯૮ કરોડના વર્ક ઓર્ડર્સ મળ્યા છે.

| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| MANIKA PLASTECH | 11/9 | 16/9 | 40 - 43 | 348 | 14,964 |
| HERO MOTORS | 16/9 | 18/9 | 79 - 84 | 178 | 14,952 |
| JINDAL SUPREME (INDIA) | 16/9 | 18/9 | 88 - 93 | 161 | 14,973 |
| SS RETAIL | 16/9 | 18/9 | 403 - 424 | 35 | 14,840 |
| SONASELECTION INDIA | 17/9 | 21/9 | 94 - 99 | 150 | 14,850 |
| NATIONAL STOCK EXCHANGE OF INDIA | 17/9 | 21/9 | 1700 - 1785 | 8 | 14,280 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| CENTURY BUSINESS MEDIA | 11/9 | 16/9 | 70 - 74 | 3200 | 2,36,800 |
| INJECTO POLYMERS | 11/9 | 16/9 | 90 - 100 | 2400 | 2,40,000 |
| QUANTO AGROWORLD | 15/9 | 17/9 | 67 | 4000 | 2,68,000 |
| SHAKTI POLYTARP | 15/9 | 17/9 | 56 - 59 | 4000 | 2,36,000 |
| VAMA WOVENFAB | 15/9 | 17/9 | 324 - 341 | 800 | 2,72,800 |
| KHERIA AUTOCOMP | 17/9 | 21/9 | 96 - 101 | 2400 | 2,42,400 |
| SPECTRAA TECHNOLOGY SOLUTIONS | 17/9 | 21/9 | 112 - 118 | 2400 | 2,83,200 |
| AXIOM GAS ENGINEERING | 18/9 | 22/9 | 50 - 53 | 4000 | 2,12,000 |
| VIVEKANAND COTSPIN | 21/9 | 23/9 | 32 - 37 | 6000 | 2,22,000 |

DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.